રહ્યા છીએ. તમે એક અનુભવી સંસદસભ્ય છો અને તમે પોતે પ્રેસમાં હતા. 'ભાષામાં સંયમનો અર્થ શું થાય છે તે તમારે જાણવું જોઈએ,' ન્યાયાધીશ કુમારે મૌખિક રીતે અવલોકન કર્યું. SCBAના પ્રમુખ અને વરિષ્ઠ વકીલ પ્રદીપ રાયે સર્વોચ્ચ અદાલતને જણાવ્યું હતું કે, રાઉતે તેમની ટિપ્પણીઓ બદલ માફી માંગી હોવા છતાં તેમણે સુપ્રીમ કોર્ટ વિરુદ્ધ સોશિયલ મીડિયા પર પોસ્ટ કરી છે અને અલ્બેનિયાની સુપ્રીમ કોર્ટને વિરોધીઓ દ્વારા આગ લગાવવામાં આવી રહી હોવાનો ફોટો પોસ્ટ કર્યો છે. ૧૬ ઓક્ટોબરના રોજ સર્વોચ્ચ અદાલતે ભારતના મુખ્ય ન્યાયાધીશ (CJI) અને ન્યાયતંત્ર અંગેની ટિપ્પણીઓ બદલ રાઉત અને પત્રકાર નિખિલ વાગલેને ફોજદારી અવમાનના કાર્યવાહીમાં કારણદર્શક નોટિસ જારી કરી હતી. મંગળવારે સુનાવણી દરમિયાન વાગલે વતી હાજર રહેલા વરિષ્ઠ વકીલ ઇન્દિરા જયસિંહે રજૂઆત કરી હતી કે, પત્રકારે વાગલે વાંધાજનક સોશિયલ મીડિયા પોસ્ટ કાઢી નાખી છે અને આ મામલે બિનશરતી માફી માંગી છે. વરિષ્ઠ વકીલે સર્વોચ્ચ અદાલતને જણાવ્યું હતું કે, વાગલે સર્વોચ્ચ અદાલતના નિર્દેશ મુજબ વર્ચ્યુઅલ રીતે હાજર છે અને બેંચને વિનંતી કરી હતી કે, તેમને અવમાનના કાર્યવાહીમાંથી મુક્ત કરવામાં આવે.

૧૦મા ધોરણ સુધી અભ્યાસ કર્યો... રેલવે સ્ટેશન પર રાતો વિતાવી, ૭૩ વર્ષીય વ્યક્તિ હવે ૪૬,૦૦૦ કરોડ રૂપિયાના માલિક છે, ૬૫ દેશોમાં વ્યવસાય કરે છે

ભારતીય અબજોપતિ સત્યનારાયણ નુવાલ : ભારતના એક અગ્રણી અબજોપતિ સત્યનારાયણ નુવાલ આજે ૪૬,૦૦૦ કરોડ રૂપિયાથી વધુની સંપત્તિના માલિક છે, પરંતુ શરૂઆતના દિવસોમાં તેમણે રેલ્વે સ્ટેશન પર રાતો વિતાવી હતી

(એજન્સી) તા.૧૭

ભારતમાં ધનિક વ્યક્તિઓની સંખ્યા વધી રહી છે, જેમાં કેટલાક એવા લોકોનો પણ સમાવેશ થાય છે જેઓ ચીંથરામાંથી ધનિક બન્યા છે. આવા જ એક ૭૩ વર્ષીય ભારતીય અબજોપતિ સત્યનારાયણ નુવાલ છે, જેમની સફળતાની વાર્તા ખૂબ જ રસપ્રદ છે. આજે, ભારતના સૌથી ધનિક વ્યક્તિઓ માંના એક, સત્યનારાયણ નુવાલ, ફક્ત ૧૦મા ધોરણ સુધી જ અભ્યાસ કરતા હતા અને પોતાની શરૂઆતની રાતો રેલવે સ્ટેશન પર વિતાવતા હતા, પરંતુ આજે તેમના વ્યવસાયો વિશ્વભરના ૬૫ દેશોમાં ફેલાયેલા છે. ફોર્બ્સના રીઅલ-ટાઈમ બિલિયોનેર્સ ઇન્ડેક્સ અનુસાર, ૭૩ વર્ષના સત્યનારાયણ નુવાલ ભારતના સૌથી ધનિક લોકોમાંના એક છે. તેઓ સોલાર ઇન્ડસ્ટ્રીઝના સ્થાપક અને ચેરમેન છે. તેમની કુલ સંપત્તિ (સત્યનારાયણ નુવાલ નેટવર્થ) $૫.૨ બિલિયન (૪૬,૫૦૦ કરોડ રૂપિયાથી વધુ) છે. સંરક્ષણ ક્ષેત્રનું એક અગ્રણી નામ, તેમની કંપની, સોલાર ઇન્ડસ્ટ્રીઝ, સંરક્ષણ દળો માટે વિસ્ફોટકો બનાવવા માટે સરકાર તરફથી લાઇસન્સ મેળવનાર પ્રથમ ખાનગી ભારતીય કંપની હતી. કંપનીનું બજાર મૂડીકરણ ૧.૦૮ લાખ કરોડ રૂપિયા છે. ગયા શુક્રવારે, સોલાર ઇન્ડસ્ટ્રીઝના શેર ૧.૪૩% વધીને ૧૧,૯૪૦ રૂપિયા પર બંધ થયા. આજે, દેશના સૌથી ધનિક લોકોમાંના એક, સત્યનારાયણ નુવાલ, સખત મહેનત દ્વારા આ સંપત્તિ પ્રાપ્ત કરી છે. રાજસ્થાનના ભીલવાડામાં એક સામાન્ય પરિવારમાં જન્મેલા, સત્યનારાયણે આ પદ સુધી પહોંચવા માટે અનેક સંઘર્ષોનો સામનો કરવો પડ્યો. નાણાકીય મુશ્કેલીઓનો અર્થ એ હતો કે તેમને ૧૦મા ધોરણથી આગળ ઉચ્ચ શિક્ષણ મેળવવાની તક મળી નહીં. ૧૯ વર્ષની નાની ઉંમરે તેમના લગ્નથી જવાબદારીઓનો બોજ વધ્યો. જોકે, નુવાલે બધા પડકારોનો સામનો કરવાની અને લડ્યા વિના



ક્યારેય હાર ન માનવાની આદત બનાવી. તેમણે કહ્યું, 'સંઘર્ષના આ દિવસોમાં, મેં ક્યારેય મારો આત્મવિશ્વાસ ગુમાવ્યો નહીં, મેં ક્યારેય નિરાશ થયો નહીં.' મારા પરિવારને આર્થિક રીતે ટેકો આપવા માટે, તેમણે પોતાનું ઘર છોડવાનું નક્કી કર્યું. તે જ સમયે ગરીબી અને સમૃદ્ધિની તેમની રસપ્રદ વાર્તા શરૂ થઈ. ફોર્બ્સ સાથેના અગાઉના ઇન્ટરવ્યુમાં, તેમણે તેમના સામનો કરેલા પડકારોનું વર્ણન કર્યું. સત્યનારાયણ નુવાલે કહ્યું, જ્યારે તેઓ કામની શોધમાં ઘરેથી નીકળ્યા, ત્યારે તેઓ રહેવાનું પણ પોસાય તેમ ન હતું અને રેલવે સ્ટેશનો પર રાત વિતાવી. તેમણે કહ્યું કે તેમણે ઘણા નાના વ્યવસાયો અજમાવ્યા પરંતુ કોઈ સફળતા મળી નહીં. આમાં ફાઉન્ટેન પેન માટે શાહીનું ઉત્પાદન, લીઝિંગ અને પરિવહનનો સમાવેશ થાય છે. ૧૯૭૬થી ૧૯૭૭ દરમિયાન વિવિધ વ્યવસાયોમાં હાથ અજમાવ્યા પછી, નુવાલ એક સંબંધી સાથે કામ કરવા માટે મહારાષ્ટ્રના ચંદ્રપુર ગયા. ત્યાં, તેઓ અબ્દુલ સત્તાર અલ્લાહ ભાઈને મળ્યા, જેમની પાસે વિસ્ફોટકોનું લાઇસન્સ હતું અને તેઓ વિસ્ફોટકોનો ડેપો ધરાવતા હતા. નુવાલના ઇન્ટરવ્યુ મુજબ, તેમણે દારૂગોળો ડેપો ૧૦૦૦ રૂપિયા પ્રતિ માસ ભાડે આપવાનો સોદો કર્યો. પરંતુ ભાડું પણ ખૂબ વધારે હતું, તેથી અબ્દુલ સત્તારે કહ્યું, 'ચિંતા ના કર દીકરા, તું મને દર ત્રણ મહિને એક વાર ચૂકવજે.' જેમ જેમ સમય પસાર થતો ગયો, નુવાલનો વ્યવસાય ખીલ્યો અને તેમને કોલસાની ખાણોમાંથી નોંધપાત્ર ઓર્ડર મળવા લાગ્યા. ૧૯૮૪ સુધીમાં, તેમણે પોતાનો વ્યવસાય વિસ્તાર્યો અને કન્સાઇનમેન્ટ એજન્ટ તરીકે કામ કરવાનું શરૂ કર્યું અને ૧૯૯૦ના દાયકા સુધીમાં, તેઓ એક મુખ્ય વિસ્ફોટકો ડીલર બની ગયા. ૧૯૯૦નો દાયકો તેમના માટે એક વળાંક સાબિત થયો અને ૧૯૯૫માં, આ ક્ષેત્રમાં તેમના વ્યાપક અનુભવનો ઉપયોગ કરીને, સત્યનારાયણ નુવાલે પોતાની કંપની બનાવી. તેમણે રૂ.૬૦ લાખની બેંક લોન મેળવી. લાઇસન્સ મેળવ્યા પછી, તેમનો વ્યવસાય સતત વધતો ગયો અને તેમની સંપત્તિ આસમાને પહોંચી ગઈ. ૨૦૦૬ સુધીમાં, કંપનીએ સ્ટોક એક્સચેન્જમાં લિસ્ટ થવાનું નક્કી કર્યું, જેનું ટર્નઓવર લગભગ રૂ.૭૮ કરોડ હતું. ૨૦૧૦ સુધીમાં, સોલાર ઇન્ડસ્ટ્રીઝ ભારતના સંરક્ષણ દળો માટે યુદ્ધ શસ્ત્રો માટે વિસ્ફોટકો બનાવવા માટે સરકારી લાઇસન્સ મેળવનાર પ્રથમ ખાનગી કંપની બની.



ચિઠોડાની ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલાયો ફરિયાદીનો નાનો ભાઈ જ ઝડપાયો



(સંવાદદાતા દ્વારા)
હિંમતનગર, તા.૧૭

સાબરકાંઠા જિલ્લાના ચિઠોડા પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલા દલપતપુરા ગામે ઘરફોડ ચોરીના બનાવનો ભેદ ઉકેલવામાં લોકલ કાઈમ બ્રાન્ચ (એલસીબી)ને સફળતા મળી છે. જેમાં પરિવારના જ સભ્યની સંડોવણી સામે આવી હતી. પોલીસે ફરિયાદીના નાના ભાઈ સિદ્ધરાજકુમાર ઘોઘરાની પૂછપરછ કરતાં સમગ્ર ચોરીનો ભેદ ઉકેલાયો હતો. પોલીસે ૧૦૦ ટકા મુદ્દામાલ કબજે કર્યો છે. પ્રાપ્ત વિગતો મુજબ, દલપતપુરા ગામના સુનીલકુમાર વિનોદભાઈ ઘોઘરાના ઘરે ગત ૨૬ ઓક્ટોબરના રોજ ઘરફોડ ચોરીનો બનાવ બન્યો હતો. આ અંગે સ્થાનિક પોલીસ અને સાબરકાંઠા એલસીબી દ્વારા તપાસ હાથ ધરવામાં આવી હતી. પોલીસે સીસીટીવી ફૂટેજ, ટેકનિકલ સર્વેલન્સ અને હ્યુમન ઈન્ટેલિજન્સની મદદથી તપાસ આગળ ધપાવી હતી. દરમિયાન ફરિયાદીના નાના ભાઈ સિદ્ધરાજકુમાર પર શંકા જતાં એલસીબી દ્વારા તેની યુક્તિપૂર્વક પૂછપરછ કરવામાં આવી હતી. જેમાં ચોરીના મુદ્દામાલ અંગે માહિતી મળતાં પોલીસે ઘરની નજીક આવેલા પાણીના વેરા પાસે આંબાના ઝાડ નીચેથી દાગીના અને રોકડ કબજે કર્યા હતા. પોલીસે સોનાના દાગીના તેમજ રૂા. ૫૦ હજાર રોકડ સહિત કુલ રૂા. ૫,૫૯,૩૦૦નો મુદ્દામાલ રિકવર કર્યો છે. આમ, ચિઠોડા પોલીસ સ્ટેશન વિસ્તારમાં નોંધાયેલા ઘરફોડ ચોરીના ગુનામાં ૧૦૦ ટકા મુદ્દામાલ રિકવર કરી એલસીબીએ સફળતા મેળવી છે. પોલીસે આરોપીને કોર્ટ સમક્ષ રજૂ કર્યો છે અને સમગ્ર મામલે વધુ તપાસ હાથ ધરી છે.

અંજારમાં રઘુવંશી બાઈક રેલી અને રક્તદાન કેમ્પ યોજાયો



(તસવીર : દિનેશ દૈયા, અંજાર)

(સંવાદદાતા દ્વારા)
અંજાર, તા.૧૭

જલારામ જયંતી નિમિત્તે અંજાર લોહાણા મહાજન પ્રેરિત અંજાર લોહાણા યુવક મંડળ અને યુવતી મંડળ દ્વારા વિવિધ ધાર્મિક, સામાજિક અને સેવાકીય કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. અંજાર લોહાણા મહાજનવાડી ખાતે મહા રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી, અંજાર તાલુકા શાખા તથા દીપક મધુકાન્ત વ્યાસ પરિવાર બ્લડ સેન્ટરના સહયોગથી રક્તદાનની વ્યવસ્થા કરવામાં આવી હતી. આ પ્રસંગે ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી અંજાર તાલુકાના ચેરમેન વસંતભાઈ કોડરાણી, અંજાર લોહાણા મહાજનના અધ્યક્ષ પીન્ટુભાઈ ચંદે, હોદ્દેદારઓ તથા ટ્રસ્ટીઓ, સેવાભાવી મેડિકલ સ્ટાફ તથા બહોળી સંખ્યામાં જ્ઞાતિજનો ઉપસ્થિત રહ્યા હતા. અંજાર લોહાણા યુવક મંડળ દ્વારા તૈયાર કરાયેલી જલારામ બાપાની નૂતન પ્રતિમાનું સ્વામિનારાયણ મંદિરના સંતોના હસ્તે અનાવરણ આવ્યું હતું. ત્યારબાદ સ્વામિનારાયણ મંદિર, અંજાર ખાતેથી રઘુવંશી બાઈક રેલીનું પ્રસ્થાન કરાયું હતું. સાંજે અંજાર લોહાણા મહાજનવાડી ખાતે જલારામ બાપાની મહાઆરતીનું આયોજન રાખવામાં આવ્યું હતું, આરતી બાદ યોજાયેલ મહાપ્રસાદના દાતા નવીનભાઈ નરભેરામભાઈ પુજારા પરિવાર રહ્યા હતા.

વડોદરાની નંદેસરી GIDCની ફાર્માસ્યુટિકલ કંપનીમાં આણંદના યુવકનું કરૂણ મોત

મૃતકના પરિવારજનોએ મૃતદેહ સ્વીકારવાનો ઈન્કાર કર્યો : યોગ્ય વળતર અને ન્યાયની માંગ સાથે કંપનીના ગેટ પર મૃતદેહ લઈ વિરોધ કરવાની ચીમકી

(સંવાદદાતા દ્વારા)
વડોદરા, તા.૧૭

વડોદરા નજીક આવેલી નંદેસરી GIDCની ફાર્માસ્યુટિકલ કંપનીમાં ફરજ બજાવતા આણંદ જિલ્લાના એક યુવકનું અગમ્ય સંજોગોમાં મોત થતાં ચકચાર મચી ગઈ છે. આ ઘટનાને પગલે મૃતકના પરિવારજનોમાં ભારે શોક અને રોષની લાગણી જોવા મળી રહી છે. બીજી તરફ, પરિવારજનોએ જ્યાં સુધી યોગ્ય વળતર અને ન્યાય નહીં મળે ત્યાં સુધી મૃતદેહ સ્વીકારવાનો ઈનકાર કર્યો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, આણંદ જિલ્લાના ભેટાસી ગામના વતની વિક્રમસિંહ જયંતીભાઈ પરમાર નંદેસરી GIDC સ્થિત ફાર્મસન ફાર્માસ્યુટિકલ કંપનીમાં નોકરી કરતા હતા. કંપનીમાં કામગીરી દરમિયાન અગમ્ય સંજોગોમાં તેમનું મોત નીપજ્યું હતું.

યુવકના મોત બાદ મૃતદેહને વડોદરાની એસ.એસ.જી. હોસ્પિટલ ખાતે લાવવામાં આવ્યો હતો. ઘટનાની જાણ થતાં પરિવારજનો, મિત્રો અને ભેટાસી ગામના ગ્રામજનો મોટી સંખ્યામાં હોસ્પિટલ ખાતે પહોંચ્યા હતા. પરિવારના યુવાન પુત્રના અચાનક મોતથી સ્વજનોમાં ભારે આક્રંદ જોવા મળ્યો હતો.

આ દરમિયાન કરણી સેનાના યુવા અધ્યક્ષ લખન દરબાર પણ પોતાના સમર્થકો સાથે હોસ્પિટલ ખાતે પહોંચ્યા હતા અને પરિવારને સાંત્વના પાઠવી ન્યાય અપાવવાની ખાતરી આપી હતી.

મૃતકના પરિવારજનો અને સામાજિક આગેવાનોએ કંપની મેનેજમેન્ટ સામે નારાજગી વ્યક્ત કરી આ સમગ્ર બનાવની તટસ્થ અને ઊંડાણપૂર્વક તપાસ કરવામાં આવે તેમજ મૃતકના પરિવારને યોગ્ય અને સન્માનજનક આર્થિક વળતર ચૂકવવામાં આવે તેવી માગ કરી છે. પરિવારજનો અને આગેવાનોએ સ્પષ્ટ ચીમકી આપી છે કે જો કંપની દ્વારા યોગ્ય વળતર આપવામાં નહીં આવે તો મૃતકનો મૃતદેહ કંપનીના મુખ્ય ગેટ પર લઈ જઈ ઉગ્ર વિરોધ પ્રદર્શન કરવામાં આવશે.

આ બનાવને પગલે ઔદ્યોગિક એકમોમાં કામ કરતા શ્રમિકો અને કર્મચારીઓની સુરક્ષા વ્યવસ્થાને લઈને પણ સવાલો ઊભા થયા છે. કંપનીમાં કામદારોની સલામતી માટે જરૂરી નિયમો અને સુરક્ષાનાં સાધનોનું યોગ્ય પાલન થાય છે કે નહીં તેની તપાસ કરવાની માગ ઉઠી છે.

મહીસાગર જિલ્લાના મોટા સોનેલા ખાતે 'પ્રબુદ્ધ નાગરિક સંમેલન' યોજાયું



(તસવીર : ચિરાગ પંચાલ, લુણાવાડા)

ભગવાન બિરસા મુંડાની ૧૫૧મી જન્મ જયંતી નિમિત્તે 'જનજાતિય ગૌરવ સપ્તાહ'ની ઉજવણી અંતર્ગત લુણાવાડા તાલુકા મોટા સોનેલા સ્થિત ડો.બાબાસાહેબ આંબેડકર ભવન ખાતે 'પ્રબુદ્ધ નાગરિક સંમેલન' યોજાયું હતું. આ કાર્યક્રમ રાજ્યના કૃષિ અને ખેડૂત કલ્યાણ, સહકાર, પશુપાલન અને ગૌસંવર્ધન મંત્રી રમેશભાઈ કટારાના અધ્યક્ષતામાં સંપન્ન થયો હતો.

આ પ્રસંગે મંત્રી રમેશભાઈ કટારાએ જણાવ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં વર્ષ ૨૦૨૧થી દેશભરમાં ભગવાન બિરસા મુંડાની જન્મજયંતીની ભવ્ય ઉજવણી શરૂ કરવામાં આવી છે. જેથી આવનારી પેઢી આ મહાન ક્રાંતિકારીના બલિદાન અને સંઘર્ષને યાદ રાખે. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે આદિવાસી સમાજના સર્વાંગી વિકાસ અને સમૃદ્ધિ માટે સરકાર સતત કટિબદ્ધ છે.

જિલ્લા પંચાયત પ્રમુખ કલ્પનાબેન પુવાર, મહેમદાવાદ ધારાસભ્ય અર્જુનસિંહ ચૌહાણ અને સંતરામપુર ધારાસભ્ય કુબેરભાઈ ડીંડોરે પ્રાસંગિક ઉદ્બોધન કર્યું હતું. આ કાર્યક્રમમાં જિલ્લા વિકાસ અધિકારી યુવરાજ સિદ્ધાર્થ, નિવાસી અધિક કલેકટર સી.વી. લટા, અગ્રણી દશરથભાઈ બારિયા વગેરે હાજર રહ્યા હતા.

ભાભરની વજાપુર માઈનોર કેનાલ ઓવરફ્લો થતાં ખેતરો જળમગ્ન

(સંવાદદાતા દ્વારા) ડીસા, તા.૧૭

ભાભર તાલુકાના વજાપુર ગામની સીમમાંથી પસાર થતી વજાપુર માઈનોર કેનાલ વારંવાર ઓવરફ્લો થતી હોવાના ખેડૂતોએ આક્ષેપ કર્યા છે. આ વિસ્તારના ખેડૂતોએ જણાવ્યું હતું કે અમોએ કેનાલના ગેટમેન સહિત જવાબદાર નર્મદા વિભાગ અધિકારીઓને વારંવાર રજૂઆતો કરી જણાવ્યું હતું કે અમારા ખેતરોમાંથી પસાર થતી કેનાલનો ભાગ નીચો હોવાથી કેનાલ સાંકડી તેમજ સફાઈના અભાવે વારંવાર અહીં કેનાલ ઓવરફ્લો થતાં ખેતરોમાં પાણી ભરાઈ જાય છે. સોમવારની રાત્રે કેનાલ ઓવરફ્લો થતાં પાણી દિવેલાના ઉભા પાક તેમજ આજુબાજુના ખેતરમાં ભરાઈ જતાં હવે વાવેતર કઈ રીતે કરવું ? તે મોટો સવાલ ઉભો થયો છે. ચોમાસું સિઝન તો નિષ્ફળ ગઈ પરંતુ શિયાળુ સિઝન પણ નર્મદા વિભાગના જવાબદાર તંત્રના પાપે નિષ્ફળ જવાની ભિતિ સેવાઈ રહી છે. સત્વરે યોગ્ય ઘટતુ કરીને કેનાલની હાઈટ વધારવામાં આવે તેવી ખેડૂતો માંગ કરી રહ્યા છે.

વડોદરાના મચ્છીપીઠમાં ગંદકી મુદ્દે પાંચ દુકાનોને પાલિકા તંત્ર દ્વારા સીલ કરાઈ

(સંવાદદાતા દ્વારા)વડોદરા, તા.૧૭

વડોદરા શહેરમાં સ્વચ્છતા જાળવવા અને જાહેર સ્થળોએ ગંદકી ફેલાવતા લોકો સામે કાર્યવાહી કરવા વડોદરા મહાનગરપાલિકા દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે. ત્યારે શહેરના મચ્છીપીઠ વિસ્તારમાં ગંદકી મુદ્દે પ દુકાનો સામે તંત્રએ સીલ મારી દેતા ભારે ઉત્તેજના વ્યાપી ગઈ હતી. મળતી માહિતી મુજબ, મચ્છીપીઠ વિસ્તારમાં હાથ ધરવામાં આવેલી ચેકિંગની કામગીરી દરમિયાન ગંદકી મુદ્દે પાંચ દુકાનોને તંત્ર દ્વારા સીલ કરવામાં આવી છે. દુકાનોની આસપાસ ગંદકી રાખતા અને સ્વચ્છતાના નિયમોનું પાલન નહીં કરતા વેપારીઓ સામે આ કાર્યવાહી કરવામાં આવી હોવાનું જાણવા મળે છે. દુકાનો સીલ કરવાની સાથે સંબંધિત વેપારીઓ પાસેથી નિયમ મુજબ દંડ પણ વસૂલવામાં આવશે. તંત્રની આ કાર્યવાહીથી વિસ્તારમાં ગંદકી ફેલાવતા વેપારીઓમાં ફફડાટ ફેલાયો છે. મહાનગરપાલિકા દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે શહેરમાં સ્વચ્છતા જાળવવા માટે આગામી દિવસોમાં પણ વિવિધ વિસ્તારોમાં સરપ્રાઈઝ ચેકિંગ હાથ ધરવામાં આવશે. જે વેપારીઓ પોતાની દુકાનની આસપાસ ગંદકી ફેલાવશે અથવા સ્વચ્છતાના નિયમોનું ઉલ્લંઘન કરશે તેમની સામે દંડાત્મક કાર્યવાહી કરવાની સાથે દુકાનો સીલ કરવાની કાર્યવાહી પણ કરવામાં આવશે.

ફૈયાજ મલિક અને નકીબ મલિક રિનાઉન્ડ શૂટર બન્યા

નેશનલ શૂટિંગ સ્પર્ધામાં દસાડાના પિતા-પુત્રની જોડીએ ડંકો વગાડ્યો





(સંવાદદાતા દ્વારા) સુરેન્દ્રનગર, તા.૧૭

સુરેન્દ્રનગર જિલ્લાના દસાડાનો ૧૩ વર્ષનો પુત્ર દિલ્હી ખાતે નેશનલ શૂટિંગ સ્પર્ધામા રિનાઉન્ડ શૂટર બન્યો છે. જ્યારે એના પિતા સિનિયર કેટેગરીમા પાંચમી વખત રિનાઉન્ડ શૂટર બની ઈતિહાસ રચ્યો છે. આ બંને પિતા-પુત્રની જોડી આવતા વર્ષે નેશનલ સ્પર્ધામાં ભાગ લેવા જશે, ત્યારે ખોબા જેવડા દસાડાના આ પિતા પુત્રની જોડીએ શૂટિંગ સ્પર્ધામા નેશનલ લેવલે ડંકો વગાડ્યો છે. દિલ્હી ખાતે યોજાયેલી આ નેશનલ શૂટિંગ સ્પર્ધામા ૧૩ વર્ષના નકિબ મલિકે યુથ કેટેગરીમા ૧૨૫માંથી ૬૩ પોઈન્ટ પ્રાપ્ત કરી રિનાઉન્ડ શૂટર બની આગામી નેશનલ શૂટિંગ સ્પર્ધા માટે ક્વોલિફાય થઈ નામના મેળવી છે. જ્યારે એના પિતા ફૈયાજ મલિકે પણ આ જ શૂટિંગ સ્પર્ધામા સિનિયર કેટેગરીમા ૧૨૫માંથી ૧૦૦ પોઈન્ટ મેળવી પાંચમી વખત રિનાઉન્ડ શૂટર બની આગામી નેશનલ શૂટિંગ સ્પર્ધા માટે ક્વોલિફાય થઈ ઈતિહાસ રચ્યો છે. આ બંને પિતા-પુત્રની જોડી આવતા વર્ષે નેશનલ સ્પર્ધામા ભાગ લેવા જશે. અગાઉ દસાડા ગામના બખ્તયારૂદ્દિન મલિક, એની બહેન ઝુવેરીયા મલિક, દસાડાના અયુબખાન ખોખર, એમની દિકરી ઝુવેરીયા ખોખર, દીકરા ઝીશાનખાન ખોખરે અત્યાર સુધીમાં નેશનલ શૂટિંગ સ્પર્ધામા અનેકો મેડલ મેળવ્યા છે. ત્યારે દસાડાના જ આ પિતા-પુત્રની જોડીએ નેશનલ શૂટિંગ સ્પર્ધામા એકસાથે રિનાઉન્ડ શૂટર બની ઈતિહાસ રચી દીધો છે. ત્યારે સુરેન્દ્રનગર જિલ્લાનું ખોબા જેવડું દસાડા ગામ નેશનલ શૂટરોનું હબ બનવા પામ્યું છે.

વડોદરામાં યુસુફ પઠાણને ૯૭૮ ચોરસ મીટરનો કિંમતી પ્લોટ ફાળવવાના મુદ્દે રાજકારણ ગરમાયું

કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાએ ભાજપ સરકાર પર બેવડા ધોરણો અપનાવવાનો આક્ષેપ કર્યો

(સંવાદદાતા દ્વારા)વડોદરા, તા.૧૭

વડોદરાના પૂર્વ ભારતીય ક્રિકેટર અને સાંસદ યુસુફ પઠાણને તાંદલજા વિસ્તારમાં કરોડો રૂપિયાની સરકારી જમીન ફાળવવાના મુદ્દે રાજકીય વિવાદ વકર્યો છે. આ મામલે ગુજરાત કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાએ ભાજપ સરકાર પર આકરા પ્રહારો કર્યા છે. તેમણે કટાક્ષ કરતાં કહ્યું કે, ભાજપના વોશિંગ મશીનમાં દાખલ થતાં જ બધાં પાપ ધોવાઈ ગયાં છે. અગાઉ ભાજપની વિરુદ્ધમાં હતા ત્યારે જમીન ખાલી કરવાની નોટિસ આપવામાં આવી હતી અને હવે રાજકીય સમીકરણ બદલાતાં કરોડોની જમીન રાહતદરે કે ભેટમાં આપવાની તૈયારી કરવામાં આવે છે. આ જમીન જમીન પરના કથિત દબાણ મામલે નોટિસ આપવામાં આવી હતી. જૂન ૨૦૨૪માં જમીન ખાલી કરવા અંગે નોટિસ પાઠવવામાં આવી હતી. હવે રાજકીય પરિસ્થિતિ બદલાયા બાદ એ જ જમીન ભેટમાં આપવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી રહી છે. તેમણે સવાલ ઉઠાવ્યો હતો કે સામાન્ય નાગરિકો અને ગરીબ પરિવારોને સરકારી જમીન કે પ્લોટ મેળવવા માટે સરકારી કચેરીઓના ધક્કા ખાવા પડે છે, જ્યારે કરોડપતિ લોકોને કરોડોની જમીન રાહતદરે કે ભેટમાં આપવાની તૈયારી કરવામાં આવે છે. આ જમીન ફાળવણીની દરખાસ્તને વડોદરા મહાનગરપાલિકાની ભાજપ શાસિત સ્થાયી સમિતિએ ૨૩ ઓક્ટોબરના રોજ મંજૂરી આપી હતી. હવે ૧૮ નવેમ્બરે મળનારી મહાનગરપાલિકાની સામાન્ય સભામાં આ દરખાસ્ત ચર્ચા અને મંજૂરી માટે રજૂ થવાની છે. ઉલ્લેખનીય છે કે, હવે યુસુફ પઠાણને જમીન ફાળવવાના મુદ્દે ૧૮ નવેમ્બરની સામાન્ય સભા પર સૌની નજર રહેશે. કોંગ્રેસના વિરોધ અને ભાજપના શાસકોના વલણ વચ્ચે આ દરખાસ્તને આખરે કેટલી મંજૂરી મળે છે તે જોવું રહ્યું.

રાત્રે અને વહેલી સવારે ફૂલગુલાબી ઠંડીનો અહેસાસ

વડોદરામાં લઘુત્તમ તાપમાનમાં ઘટાડો : ૧૯.૬ ડિગ્રી નોંધાયું

(સંવાદદાતા દ્વારા)
વડોદરા, તા.૧૭

વડોદરા શહેરમાં ધીમે ધીમે શિયાળાની શરૂઆત થઈ રહી છે. છેલ્લા કેટલાક દિવસોથી વાતાવરણમાં બદલાવ જોવા મળી રહ્યો છે, ત્યારે વડોદરામાં લઘુત્તમ તાપમાન ૧૯.૬ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું છે. તાપમાનમાં ઘટાડાને કારણે રાત્રિના સમયે અને ખાસ કરીને વહેલી સવારે નાગરિકોને ફૂલગુલાબી ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે. નવેમ્બર મહિનાના મધ્યભાગથી વાતાવરણમાં ઠંડકનો અહેસાસ વધવા લાગ્યો છે. મોડી રાત્રે અને વહેલી સવારે ઘરની બહાર નીકળતા લોકોને હળવી ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે. ખાસ કરીને મોર્નિંગ વોક માટે નીકળતા લોકો અને વહેલી સવારે કામકાજ માટે જતા નાગરિકો ઠંડકનો આનંદ માણી રહ્યા છે. હવામાન વિભાગના સત્તાવાર આંકડા મુજબ, ૧૭ નવેમ્બરના રોજ વડોદરાનું લઘુત્તમ તાપમાન ૧૯.૬ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. જ્યારે દિવસ દરમિયાન મહત્તમ તાપમાન ૩૫ ડિગ્રીની આસપાસ રહેવાની આગાહી છે. એટલે કે દિવસ દરમિયાન ગરમી અને રાત્રે ઠંડક એમ બેવડી ઋતુનો અનુભવ થઈ રહ્યો છે.

જંબુસરના દેણવા-ડોલિયાના નવા બ્રિજમાં ૧૦૦ દિવસમાં જ તિરાડો પડતાં ગુણવત્તા સામે કોંગ્રેસના સવાલ

પગલા નહીં લેવાય તો હાઈકોર્ટમાં ધા નાખવા મકવાણાની ચીમકી



(સંવાદદાતા દ્વારા)
જંબુસર, તા.૧૭

દેણવા-ડોલિયાના નવિન બ્રિજની માજી ધારાસભ્ય કિરણભાઈ મકવાણા તથા આમોદ તાલુકા કોંગ્રેસ પ્રમુખ નરેન્દ્રભાઈ કાજીએ મુલાકાત લેતા ત્યાં ૧૦૦ દિવસની અંદર મોટી તિરાડો પડેલી જોવા મળી હતી. મુલાકાત દરમિયાન માજી ધારાસભ્ય કિરણભાઈ મકવાણા જણાવે છે કે આ બ્રિજ ભાર દાર વાહનો માટેના ઉપયોગ માટે બનાવવામાં આવ્યો હતો. જંબુસરથી ડોલીયા થઈ દેણવા થઈ દહેજ જવા માટે આ રસ્તો સરળ રહે છે. વેપારીઓની માંગ છે કે આ બ્રિજ પર ભારદારી વાહન ચાલુ થાય તો વેપારીઓને ઘણો ફાયદો થઈ શકે છે. આ માત્ર ફોરવીલર માટે ખુલ્લો મુકવામાં આવ્યો છે હજુ તો ભારદારી વાહન એક પણ જવા પામ્યો નથી અને આ બ્રિજની આ હાલત છે તો ભારદારી વાહન ચાલુ થાય તો આ બ્રિજને નુકસાન થાય તેવું લાગી રહ્યું છે. જંબુસરના ધારાસભ્ય દેવ કિશોર સ્વામીએ આ બ્રિજનું ૧૦૦ દિવસ પહેલા લોકાર્પણ કર્યું હતું અને ૧૦૦ દિવસની અંદર જ આ બ્રિજને મોટી મોટી તિરાડો પડી ગઈ છે. કરોડો રૂપિયાના ખર્ચે બનાવેલો આ બ્રિજમાં હલકી ગુણવત્તાવાળું મટીરીયલ વાપરવાના કારણે આ બ્રિજની હાલત થઈ છે ? તેવો પ્રશ્ન કર્યો છે. માજી ધારાસભ્ય કિરણભાઈ મકવાણા આ બ્રિજ માટે પગલાં લેવામાં નહીં આવે તો હાઈકોર્ટ માં પી.આઈ.એલ. દાખલ કરવાનું જણાવે છે.

લાખોની આવક છતાં કબીરવડનો વિકાસ કેમ નહીં ? : સંત સમાજમાં નારાજગી



ભરૂચ, તા.૧૭

ભરૂચ તાલુકાના કબીરવડ વિકાસથી વંચિત તથા ગંદકીનું સામ્રાજ્ય કબીરવડ એ ભરૂચની ઓળખ સમા અને કબીરવડ ખાતે સમગ્ર ગુજરાતજ નહીં પણ અન્ય સ્ટેટમાંથી પણ ખૂબજ મોટી સંખ્યામાં લોકો અહીં આવતા હોય છે, પરંતુ અહીં સાફ-સફાઈના અભાવે ગંદકીનું સામ્રાજ્ય જોવા મળી રહ્યું છે. તદ ઉપરાંત અહીં આવતા લોકોને જાહેર શૌચાલય ન હોવાના કારણે તેઓને ભારે મુશ્કેલી પડી રહે છે. તદ ઉપરાંત આવનાર તારીખ ૨૨ ૨૩ અને ૨૪ ત્રણ દિવસ કબીરવડ ખાતે ભવ્ય સંત સમાગમ મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં તા.૨૪-૧૧-૨૦૨૬ના રોજ કબીરવડ ખાતે સંત સમાગમ મેળામાં પ્રદક્ષિણા તથા આરતીનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં ખૂબ જ મોતી સંખ્યામાં કબીર સંપ્રદાયના સાધુ સંતો અને અન્ય લોકો પણ ખૂબ જ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેશે શ્રી ૧૦૦૮ ગુરુચરણ દાસ સાહેબ દ્વારા જાહેર અપીલ કરવામાં આવી છે કે કબીરવડની યોગ્ય સાફ-સફાઈ કરવામાં આવે અને અહીં જાહેર શૌચાલય યોગ્ય રીતે ફાળવણી કરવામાં આવે જેથી અહીં આવતા લોકોને કોઈ જ પ્રકારની અગવડ ન પડે તદ ઉપરાંત કપિરાજો માટે પણ યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે તેવી સાધુ સંત સમાજે માંગ કરી છે.

સેવ વાઈલ્ડલાઈફ ટ્રસ્ટ અને વન વિભાગની સંયુક્ત કામગીરી

વડોદરામાં ૧૨ ફૂટના મહાકાય મગરનું સફળ રેસ્ક્યુ : સ્થાનિકોમાં ભય

(સંવાદદાતા દ્વારા)
વડોદરા, તા.૧૭

વડોદરા શહેરના જાંબુવા વિસ્તારમાં ૧૨ ફૂટનો મહાકાય મગર રસ્તા પર આવી ચઢતાં સ્થાનિક રહીશોમાં ચિંતા અને ફફડાટનો માહોલ સર્જાયો હતો. જોકે, સેવ વાઈલ્ડલાઈફ ટ્રસ્ટની રેસ્ક્યૂ ટીમે વન વિભાગની મદદથી મગરનું સફળતાપૂર્વક રેસ્ક્યૂ કરી તેને સુરક્ષિત કુદરતી રહેઠાણમાં મુક્ત કરતાં સ્થાનિકોએ રાહતનો શ્વાસ લીધો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર, ગોકુલ રુપ્લેક્સના પાછળના ગેટ પાસે આવેલા રસ્તા પર સાંજે આશરે ૭:૩૦ વાગ્યાના અરસામાં વિશાળકાય મગર જોવા મળ્યો હતો. આ અંગે સોસાયટીના રહીશો દ્વારા સેવ વાઈલ્ડલાઈફ ટ્રસ્ટની હેલ્પલાઈન પર જાણ કરવામાં આવી હતી. ઘટનાની જાણ થતાં જ સેવ વાઈલ્ડલાઈફ ટ્રસ્ટના સ્વયંસેવકોની રેસ્ક્યૂ ટીમ તાત્કાલિક સ્થળ પર દોડી આવી હતી. સ્થળ પર પહોંચેલી ટીમે તપાસ કરતાં આશરે ૧૧થી ૧૨ ફૂટ લાંબો મહાકાય મગર જોવા મળ્યો હતો. દરમિયાન, આ અંગે વન વિભાગના અધિકારી જિગ્નેશભાઈને જાણ કરવામાં આવી હતી. ત્યારબાદ વન વિભાગના સહયોગ અને તેમની હાજરીમાં રેસ્ક્યૂ ટીમે ભારે સાવચેતી સાથે મગરને સુરક્ષિત રીતે પાસે આવેલા રસ્તા પર સાંજે આશરે ૭:૩૦ વાગ્યાના અરસામાં વિશાળકાય મગર જોવા મળ્યો હતો. આ અંગે સોસાયટીના રહીશો દ્વારા સેવ વાઈલ્ડલાઈફ ટ્રસ્ટની હેલ્પલાઈન પર જાણ કરવામાં આવી હતી. ઘટનાની જાણ થતાં જ સેવ વાઈલ્ડલાઈફ ટ્રસ્ટના સ્વયંસેવકોની રેસ્ક્યૂ ટીમ તાત્કાલિક સ્થળ પર દોડી આવી હતી. સ્થળ પર પહોંચેલી ટીમે તપાસ કરતાં આશરે ૧૧થી ૧૨ ફૂટ લાંબો મહાકાય મગર જોવા મળ્યો હતો. દરમિયાન, આ અંગે વન વિભાગના અધિકારી જિગ્નેશભાઈને જાણ કરવામાં આવી હતી. ત્યારબાદ વન વિભાગના સહયોગ અને તેમની હાજરીમાં રેસ્ક્યૂ ટીમે ભારે સાવચેતી સાથે મગરને સુરક્ષિત રીતે પકડી લીધો હતો. રેસ્ક્યૂ ઓપરેશન પૂર્ણ થયા બાદ વન વિભાગના માર્ગદર્શન હેઠળ મગરને યોગ્ય કુદરતી રહેઠાણ વિસ્તારમાં સુરક્ષિત રીતે મુક્ત કરવામાં આવ્યો હતો.

દિવાળીના વેકેશનના કારણે અડધુ સુરત ખાલી છતાં એક્યુઆઈ ૧૭૫ નોંધાયો !

કારખાના, મીલો, બાંધકામ સાઈટો બંધ અને વાહનોની સંખ્યા ઘટી ગઈ પણ સુરતની પ્રદૂષિત હવામાં સુધારો થયો નહીં

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૧૭

સુરત શહેરમાં હાલ વેકેશનના કારણે મોટાભાગના પરપ્રાંતીય શ્રમિકો વતન જતા રહ્યા છે. બીજી તરફ અનેક ટેક્સટાઈલ અને અન્ય ઔદ્યોગિક એકમો બંધ હોવાથી તેમજ બાંધકામ સાઈટો પર પણ કામકાજ બંધ અથવા મર્યાદિત હોવાથી શહેરમાં ધૂળ-રજકણ અને વાહનોની અવરજવરમાં ઘટાડો થયો છે. આમ છતાં સુરતની હવાની ગુણવત્તામાં અપેક્ષિત સુધારો જોવા મળ્યો નથી. સુરત મહાનગરપાલિકા દ્વારા અપડેટ કરવામાં આવેલા હવાના પ્રદૂષણના આંકડા અને ખાનગી વેબસાઈટ પર દર્શાવાયેલા એર ક્વોલિટી ઈન્ડેક્સના આંકડા હવાની ગુણવત્તા અંગે ચિંતા ઊભી કરે છે. સુરત મહાનગરપાલિકાના આંકડા મુજબ શહેરમાં સલ્ફર ડાયોક્સાઈડ (SO2)નું પ્રમાણ ૧૮.૪ માઈક્રોગ્રામ પ્રતિ ઘનમીટર, નાઈટ્રોજન ઓક્સાઈડ (NOx)નું પ્રમાણ ૧૭.૦૭ અને કાર્બન મોનોક્સાઈડ (CO)નું પ્રમાણ ૨.૫૮ માઈક્રોગ્રામ પ્રતિ ઘનમીટર નોંધાયું છે. જ્યારે હવામાં રહેલા અતિસૂક્ષ્મ ધૂળકણો PM૨.૫નું પ્રમાણ ૧૧૧ અને PM10નું પ્રમાણ ૨૬૦ માઈક્રોગ્રામ પ્રતિ ઘનમીટર નોંધાયું છે. ખાસ કરીને ધૂળકણોનું આ પ્રમાણ હવાની ગુણવત્તા અંગે ચિંતાજનક સ્થિતિ દર્શાવે છે. બીજી તરફ આજે બપોરે એક ખાનગી વેબસાઈટ પર સુરતનો એર ક્વોલિટી ઈન્ડેક્સ ૧૭૫ નોંધાયો હતો. ભારતીય હવા ગુણવત્તા માપદંડ મુજબ ૧૦૧થી ૨૦૦ સુધીનો AQI મધ્યમ શ્રેણીમાં આવેછે. આ સ્તરે સામાન્ય લોકોને ખાસ અસર ન થાય, પરંતુ અસ્થમા, ફેફસાં અને હૃદયની બીમારી ધરાવતા લોકોને શ્વાસ લેવામાં તકલીફ થઈ શકે છે.સામાન્ય રીતે વાહનોના ધુમાડા, ઔદ્યોગિક એકમોમાંથી નીકળતા ઉત્સર્જન, બાંધકામની પ્રવૃત્તિઓ અને રસ્તાઓ પર ઊડતી ધૂળ હવાના પ્રદૂષણ માટે જવાબદાર હોય છે. હાલ આ પ્રવૃત્તિઓમાં ઘટાડો થયો હોવા છતાં પ્રદૂષણનું પ્રમાણ ઊંચું રહેવું ચિંતાનો વિષય છે. બાળકો, વૃદ્ધો અને શ્વસનના દર્દીઓએ ખાસ સાવચેતી રાખવાની જરૂર છે. શહેરમાં હવાની ગુણવત્તા સુધારવા માટે ધૂળ નિયંત્રણ, રસ્તાઓની નિયમિત સફાઈ અને પ્રદૂષણ ફેલાવતા સ્ત્રોતો સામે અસરકારક પગલાં લેવાની જરૂરિયાત ઊભી થઈ છે.

અંજાર ખાતે જલારામ બાપાની જન્મજયંતીની ઉજવણી

અંજાર, તા.૧૭

સંત શિરોમણી જલારામ બાપાની ૨૨૭મી જન્મજયંતીની ઉજવણી ઉત્સવ સમિતિ દ્વારા સમસ્ત લોહાણા જ્ઞાતિજનોના સહયોગથી ભક્તિભાવ સાથે કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમ દરમિયાન ભક્તિ, સેવા, સમર્પણ અને સામાજિક એકતાનો સુંદર સમન્વય જોવા મળ્યો હતો. આ ઉજવણીના મુખ્ય યજમાન તથા મહાપ્રસાદના દાતા તરીકે નવીનભાઈ નરભેરામભાઈ

B.Tech વિદ્યાર્થીઓ પાસેથી લાખોની વધારાની ફી ઉઘરાવ્યાનો આક્ષેપ

ગાંધીનગર યુનિવર્સિટી નિર્ધારિત ફી કરતાં વધુ ફી વસૂલતી હોવાની કમિટીમાં ફરિયાદ

યુનિવર્સિટીના છેલ્લા પાંચ વર્ષના ફી સંબંધિત દસ્તાવેજોની તપાસ કરવાની પણ માંગ

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર યુનિવર્સિટીમાં B.Techના વિદ્યાર્થીઓ પાસેથી ફી રેગ્યુલેટરી કમિટી (FRC) દ્વારા નક્કી કરવામાં આવેલી ફી કરતાં વધુ ફી વસૂલવામાં આવતી હોવાની ગંભીર ફરિયાદ સામે આવી છે. વિદ્યાર્થી હિત રક્ષા સમિતિ દ્વારા આ મામલે ફી કમિટી સમક્ષ લેખિત ફરિયાદ કરવામાં આવી છે. ફરિયાદમાં યુનિવર્સિટી દ્વારા વિદ્યાર્થીઓ પાસેથી નિયમ વિરુદ્ધ વધારાની ફી ઉઘરાવવામાં આવતી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે.

ફરિયાદ મુજબ, B.Tech AI અને B.Tech Computer અભ્યાસક્રમમાં નિર્ધારિત ફી કરતાં વધુ રકમ વસૂલવામાં આવી રહી છે. આ મામલે યુનિવર્સિટીના છેલ્લા પાંચ વર્ષના ફી સંબંધિત દસ્તાવેજોની તપાસ કરવાની પણ માંગ કરવામાં આવી છે. ફી કમિટી દ્વારા બંને સેમેસ્ટર એટલે કે એક શૈક્ષણિક વર્ષ માટે કુલ રૂા.૭૧,૬૬૨ ફી નિર્ધારિત કરવામાં આવી હોવાનો ફરિયાદમાં ઉલ્લેખ છે. જોકે, યુનિવર્સિટી દ્વારા અલગ-અલગ અભ્યાસક્રમમાં તેનાથી વધુ ફી લેવામાં આવતી હોવાનો આક્ષેપ છે. ફરિયાદમાં દર્શાવાયેલા આંકડા મુજબ: બી.ટેક AI માટે FRC દ્વારા રૂા.૭૧,૬૬૨ ફી નિર્ધારિત કરાઈ છે. તેની સામે રૂા.૧,૦૪,૦૦૦ વસૂલાય છે એટલે કે રૂા.૩૨,૩૩૮ વધુ લેવાય છે. જ્યારે બી.ટેક કોમ્પ્યુટરમાં પણ નિર્ધારિત ફી રૂા.૭૧,૬૬૨ની સામે રૂા.૮૨,૨૫૦ વસૂલાય છે એટલે કે રૂા.૧૦,૫૮૮ વધુ ફી વિદ્યાર્થીઓ પાસેથી વસૂલવામાં આવી રહેલ છે.

વિદ્યાર્થી હિત રક્ષા સમિતિએ ફી કમિટી સમક્ષ કરેલી ફરિયાદમાં ગાંધીનગર યુનિવર્સિટી અને અગાઉ GIT તરીકે કાર્યરત કોલેજના છેલ્લા પાંચ વર્ષના ફી સંબંધિત દસ્તાવેજોની તપાસ કરવાની માંગ કરી છે. ફરિયાદમાં એવો સવાલ પણ ઉઠાવવામાં આવ્યો છે કે જો યુનિવર્સિટી દ્વારા લાંબા સમયથી નિર્ધારિત ફી કરતાં વધુ રકમ લેવામાં આવતી હોય તો અત્યારસુધી આ મામલે કાર્યવાહી કેમ કરવામાં આવી નથી? વિદ્યાર્થી હિત રક્ષા સમિતિએ માત્ર તપાસની જ નહીં, પરંતુ વિદ્યાર્થીઓને ન્યાય અપાવવાની પણ માંગ કરી છે. ફરિયાદમાં જણાવ્યા મુજબ, જો તપાસ દરમિયાન ગેરકાયદે વધારાની ફી વસૂલવામાં આવી હોવાનું સાબિત થાય તો યુનિવર્સિટી સામે કાયદાકીય કાર્યવાહી કરવામાં આવે. આ ઉપરાંત વિદ્યાર્થીઓ પાસેથી વસૂલવામાં આવેલી વધારાની રકમ વાર્ષિક ૧૨ ટકા વ્યાજ સાથે પરત આપવામાં આવે તેવી પણ માંગ કરવામાં આવી છે. ખાસ વાત એ છે કે જે વિદ્યાર્થીઓ અભ્યાસ પૂર્ણ કરીને યુનિવર્સિટીમાંથી બહાર નીકળી ગયા છે, તેમને પણ વધારાની વસૂલાયેલી ફી પરત મળવી જોઈએ તેવી રજૂઆત કરવામાં આવી છે. સમિતિએ ફરિયાદમાં વધુ એક મહત્ત્વપૂર્ણ મુદ્દો ઉઠાવ્યો છે. જેમાં યુનિવર્સિટી દ્વારા ફરિયાદ કરનારા વિદ્યાર્થીઓ સામે કોઈપણ પ્રકારની બદલાની ભાવનાથી કાર્યવાહી કરવામાં ન આવે અને તેમને અભ્યાસ દરમિયાન હેરાન કરવામાં ન આવે તેવી રજૂઆત પણ કરવામાં આવી છે.

ચંડોળા તળાવના ડેવલપમેન્ટમાં ૬ મહિનાનો વિલંબ

દોઢ વર્ષથી ડિમોલિશન બાદ ઘર-વિહોણા બનેલા અસરગ્રસ્તોને હજુ મકાન મળ્યા નથી

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૭

અમદાવાદમાં અભૂતપૂર્વ ડિમોલિશન માટે જાણીતા બનેલ ચંડોળા ડેવલપમેન્ટ પ્રોજેક્ટમાં ૬ મહિના જેટલો વિલંબ ચાલી રહ્યો છે, જ્યારે દોઢ વર્ષ પહેલાં દબાણો દૂર કરાયાં હોવા છતાં અસરગ્રસ્ત પરિવારોને હજુ સુધી મકાન મળ્યાં નથી. આ સ્થિતિ વચ્ચે મ્યુનિસિપલ કમિશનરે ચંડોળા ડેવલપમેન્ટ સાઈટની મુલાકાત લઈને કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું અને અધિકારીઓને ઝડપથી કામ પૂર્ણ થાય તેના માટેની જરૂરી સૂચનાઓ આપી હતી. હાલ ફેઝ-૧નું ૭૦ ટકા કામ પૂર્ણ થયું છે અને માર્ચ ૨૦૨૭ સુધીમાં કામગીરી પૂરી કરવાનું આયોજન છે.



અસરગ્રસ્તોનો ઉગ્ર રોષ : મ્યુનિ. કમિશનરે પ્રોજેક્ટનું કર્યું નિરીક્ષણ

અત્રે ઉલ્લેખનીય છે કે, ગત ૩ સપ્ટેમ્બરના રોજ ચંડોળા તળાવના ૨૦૦થી વધુ અસરગ્રસ્તોએ સાબરમતી રિવરફ્રન્ટ હાઉસ ખાતે ઘેરાવ કર્યો હતો. તેમણે દર મહિને ૧૦,૦૦૦ રૂપિયા ભાડું અને તાત્કાલિક મકાન આપવાની માંગ કરી હતી. કમિશનર ન મળતા લોકોએ રોષ વ્યક્ત કર્યો. જે બાદ વિરોધની વાત કાને વાત પડતાં કમિશનરે સ્થળ તપાસ કરી હાજર અધિકારીઓ પાસેથી ચાલી રહેલા કામની વિગતો મેળવી હતી અને કામગીરી સમયમર્યાદામાં પૂર્ણ થાય તે માટે જરૂરી સૂચનાઓ આપી હતી. આ ઉપરાંત, ડેવલપમેન્ટ સાઈટની આસપાસના વિસ્તારોમાં દબાણો અને ત્યાં વસવાટ કરતા પરિવારો સાથે સંવાદ પણ કર્યો હતો. તંત્ર દ્વારા સ્પષ્ટતા કરાઈ હતી કે, અસરગ્રસ્ત પરિવારોને કોર્પોરેશનના યુસીડી વિભાગ દ્વારા શેલ્ટર હોમમાં રહેવાની વ્યવસ્થા અંગે સમજાવવામાં આવશે. પરિવારોનાં બાળકોનું શિક્ષણ ન બગડે તે માટે મ્યુનિસિપલ સ્કૂલ બોર્ડ સંચાલિત શાળાઓમાં પ્રવેશ અપાવવા અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી. તંત્ર તરફથી વાલીઓને બાળકોને નિયમિત શાળાએ મોકલવા અપીલ પણ કરવામાં આવી હતી. દરમ્યાન ચંડોળા તળાવમાંથી દોઢ વર્ષ પહેલાં દબાણો દૂર કરાયાં હોવા છતાં અસરગ્રસ્ત પરિવારોને હજી સુધી મકાન મળ્યાં નથી તે મુદ્દે પૂર્વ વિપક્ષ નેતા અને દાણીલીમડાના કોર્પોરેટર શહેઝાદખાન પઠાણે સવાલ ઉઠાવ્યા છે. તેમના દાવા મુજબ, દબાણો દૂર થયા બાદ પણ પરિવારોને ઘર ફાળવવાની પ્રક્રિયા પૂર્ણ થઈ નથી. પરિણામે અસરગ્રસ્ત પરિવારોને હજુ પણ ભાડાના મકાનમાં રહેવું પડે છે અને ભાડાનો આર્થિક બોજ સહન કરવો પડે છે. તેમણે માંગ કરી છે કે, અસરગ્રસ્ત પરિવારો માટે ઝડપથી પ્લોટની ઓળખ કરવામાં આવે અને મકાનોનું બાંધકામ શરૂ કરીને તેમને ઘર ફાળવવામાં આવે. પરિવારો બેંકમાંથી લોન લઈને મકાન માટે નાણાં ચૂકવવા પણ તૈયાર છે. તેથી મકાનની વ્યવસ્થા કરવામાં વધુ વિલંબ ન થાય તે રીતે કામ કરવામાં આવે.

હાલોલમાં ઊર્જાક્ષેત્રની અત્યાધુનિક ઉત્પાદન સુવિધાવાળા યુનિટનું મુખ્યમંત્રી દ્વારા ભૂમિપૂજન

ગુજરાત બન્યું એનર્જી કેપિટલ, મેક ઈન ઈન્ડિયાથી ઊર્જાક્ષેત્રે આત્મનિર્ભર ભારતની નેમ

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૧૭

પંચમહાલ જિલ્લાના આદિવાસી ક્ષેત્રે ઊર્જા અને મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રે ઐતિહાસિક ક્રાંતિનો આરંભ થયો છે. ટી.એમ.સી. (TMC) ટ્રાન્સફોર્મર્સ ઇન્ડિયા લિમિટેડ દ્વારા પંચમહાલ ખાતે સ્થપાનારા અત્યાધુનિક ઉત્પાદન સુવિધાવાળા નવા પ્લાન્ટનું ભૂમિપૂજન મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે સંપન્ન થયું હતું.

મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, ગુજરાત આજે રિન્યુએબલ એનર્જી સેક્ટરમાં દેશનું નેતૃત્વ કરી રહ્યું છે. બે દાયકા પહેલાં આ જ જિલ્લાના ચાંપાનેરથી શરૂ થયેલી 'જ્યોતિગ્રામ યોજના'એ દેશના વીજળી ઉત્પાદન અને વિતરણ ક્ષેત્રમાં ક્રાંતિકારી પરિવર્તન આણ્યું હતું. હવે ટી.એમ.સી.નો આ નવો પ્લાન્ટ વાર્ષિક ૭૮,૦૦૦ MVA ઉત્પાદન ક્ષમતા સાથે નિર્માણ પામશે. આ પ્લાન્ટ માત્ર ઊર્જા સુરક્ષા જ નહીં, પરંતુ સ્થાનિક સ્તરે રોજગારીની વિશાળ તકો પણ ઊભી કરશે. વડોદરા, સાવલી, હાલોલ અને કાલોલનો સમગ્ર વિસ્તાર હાઇ-ટેક એન્જિનિયરિંગ અને મેન્યુફેક્ચરિંગ કોરિડોર બનવા તરફ આગળ વધી રહ્યો છે તેમ જણાવી મુખ્યમંત્રીએ કહ્યું કે, આ ઉદ્યોગના આગમનથી MSME, નાના સપ્લાયર્સ અને આનુષંગિક ઉદ્યોગોને નવું બળ મળશે તેમજ સ્થાનિક યુવાનો માટે સ્કીલ ડેવલોપમેન્ટ અને રોજગારીના નવા દ્વાર ખૂલશે. મુખ્યમંત્રીએ વડાપ્રધાનના વિકાસના 'સપ્તધારા' વિઝન અંતર્ગત આવનારા વર્ષોમાં ટી.એમ.સી.નું આ નવું મેન્યુફેક્ચરિંગ યુનિટ ગુજરાતના વિકાસમાં, ભારતની ઊર્જા સુરક્ષામાં અને વૈશ્વિક ઊર્જા જરૂરિયાતોને પૂર્ણ કરવામાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપશે તેવી અપેક્ષા દર્શાવી હતી.

વડોદરા-સાવલી-હાલોલ-કાલોલનો વિસ્તાર હાઇ-ટેક એન્જિ.-મેન્યુ. કોરિડોર બનવા તરફ આગળ

આંતરધર્મીય લગ્ન: હાઈકોર્ટે મેરેજ રજિસ્ટ્રારનો નોટિસ ફગાવવાનો નિર્ણય ગેરકાયદે ઠરાવ્યો

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૭

આંતરધર્મીય લગ્ન કરવા ઈચ્છતા એક હિન્દુ યુવક અને મુસ્લિમ યુવતીના કિસ્સામાં ગુજરાત હાઈકોર્ટે એક મોટો અને મહત્ત્વપૂર્ણ ચુકાદો આપ્યો છે. હાઈકોર્ટે મુસ્લિમ યુવતીના અગાઉના લગ્ન સમાજના રીતરિવાજો મુજબ કસ્ટમરી ડીડથી છૂટાછેડા દ્વારા વિચ્છેદ થયા હોવા છતાં સ્પેશિયલ મેરેજ એક્ટ હેઠળ લગ્નની ઈચ્છાની નોટિસ સ્વીકારવાનો ઈન્કાર કરતા મેરેજ રજિસ્ટ્રારના વિવાદાસ્પદ નિર્ણયને ગેરકાયદે અને રદબાતલ ઠરાવ્યો છે. જસ્ટિસ દેવન એમ. દેસાઈએ સ્પષ્ટ કર્યું છે કે, મેરેજ રજિસ્ટ્રાર આ પ્રકારે નોટિસ સ્વીકારવાનો અને તેને જાહેર સ્થળે પ્રસિદ્ધ કરવાની પ્રક્રિયાનો સીધો ઈન્કાર કરી શકે નહીં.

પ્રાપ્ત વિગતો અનુસાર, મેરેજ ઓફિસરે કલમ-૪ની શરતનું પાલન થયું નથી તેવું કારણ ધરીને ૨૮ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ મુસ્લિમ યુવતીની લગ્નની ઈચ્છા દર્શાવતી નોટિસ નામંજૂર કરી દીધી હતી. આ નોટિસ ન તો મેરેજ બુકમાં દાખલ કરવામાં આવી હતી કે ન તો કચેરીના જાહેર સ્થળે પ્રસિદ્ધ કરવામાં આવી હતી. આ વિવાદાસ્પદ નિર્ણય સામે અરજદાર યુગલ દ્વારા હાઈકોર્ટમાં રિટ અરજી દાખલ કરવામાં આવી હતી. અરજદાર યુગલ તરફથી હાજર રહેલા એડવોકેટે હાઈકોર્ટમાં રજૂઆત કરી હતી કે, સ્પેશિયલ મેરેજ એક્ટની કલમ-૬ મુજબ મેરેજ ઓફિસરે નોટિસની નોંધ મેરેજ નોટિસ બુકમાં કરી કચેરીના દેખીતા સ્થળે પ્રસિદ્ધ કરવી ફરજિયાત છે. જ્યારે કલમ-૭ હેઠળ નોટિસ પ્રસિદ્ધ થયાની તારીખથી ૩૦ દિવસની અંદર કોઈપણ વ્યક્તિ કલમ-૪ની શરતોના ભંગના આધારે વાંધો રજૂ કરી શકે છે. તેથી, કોઈપણ પ્રકારના વાંધા રજૂ કરવાની તક આપ્યા વિના અગાઉથી જ નોટિસ નામંજૂર કરવી એ ઉતાવળભર્યું અને કાયદાની જોગવાઈઓની વિરુદ્ધનું પગલું છે. અદાલતે આ દલીલોને ગ્રાહ્ય રાખીને હાઈકોર્ટે ઉપરોક્ત ચુકાદો જાહેર કર્યો છે.

કેસની હકીકતો મુજબ, મુસ્લિમ યુવતીના લગ્ન ૩૦ નવેમ્બર ૨૦૧૪ના રોજ અમદાવાદ ખાતે ઈમામી ઈસ્માઈલી મુસ્લિમ રીતરિવાજ મુજબ થયા હતા. બાદમાં વૈવાહિક મતભેદો સર્જાતા યુવતીએ મુંબઈ સ્થિત નેશનલ કન્સિલિયેશન એન્ડ આર્બિટ્રેશન બોર્ડ ફોર ઈન્ડિયા સમક્ષ લગ્ન વિચ્છેદ માટે કાર્યવાહી કરી હતી. જ્યાં સમાધાનના પ્રયાસો સફળ ન રહેતા બોર્ડે ૧૬ જાન્યુઆરી, ૨૦૧૮ના રોજ પરસ્પર સંમતિથી લગ્ન વિચ્છેદ કરવાની મંજૂરી આપી હતી. તે મુજબ ૩૦ જાન્યુઆરી, ૨૦૧૮ના રોજ અમદાવાદ ખાતે સમાજના રીતરિવાજો મુજબ કસ્ટમરી ડીડથી છૂટાછેડા થયા હતા અને બોર્ડ દ્વારા ૨૭ માર્ચ, ૨૦૧૮ના રોજ છૂટાછેડાનું પ્રમાણપત્ર પણ આપવામાં આવ્યું હતું. આ પૃષ્ઠભૂમિમાં હાઈકોર્ટના આ ચુકાદાથી અરજદાર યુગલને મોટી રાહત મળી છે.

ગુજરાત હાઈકોર્ટે શહેરના સીએ સામેનો બે દાયકા જૂનો કેસ રદ કર્યો

વ્યાવસાયિકોને પરોક્ષ ફોજદારી જવાબદારીમાંથી મોટી રાહત

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૭

વ્યાવસાયિકોને પરોક્ષ ફોજદારી જવાબદારી (વાઈકેરિયસ ક્રિમિનલ લાયેબિલિટી) સામે રક્ષણ આપતા એક મહત્ત્વપૂર્ણ ચુકાદામાં ગુજરાત હાઈકોર્ટે શહેરના એક ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ સામે બે દાયકા કરતાં વધુ સમયથી પડતર ફોજદારી કેસને રદબાતલ ઠેરવ્યો છે. અરજદાર અગાઉ ટૂંકા ગાળા માટે નોન-એક્ઝિક્યુટિવ પ્રોફેશનલ ડિરેક્ટર તરીકે સેવા આપી ચૂક્યા હતા. જસ્ટિસ પી.એમ. રાવલે ગૌરાંગ શેઠવાળા દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીને મંજૂર રાખીને કંપનીઝ એક્ટ, ૧૯૫૬ હેઠળના તેમની સામેના તમામ આરોપો રદબાતલ જાહેર કર્યા છે.

આ સમગ્ર કાયદાકીય લડતની શરૂઆત રજિસ્ટ્રાર ઓફ કંપનીઝ (આરઓસી) દ્વારા શહેરની એડિશનલ ચીફ મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ કોર્ટ સમક્ષ દાખલ કરવામાં આવેલા ફોજદારી કેસથી થઈ હતી. ફરિયાદ પક્ષે કંપનીઝ એક્ટ, ૧૯૫૬ની કલમ ૬૩, ૬૮ અને ૬૨૮ હેઠળ કસૂર અને ઉલ્લંઘનના આરોપસર અરજદાર સહિત અન્ય વ્યક્તિઓને આરોપી તરીકે દર્શાવ્યા હતા. આ કાયદાકીય જોગવાઈઓ પ્રોસ્પેક્ટસમાં ખોટી રજૂઆત બદલ ફોજદારી જવાબદારી, રોકાણ કરવા માટે છેતરપિંડીથી પ્રેરિત કરવાની સજા અને ખોટા નિવેદનો આપવાની સજા સાથે સંકળાયેલી છે. આ આક્ષેપો જુલાઈ ૧૯૯૫માં નિસુ ફિનકેપ લિમિટેડ (જે અગાઉ મેગા ફાઇનાન્સ એન્ડ સિક્યોરિટીઝ લિમિટેડ તરીકે ઓળખાતી હતી) દ્વારા બહાર પાડવામાં આવેલા ઇક્વિટી શેરના પબ્લિક ઇશ્યૂને લઈને કરવામાં આવ્યા હતા. ત્યારબાદ કંપની તેના નિર્ધારિત લક્ષ્યોને પૂરા કરવામાં નિષ્ફળ ગઈ હતી અને અંતે સેબી દ્વારા તેને 'વેનિશિંગ કંપની' તરીકેની યાદીમાં મૂકવામાં આવી હતી.

હાઈકોર્ટે ચુકાદામાં અવલોકન કર્યું હતું કે, કંપનીઝ એક્ટની કલમ ૬૨૮ એક્ટની કોઈપણ જોગવાઈઓ હેઠળ જરૂરી કોઈપણ રિટર્ન, રિપોર્ટ, પ્રમાણપત્ર, બેલેન્સ શીટ, પ્રોસ્પેક્ટસ, નિવેદન અથવા અન્ય દસ્તાવેજમાં ખોટા નિવેદનો બદલ સજા સાથે સંબંધિત છે. આ કલમ હેઠળના ગુનાનો મૂળ સાર માત્ર અચોક્કસ કે ખામીયુક્ત દસ્તાવેજ રજૂ કરવા પૂરતો મર્યાદિત નથી, પરંતુ તેમાં જરૂરી ગુનાહિત માનસિકતા (મેન્સ રિયા) સાથે જાણીજોઈને, ઈરાદાપૂર્વક અને સભાનપણે ખોટી માહિતી દાખલ કરવાનો સમાવેશ થાય છે. કોર્ટે વધુમાં સ્પષ્ટ કર્યું હતું કે આટલી ગંભીર ફોજદારી સજાની જવાબદારી ક્યારેય પરોક્ષ રીતે, માત્ર શંકાના આધારે કે પછી ઉપરછલ્લા જોડાણ દ્વારા કોઈના પર થોપી શકાય નહીં. આ કલમનો મુખ્ય આધાર ગુનાહિત ઈરાદો છે, જે ત્યારે જ સાબિત થઈ શકે જ્યારે ડિરેક્ટર તરફથી બદઈરાદો અથવા સદ્ધાવનાનો અભાવ હોવાનું સ્પષ્ટ થાય.સીએ સામેની ટ્રાયલ રદ કરતાં હાઈકોર્ટે તારણ કાઢ્યું હતું કે, વર્તમાન કેસની હકીકતો પરથી સ્પષ્ટ થાય છે કે અરજદારે માત્ર કલમ ૫૮ હેઠળ જરૂરી એક નિષ્ણાત તરીકે નિવેદન આપ્યું હતું. મેનેજમેન્ટ દ્વારા પૂરા પાડવામાં આવેલા હિસાબી ચોપડા, રેકોર્ડ્સ અને ડેટા પર આધાર રાખતા એક સ્વતંત્ર વ્યાવસાયિકને સીધી સંડોવણી કે ખોટી માહિતી ઊભી કરવાની સભાન જાણકારી દર્શાવતા ચોક્કસ, નક્કર આક્ષેપો અને નક્કર પુરાવા વિના કલમ ૬૨૮ હેઠળ જવાબદાર ઠેરવી શકાય નહીં. ટ્રાયલ કોર્ટ સમક્ષની ફરિયાદ અરજદાર વિરુદ્ધ આવો કોઈ પણ કાયદાકીય સંબંધ સ્થાપિત કરવામાં સંપૂર્ણપણે નિષ્ફળ રહી છે.

બ્લેકમેઈલિંગનો ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો

પતિ જેલમાંથી છૂટતા પરિણીતાએ પ્રેમી સાથે તોડ્યો સંબંધ; પ્રેમીએ માગ્યા ૮ લાખ

અંગત ફોટા-વીડિયો વાયરલ કરવાની ધમકીથી ત્રસ્ત યુવતીનો આત્મહત્યાનો પ્રયાસ, અભયમની ટીમે બચાવી

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૭

અમદાવાદના વસ્ત્રાપુર વિસ્તારમાં સંબંધ તૂટ્યા બાદ બ્લેકમેઈલિંગનો ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. પતિ ચાર વર્ષ બાદ જેલમાંથી પરત ફરતાં ૨૭ વર્ષીય પરિણીતાએ પોતાના પરિવાર અને લગ્નજીવનને બચાવવા માટે પ્રેમી સાથેનો સંબંધ સમાપ્ત કરવાનો નિર્ણય લીધો હતો. જોકે, સંબંધ તૂટતાં પ્રેમીએ યુવતી પર છેલ્લા ચાર વર્ષમાં ખર્ચેલા રૂા.૮ લાખ પરત આપવાનું દબાણ કર્યું હતું. રકમ નહીં આપે તો અંગત ફોટા અને વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ કરવાની ધમકી આપતાં યુવતી ભારે માનસિક તણાવમાં આવી ગઈ હતી.

મળતી માહિતી પ્રમાણે, યુવતીનો પતિ ચાર વર્ષ પહેલાં એક ગુનાના કેસમાં જેલમાં ગયો હતો. પતિ જેલમાં હોવાથી યુવતી એકલી રહેતી હતી. આ દરમિયાન તે એક યુવકના સંપર્કમાં આવી હતી અને સમય જતાં બંને વચ્ચે પ્રેમસંબંધ બંધાયો હતો. ચાર વર્ષ દરમિયાન બંને વચ્ચે સતત સંપર્ક રહ્યો હતો અને તેઓ અવારનવાર સાથે બહાર જતા હતા. આ સમયગાળા દરમિયાન યુવકે યુવતી પાછળ મોટી રકમ ખર્ચી હોવાનું સામે આવ્યું છે. તાજેતરમાં યુવતીનો પતિ કાનૂની પ્રક્રિયા બાદ જેલમાંથી મુક્ત થઈ ઘરે પરત ફર્યો હતો. ત્યારબાદ યુવતીએ પોતાના પરિવાર અને લગ્નજીવનને બચાવવા માટે પ્રેમી સાથેનો સંબંધ તોડી નાખ્યો હતો. તેણે યુવક સાથે વાતચીત પણ બંધ કરી દીધી હતી. અચાનક સંબંધ તૂટી જતાં યુવક રોષે ભરાયો હતો. સંબંધ તૂટ્યા બાદ યુવકે છેલ્લા ચાર વર્ષ દરમિયાન યુવતી પાછળ કરેલા ખર્ચનો હિસાબ તૈયાર કર્યો હતો. તેણે આશરે રૂા.૮ લાખની રકમ પરત આપવાની માગણી કરી હતી. યુવતીએ આ રકમ ચૂકવવાનો ઈન્કાર કરતાં યુવકે તેના પર વધુ દબાણ શરૂ કર્યું હતું. આ સાથે યુવતી સાથેની અંગત પળોના ફોટા અને વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ કરીને તેને બદનામ કરવાની ધમકી પણ આપવામાં આવી હતી. અંગત ફોટા-વીડિયો જાહેર થવાની અને સમાજમાં બદનામી થવાની બીકે યુવતી ભારે માનસિક તણાવમાં આવી ગઈ હતી. અંતે તેણે પોતાના હાથની નસ કાપીને આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો. જોકે, તેની સહેલીએ સમયસર ૧૮૧ અભયમ હેલ્પલાઈન પર જાણ કરતાં ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી અને યુવતીને જરૂરી મદદ પૂરી પાડી હતી. અભયમની ટીમે યુવકને પણ સ્થળ પર બોલાવી કાયદાકીય પરિણામો અંગે સમજ આપી હતી. કોઈ મહિલાને બ્લેકમેઈલ કરવી, અંગત ફોટા-વીડિયો વાયરલ કરવાની ધમકી આપવી અથવા સંબંધ માટે દબાણ કરવું ગંભીર ગુનો બની શકે છે તેવી તેને ચેતવણી આપવામાં આવી હતી. કાયદાકીય કાર્યવાહી અંગેની ચેતવણી બાદ યુવકે યુવતીના અંગત ફોટા અને વીડિયો ડિલીટ કરવાની તથા ભવિષ્યમાં તેને પૈસા માટે દબાણ નહીં કરે કે સંપર્ક કરવાનો પ્રયાસ નહીં કરે તેવી બાંહેધરી આપી હોવાનું જાણવા મળ્યું છે. આ ઘટનાએ સંબંધોમાં વિશ્વાસના નામે થતી બ્લેકમેઈલિંગ અને ડિજિટલ ધમકીઓ સામે સાવચેતીની જરૂરિયાત પણ ઉજાગર કરી છે.

શહેરમાં લેવાયેલ ૧૪૧ નમૂનાઓમાંથી ૪ સબસ્ટાન્ડર્ડ અને અનસેફ જાહેર

દિવાળીના તહેવારોમાં મીઠાઈ-ફરસાણ આરોગી લીધા બાદ ફૂડ વિભાગના રિપોર્ટ આવ્યા !

તહેવાર ટાણે લેવાયેલ નમૂનાના રિપોર્ટ મોડા આવતા સ્વાસ્થ્ય સાથે થયેલ ચેડાં માટે જવાબદાર કોણ ?

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૭

અમદાવાદ સહિત ગુજરાતભરમાં તહેવારો દરમિયાન મીઠાઈ, નમકીન અને અન્ય ખાદ્યપદાર્થોની મોટા પાયે ખરીદી અને વેચાણ થતું હોય છે. આવા સમયે નાગરિકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં ન થાય તે માટે ફૂડ વિભાગ વધતી કાર્યવાહી કરતું હોય છે. જો કે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ફૂડ વિભાગનો નવેમ્બર મહિનાના પ્રથમ ૧૬ દિવસમાં લીધેલા સેમ્પલનો રિપોર્ટ તહેવારો પૂર્ણ થયા બાદ સામે આવ્યો છે. જેથી લોકોના મુખે એ પણ પ્રશ્ન થઈ રહ્યો છે કે હવે તહેવારો ગયા, ફૂડ કે મીઠાઈ ખાઈ પણ લીધી હવે સેમ્પલનો રિપોર્ટ જાહેર થાય તેનો શું મતલબ !

અત્રે ઉલ્લેખનીય છે કે, ૧થી ૧૬ નવેમ્બર દરમિયાન શહેરના વિવિધ ઝોનમાં ૪૭૯ ખાદ્ય ધંધાકીય એકમોની તપાસ કરવામાં આવી હતી. આ દરમિયાન ૨,૮૩૨ કિલોગ્રામ જેટલા બિનઆરોગ્યપ્રદ ખાદ્યપદાર્થોનો નાશ કરાયો હતો. તપાસમાં લેવામાં આવેલા ૧૪૧ નમૂનાઓમાંથી ૪ નમૂના સબસ્ટાન્ડર્ડ અને અનસેફ જાહેર થયા છે. નિયમોનું ઉલ્લંઘન કરનારા ૧૪૮ એકમોને નોટિસ ફટકારવામાં આવી છે. ફૂડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટ-૨૦૦૬ હેઠળ હાથ ધરાયેલી આ કામગીરીમાં મીઠાઈ, નમકીન, દૂધ અને દૂધની બનાવટો, મુખવાસ, બેકરી પ્રોડક્ટ્સ સહિતની વસ્તુઓના નમૂના લેવામાં આવ્યા હતા. લેબોરેટરીમાં તપાસ માટે મોકલાયેલા ૧૪૧ નમૂનાઓમાંથી ૩ નમૂના સબસ્ટાન્ડર્ડ અને ૧ નમૂનો અનસેફ જાહેર થયો. આંબાવાડીમાં આવેલી વિવેક ચાઇના ટાઉન-લારીમાંથી લેવામાં આવેલો લો ફેટ પનીરનો નમૂનો સબસ્ટાન્ડર્ડ જણાયો હતો. માણેકચોકમાં પટેલ ચતુરભાઈ શીવરામ પાસેથી લેવાયેલો મીઠો માવો અને વટવાના શિવ શક્તિ ચવાણા એન્ડ સ્વીટ માર્ટમાંથી નામે લેવાયેલું મિક્ષ ચવાણું પણ ગુણવત્તાની ક્સોટીમાં નિષ્ફળ રહ્યાં હતાં. જ્યારે કાલુપુરની એચ.એમ. વરખવાલા પ્રા.લી.માંથી લેવામાં આવેલો સિલ્વર લીફ્સ એટલે કે ચાંદીના વરખનો નમૂનો અનસેફ જાહેર થયો હતો. તપાસ દરમિયાન ફૂડ વિભાગે ૨,૮૩૨ કિલોગ્રામ ઉપરાંત ૩૨૨ લિટર જેટલા બિનઆરોગ્યપ્રદ ખાદ્યપદાર્થોનો પણ નાશ કર્યો હતો. ખાદ્યતેલની ગુણવત્તા ચકાસવા માટે ૧૧૫ TPC ટેસ્ટ કરવામાં આવ્યા હતા. નિયમોના ઉલ્લંઘન બદલ વેપારીઓ પાસેથી કુલ ૪.૩૪ લાખ રૂપિયાનો વહીવટી ચાર્જ વસૂલવામાં આવ્યો હતો. તહેવારોની મોસમ પૂરી થયા બાદ કોર્પોરેશનના ફૂડ વિભાગની કામગીરીનો જે રિપોર્ટ સામે આવ્યો છે, તેણે સૌથી મોટો સવાલ એ ઊભો કર્યો છે કે, આખરે આ કાર્યવાહી 'પાણી પહેલાં પાળ' બાંધવા જેવી છે કે 'આગ લાગ્યા પછી કૂવો ખોદવા' જેવી ? તહેવારોના દિવસોમાં જ્યારે લોકોએ મોટાપાયે મીઠાઈ અને ફરસાણની ખરીદી કરી લીધી, ત્યારબાદ આ નમૂનાઓના પરિણામો જાહેર થતાં ગ્રાહકોમાં એવી ચર્ચા જાગી છે કે શું તહેવાર ટાણે જ લોકોએ અખાદ્ય અને ભેળસેળયુક્ત વસ્તુઓ આરોગી લીધી ? લેબોરેટરીના રિપોર્ટમાં સબસ્ટાન્ડર્ડ અને અનસેફ જાહેર થયેલા નમૂનાઓ તેમજ ભ્રામક વેચાણની ચેતવણી એ બાબત તરફ ઈશારો કરે છે કે તહેવારો પૂરા થયા પછી થતી આવી જાહેરાતોથી ગ્રાહકોના સ્વાસ્થ્યને થયેલું નુકસાન કેવી રીતે કોણ ભરપાઈ કરશે ? ફૂડ વિભાગના ધ્યાને આવ્યું છે કે કેટલાક વેપારીઓ ગ્રાહકોને ખાદ્યપદાર્થની સાચી ઓળખ આપ્યા વગર અસલી વસ્તુના નામે અલગ પ્રકારની પ્રોડક્ટ વેચે છે. મેનુ કાર્ડ, ડિસ્પ્લે બોર્ડ, ઓનલાઇન ફૂડ ડિલિવરી પ્લેટફોર્મ અને બિલમાં દર્શાવાતા નામ અને વાસ્તવિક વસ્તુ વચ્ચે તફાવત હોવાની શક્યતા અંગે તંત્રએ ચેતવણી આપી છે. આઇસ્ક્રીમના નામે વનસ્પતિ ચરબીવાળું ફ્રોઝન ડેઝર્ટ, ચીઝના નામે વનસ્પતિ ચરબી આધારિત વિકલ્પ અને બટરના નામે વનસ્પતિ ચરબી આધારિત સ્પ્રેડ પીરસવામાં આવતાં હો

ઈઝરાયેલે ગાઝામાં બોક્સમાં પેક કરેલા વિસ્ફોટકો ફેંક્યા

(એજન્સી) તા.૧૭

રહેવાસીઓ અને સાક્ષીઓ કહે છે કે ઈઝરાયેલી દળો ગાઝામાં પેલેસ્ટીની ઘરો પર અથવા તેની બાજુમાં વિસ્ફોટકોથી ભરેલા બોક્સ નાખવા માટે ક્વોડકોપ્ટર ડ્રોનનો ઉપયોગ કરી રહ્યા છે. વિસ્ફોટકોને દૂરથી વિસ્ફોટ કરવામાં આવે છે, જેનાથી ઈમારતોનો નાશ થાય છે અને મિલકતોને નુકસાન થાય છે. ઈઝરાયલી લશ્કરી સ્થાનોની નજીકના વિસ્તારોમાં રહેવાસીઓએ લગભગ એક અઠવાડિયા સુધી આ પદ્ધતિનું અવલોકન કર્યું છે. વિસ્ફોટોને કારણે નજીકના પરિવારોમાં ભય ફેલાયો છે, જેના કારણે કેટલાક લોકો ભાગી ગયા છે. સાક્ષીઓએ અહેવાલ આપ્યો છે કે ઘરો અને અન્ય ઈમારતો પર ઘણા કિલોગ્રામ વિસ્ફોટકોવાળા બોક્સ ફેંકવામાં આવી રહ્યા છે. વીડિયો ફૂટેજમાં ઈઝરાયેલી ડ્રોન છત પર વિસ્ફોટકોના બોક્સ ફેંકતા દેખાય છે. ગાઝા શહેરના ઝેતુન અને તુફાહ પડોશની પૂર્વમાં તેમજ મધ્ય ગાઝામાં પૂર્વીય દેઇર અલ-બલાહ અને બુરેઇજ શરણાર્થી શિબિરમાં આ કામગીરી નોંધાઈ છે. સ્થાનિક સૂત્રોએ જણાવ્યું હતું કે શુક્રવારે ડઝનેક પેલેસ્ટીનીઓ ઝેતુન પડોશમાંથી ભાગી ગયા હતા, કારણ કે તેમના ઘરોને આગામી નિશાન બનાવવામાં આવશે. સોમવારે પણ ધ્વંસ ચાલુ રહ્યો, જ્યારે સૂત્રોએ અહેવાલ આપ્યો કે સલાહ અલ-દિન સ્ટ્રીટ પર વાડી ગાઝા પુલ નજીક અને બુરેઇજ અને નુસેરાત શરણાર્થી શિબિરોની ઉત્તરે ડ્રોન દ્વારા



વિસ્ફોટક બોક્સ ફેંકવામાં આવ્યા હતા. તેમણે ઓછામાં ઓછા સાત આવા ઓપરેશનની જાણ કરી, જેના કારણે શક્તિશાળી વિસ્ફોટ અને વ્યાપક વિનાશ થયો. સ્થાનિક સૂત્રોએ અનાડોલુને જણાવ્યું હતું કે ૧૦ નવેમ્બરના રોજ, ઈઝરાયલી દળોએ મગહાઝી શરણાર્થી શિબિરની પૂર્વમાં ખાલી કરાયેલા બે ઘરોને તોડી પાડવા માટે સમાન પદ્ધતિનો ઉપયોગ કર્યો હતો. દક્ષિણ ગાઝામાં ઉત્તરપૂર્વીય ખાન યુનિસમાં દાર અલ-સલામ હોસ્પિટલની આસપાસ ચાર સમાન ધ્વંસના અહેવાલ મળ્યા હતા. યુદ્ધ શરૂ થયા પછી ઈઝરાયલી દળોએ પેલેસ્ટિનિયન ઈમારતોને નષ્ટ કરવા માટે જે પદ્ધતિઓનો ઉપયોગ કર્યો છે તેમાં આ યુક્તિ ઉમેરે છે, જેમાં ભારે હવાઈ બોમ્બમારો, તોપખાનાનો ગોળીબાર, ઈમારતોની અંદર અથવા તેની આસપાસ લગાવવામાં આવેલા વિસ્ફોટકો અને લશ્કરી બુલડોઝરનો સમાવેશ થાય છે. ઈઝરાયેલી દળોએ વિસ્ફોટકોથી ભરેલા જૂના લશ્કરી વાહનોનો પણ ઉપયોગ કર્યો છે, જે તેમને સૈન્ય-કબજા હેઠળના વિસ્તારોની નજીકની ઈમારતો વચ્ચે મોકલે છે. પરિણામે થયેલા વિસ્ફોટોએ સમગ્ર રહેણાંક બ્લોક્સનો નાશ કર્યો છે. ૧૦ ઓક્ટોબર, ૨૦૨૫ના રોજ અમલમાં આવેલા યુદ્ધવિરામ છતાં, "યલો લાઈન" (Yellow Line)ની આસપાસના ઈઝરાયેલના નિયંત્રણ હેઠળના વિસ્તારોમાં તોડફોડની કાર્યવાહી ચાલુ છે. ગાઝાના આરોગ્ય મંત્રાલયના જણાવ્યા અનુસાર, સોમવાર સુધીમાં ઈઝરાયેલ દ્વારા કરાયેલા કરારના ઉલ્લંઘનને કારણે ૧,૬૫૦ પેલેસ્ટીનીઓનાં મોત થયાં છે અને ૫,૯૭૫ લોકો ઘાયલ થયા છે. ઓક્ટોબર ૨૦૨૩થી, ગાઝા પર ઈઝરાયેલના નરસંહારક યુદ્ધમાં ૭૪,૦૦૦થી વધુ પેલેસ્ટીનીઓ માર્યા ગયા છે અને ૧,૭૬,૦૦૦થી વધુ લોકો ઘાયલ થયા છે; જેમાં મોટાભાગના મહિલાઓ અને બાળકો છે. આ યુદ્ધે તે પ્રદેશના લગભગ ૯૦% માળખાકીય માળખાને (infrastructure) પણ નષ્ટ કરી દીધું છે. સંયુક્ત રાષ્ટ્ર (UN)ના અંદાજ મુજબ, પુનઃનિર્માણ માટે લગભગ ૩૧.૪ અબજ ડોલરનો ખર્ચ થશે. યુદ્ધને કારણે વિસ્થાપિત થયેલા પેલેસ્ટિનિયનો માટે, આ સતત વિનાશ તે ઘરોને પણ જોખમમાં મૂકે છે જ્યાં તેઓ કદાચ ભવિષ્યમાં પાછા ફરી શક્યા હોત.

સીરિયાના પુનર્નિર્માણ માટે ૨૧૬ અબજ ડોલરનો ખર્ચ થશે : UN

હવાઈ દંશ્ય ૧૪ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ સીરિયાના દમાસ્કસમાં પૂર્વ ઘૌટાના જોબાર વિસ્તારમાં વર્ષોથી ચાલી રહેલા સંઘર્ષ અને સીરિયનો દ્વારા ચૂકવવામાં આવેલી ભારે કિંમતને કારણે થયેલા વ્યાપક વિનાશને દર્શાવે છે

(એજન્સી) તા.૧૭

સીરિયાની ક્ષતિગ્રસ્ત ભૌતિક સંપત્તિઓનું પુનર્નિર્માણ અંદાજે $૨૧૬ બિલિયનનો ખર્ચ થશે, એમ સીરિયા માટે યુએનના ડેપ્યુટી સ્પેશિયલ એન્વોય ક્લાઉડિયો કોર્ડોને જણાવ્યું હતું, તેમણે આર્થિક પુનઃપ્રાપ્તિ અને પુનર્નિર્માણ માટે આંતરરાષ્ટ્રીય સમર્થન વધારવાની હાકલ કરી હતી. કોર્ડોને સોમવારે "મધ્ય પૂર્વમાં પરિસ્થિતિ" એજન્ડા આઇટમ હેઠળ સીરિયામાં વિકાસ પરના સત્ર દરમિયાન યુએન સુરક્ષા પરિષદને આપેલી બ્રીફિંગમાં આ ટિપ્પણી કરી હતી. બશર અલ-અસદના શાસનના પતનની બીજી વર્ષગાંઠ નજીક આવી રહી છે, સીરિયાએ



તેના રાજકીય સંક્રમણ, આર્થિક પુનઃપ્રાપ્તિ અને સુરક્ષામાં પ્રગતિ કરી છે, પરંતુ ઘણું કામ બાકી છે, એમ તેમણે કહ્યું. "સીરિયાના સંક્રમણકાળની સ્થિરતા માટે ઝડપી આર્થિક પુનઃપ્રાપ્તિ અત્યંત મહત્વપૂર્ણ છે," કોર્ડોને જણાવ્યું હતું કે, "વિશ્વ બેંક ફક્ત ક્ષતિગ્રસ્ત ભૌતિક સંપત્તિના પુનર્નિર્માણનો ખર્ચ $૨૧૬ બિલિયન હોવાનો અંદાજ લગાવે છે". તેમણે કહ્યું કે સીરિયાને જાહેર ધિરાણ, વિકાસ સહાય અને ખાનગી ક્ષેત્રના રોકાણ સહિત સતત આંતરરાષ્ટ્રીય સમર્થનની જરૂર છે. પ્રતિબંધો હળવા કરવા અને પ્રાદેશિક અને આંતરરાષ્ટ્રીય જોડાણ વધારવાથી પણ આર્થિક પુનઃપ્રાપ્તિ ઝડપી બની શકે છે. કોર્ડોને માળખાગત સુવિધાઓમાં રોકાણની સાથે સ્થાનિક પુનર્નિર્માણ પ્રાથમિકતાઓ નક્કી કરવામાં મહિલાઓ, નાગરિક સમાજ સંગઠનો અને અસરગ્રસ્ત સમુદાયોને સામેલ કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો.

નેતાન્યાહુ યુરોપિયન નેતાઓ પર પ્રહાર કરતી ચેતવણી આપી : 'યુરોપ ઈરાન માટે લક્ષ્ય છે'

(એજન્સી) તા.૧૭

ઈઝરાયેલી વડાપ્રધાન બેન્જામિન નેતાન્યાહૂએ સોમવારે ચેતવણી આપી હતી કે યુરોપ ઈરાન માટે લક્ષ્ય છે અને યુરોપિયન નેતાઓની ઈઝરાયેલ પરની તેમની સ્થિતિની ટીકા કરી હતી, જેમાંના કેટલાક પર "આતંકવાદનો સામનો કરવાને બદલે ઈઝરાયેલની નિંદા કરવાનું પસંદ કરવાનો" આરોપ લગાવ્યો હતો. તેમણે એ પણ ભાર મૂક્યો હતો કે આ ક્ષેત્રમાં ઈઝરાયેલનું લશ્કરી વર્ચસ્વ હજુ પૂર્ણ થયું નથી. જેરુસલેમમાં તેમની બેઠક બાદ ચેક વડાપ્રધાન આન્દ્રેજ બાબીસ સાથે સંયુક્ત પત્રકાર પરિષદમાં નેતાન્યાહૂએ આ ટિપ્પણી કરી હતી. "ઈરાની મિસાઈલો ઈઝરાયેલની સરહદો પર અટકતી નથી. ન તો તેનો આતંકવાદ. અને ન તો તેની પરમાણુ મહત્વાકાંક્ષાઓ. યુરોપ દર્શક નથી. યુરોપ ઈરાની લક્ષ્ય છે," તેમણે કહ્યું. તેમણે કહ્યું કે કેટલાક



ઈઝરાયેલના વચગાળાના વડાપ્રધાન બેન્જામિન નેતાન્યાહુ ૧૬ નવેમ્બર, ૨૦૨૬ના રોજ પશ્ચિમ જેરુસલેમમાં ચેક વડાપ્રધાન આન્દ્રેજ બાબીસ સાથે મુલાકાત કરે છે, જેઓ એક દિવસીય સત્તાવાર મુલાકાતે છે

યુરોપિયન દેશો ઈરાન અને તેના સાથી દેશો દ્વારા ઉભા થયેલા ખતરાના પ્રમાણને ઓળખવામાં નિષ્ફળ ગયા છે. તેમણે ભૂતપૂર્વ બ્રિટિશ વડા પ્રધાન વિન્સ્ટન ચર્ચિલને "લોકશાહીની નિંદા" વિશે કહેલા વાક્યનો ઉલ્લેખ કર્યો. તેમણે ઉમેર્યું કે, કેટલાક યુરોપિયન દેશો "ઊંઘી રહ્યા છે અને જ્યાં સુધી તેઓ બહેરાશભર્યા ભયનો અવાજ સાંભળશે નહીં ત્યાં સુધી જાગશે નહીં". નેતાન્યાહૂએ કહ્યું કે "જેઓ સાંભળવા માંગે છે તેમના માટે ભયનો અવાજ પહેલેથી જ વાગી રહ્યો છે". તેમણે નામ વગરના યુરોપિયન નેતાઓની પણ ટીકા કરી, બાબીસને કહ્યું: "એવા નબળા નેતાઓ છે જે ઈઝરાયેલથી પીઠ ફેરવે છે, પરંતુ તમે ઊંચા ઊભા છો. તમે આતંકવાદનો સામનો કરવા માટે ટોળાને અનુસરતા નથી કે પીછેહઠ કરતા નથી; તમે તમારા અંતરાત્માને અનુસરો છો."

'તમે ગમે તે કરો, તમે ફક્ત એક પેલેસ્ટીની છો' : પત્રકારે ઈઝરાયેલી સૈનિકો સાથે 'છ કલાકના દુઃસ્વપ્ન'નું વર્ણન કર્યું

ફૂટેજમાં હેશમને હાથ પાછળ રાખીને લઈ જવામાં આવતો બતાવવામાં આવ્યો છે, તે પહેલાં બીજા એક વીડિયોમાં તેને ઘૂંટણ પર બેસાડીને ઘેરાયેલો બતાવવામાં આવ્યો છે

(એજન્સી) લંડન, તા.૧૭

પેલેસ્ટીની પત્રકાર મોહમ્મદ હેશમે કહ્યું કે તેના ઘરેથી લઈ જવામાં આવ્યા, માર મારવામાં આવ્યો, આંખે પાટા બાંધ્યા અને હાથકડી લગાવ્યા પછી તેણે ઈઝરાયેલી સૈનિકો સાથે "છ કલાકના દુઃસ્વપ્ન"નું પરીક્ષણ કર્યું. +૯૭૨ મેગેઝિન માટે લખનાર સ્વતંત્ર પત્રકાર અને માનવાધિકાર કાર્યકર્તા હેશમને નવેમ્બરની શરૂઆતમાં તેના ગામ અત-તુવાનીમાંથી પકડી લેવામાં આવ્યો હતો અને દક્ષિણ કબજા હેઠળના પશ્ચિમ કાંઠાના મસાફર યટ્ટામાં સુસ્યા લશ્કરી બેઝ પર લઈ જવામાં આવતા પહેલા તેને ઘૂંટણિયે પડવાનો આદેશ આપવામાં આવ્યો હતો. તેમને થોડા સમય માટે અટકાયતમાં રાખવામાં આવ્યા હતા અને પછી કોઈ આરોપ વગર છોડી મૂકવામાં આવ્યા હતા. "તે ભયાનક હતું," તેમણે ધ ઇન્ડિપેન્ડન્ટ સાથેની એક મુલાકાતમાં કહ્યું. "તે ક્રેઝી હતું. મારા માટે તે ખરેખર મુશ્કેલ હતું, ખાસ કરીને જ્યારે તેઓ જાણતા હતા કે હું એક પત્રકાર છું. તે એક



આર્યએ જણાવ્યું હતું કે ૨૯ જુલાઈ, ૨૦૨૬ના રોજ ગુરુ પૂર્ણિમાના અવસરે કાશીથી શરૂ થયેલા આ ઉજવણી કાર્યક્રમોમાં સમગ્ર દેશમાંથી લોકોએ મોટી સંખ્યામાં ભાગ લીધો છે. અત્યાર સુધીમાં, આશરે ૨૯,૦૦૦ 'કલશ વંદના યાત્રાઓ'નું આયોજન કરવામાં આવ્યું છે, ૩૦,૦૦૦થી વધુ સંતોનો સંપર્ક કરવામાં આવ્યો છે અને સામાજિક સમરસતાને પ્રોત્સાહન આપવા માટે ૫૧,૦૦૦ 'સમરસ દીપ મહોત્સવ' યોજવામાં આવ્યા છે. આગામી યાત્રા પંજાબ, હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, ચંદીગઢ, હરિયાણા અને ઉત્તર પ્રદેશમાંથી પસાર થશે અને કુલ ૨,૪૦૨ કિલોમીટરનું અંતર કાપશે. આ યાત્રા દરમિયાન ૧૦૦થી વધુ નાની જાહેર સભાઓ અને ૧૭ મોટા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં કેન્દ્રીય મંત્રીઓ અને પક્ષના વરિષ્ઠ પદાધિકારીઓ ભાગ લેશે તેવી અપેક્ષા છે. આગરામાં આયોજિત એક દલિત સંમેલન દરમિયાન સમાજવાદી પાર્ટી (SP)ના વરિષ્ઠ નેતા રામગોપાલ યાદવ દ્વારા દલિત સમુદાયને 'મૂર્ખ' ગણાવતી કથિત ટિપ્પણી બદલ આર્યએ સમાજવાદી પાર્ટીની આકરી ટીકા કરી હતી.

આ નિવેદનને સમગ્ર દલિત સમુદાયનું અપમાન ગણાવતા, આર્યાએ આરોપ લગાવ્યો કે સમાજવાદી પાર્ટીનો 'PDA' (પછાત, દલિત, અલ્પસંખ્યક) નારો એ દલિતો, પછાત વર્ગો અને આર્થિક રીતે નબળા વર્ગોને ગેરમાર્ગે દોરવા માટેની માત્ર એક રાજકીય ચાલ છે.

કોંગ્રેસે ૨૦૨૭ની વસ્તી ગણતરીને પોર્ટલના મુદ્દાઓ પર 'પ્રહસન' ગણાવ્યું

જયરામ રમેશે સ્વ-ગણતરી પોર્ટલમાંથી ૨૮૭ ધર્મની એન્ટ્રીઓ દૂર કરવા અને જાતિ સંબંધિત વિકલ્પો ગુમાવવા પર પ્રશ્નો ઉઠાવ્યા

- કોંગ્રેસે વસ્તી ગણતરી ૨૦૨૭ને "પ્રહસન" ગણાવ્યું, કવાયતમાં કથિત અનિયમિતતાઓ પર ગંભીર પરિણામોની ચેતવણી આપી
- જયરામ રમેશે સ્વ-ગણતરી પોર્ટલમાંથી ૨૮૭ ધર્મની એન્ટ્રીઓ દૂર કરવા અને જાતિ સંબંધિત વિકલ્પો ગુમાવવા પર પ્રશ્નો ઉઠાવ્યા
- કોંગ્રેસના નેતાઓ મલ્લિકાર્જુન ખડગે અને રાહુલ ગાંધીએ અગાઉ પીએમ મોદીને જાતિ વસ્તી ગણતરી યોગ્ય રીતે હાથ ધરવા વિનંતી કરી હતી

(એજન્સી) તા.૧૭

કોંગ્રેસે મંગળવારે વસ્તી ગણતરી ૨૦૨૭ની ચાલી રહેલી તૈયારીઓની ટીકા કરી હતી, પ્રક્રિયામાં ગંભીર અનિયમિતતાઓનો આરોપ લગાવ્યો હતો અને ચેતવણી આપી હતી કે તેના "ગંભીર પરિણામો" આવી શકે છે. કોંગ્રેસના સંદેશા વ્યવહારના પ્રભારી મહાસચિવ જયરામ રમેશે X પર એક મીડિયા રિપોર્ટ શેર કર્યા પછી સ્વ-ગણતરી પોર્ટલ પર ચિંતા વ્યક્ત કરી હતી જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે "અન્ય" ધર્મો હેઠળ વર્ગીકૃત કરાયેલી ૨૮૭ એન્ટ્રીઓમાં ઇસ્કોન, રામકૃષ્ણ પરમહંસ, સનાતન, શ્રી રામ, શ્રી કૃષ્ણ, બાલ્મીકી, રામદેવ, સૂફી, શિયા, સુન્ની, મેથોડિસ્ટ અને પેન્ટેકોસ્ટલ જેવા નામોનો સમાવેશ થાય છે. અહેવાલ મુજબ કેન્દ્રીય ગૃહ મંત્રાલય સાથે પ્રશ્નો ઉઠાવ્યા પછી તરત જ પોર્ટલમાંથી યાદી દૂર કરવામાં આવી હતી. તેને દૂર કરવા માટે કોઈ સ્પષ્ટતા આપવામાં આવી ન હતી. આ ઘટનાક્રમ પર પ્રતિક્રિયા આપતા, રમેશે પોર્ટલમાં દેખીતી અસંગતતાઓ અને ચોક્કસ જોગવાઈઓની ગેરહાજરી પર પ્રશ્ન ઉઠાવ્યો. આ વિચિત્ર છે અને કોઈપણ સમજણનો વિરોધ કરે છે. અને જ્યાં ડ્રોપ-ડાઉન મેનૂ, ઉદાહરણ તરીકે, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ સિવાયની જાતિઓ માટે પ્રદાન કરવું જોઈએ, તે નથી,' તેમણે કહ્યું. આ કવાયતને સમસ્યારૂપ ગણાવતા, કોંગ્રેસના નેતાએ ઉમેર્યું, "જનગણતરી ૨૦૨૭ ઘણી બાબતોમાં એક મજાક બની રહી છે. આના ગંભીર પરિણામો આવશે." ૨૦૨૭ની વસ્તી ગણતરી અંગે સરકારના અભિગમ અંગે કોંગ્રેસની વ્યાપક ચિંતાઓ વચ્ચે આ તાજેતરની ટીકા થઈ છે. પાર્ટીએ અગાઉ આ કવાયત પાછળના હેતુ પર પ્રશ્ન ઉઠાવ્યો છે અને એકત્રિત કરવામાં આવી રહેલા ડેટાની ગુણવત્તા અને હેતુ અંગે શંકા વ્યક્ત કરી છે.

અગાઉ કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે અને લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ સંયુક્ત રીતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પત્ર લખીને, જાતિ આધારિત વસ્તી ગણતરી યોજવા અંગે પક્ષની માંગણીઓ રજૂ કરી હતી અને આ પ્રક્રિયા યોગ્ય રીતે હાથ ધરવાની આવશ્યકતા પર ભાર મૂક્યો હતો.

ભૂલથી નહીં, પણ યોજનાબદ્ધ રીતે : UN મંત્રણામાંથી બાકાત રાખવા બદલ ભારતે તુર્કી પર આકરા પ્રહારો કર્યા

ભારતે સોમવારે UN જનરલ એસેમ્બલી દ્વારા અપનાવવામાં આવેલા ડ્રાફ્ટ ઠરાવની વિરુદ્ધ મતદાન કર્યું, જેને ૧૧૨ મતો તરફેણમાં, છ મતો વિરુદ્ધ અને ૩૯ મતો ગેરહાજર રહ્યા; આર્મેનિયા, સાયપ્રસ, ગ્રીસ, ઇઝરાયેલ અને અમેરિકાએ પણ તેની વિરુદ્ધ મતદાન કર્યું, ઇરાકે ઠરાવ રજૂ કર્યો, જ્યારે તુર્કીએ તેના સહાયક તરીકે સેવા આપી

(એજન્સી) તા.૧૭

સમાચાર એજન્સી પ્રેસ ટ્રસ્ટ ઓફ ઇન્ડિયાના અહેવાલ મુજબ ભારતે યુએન અને ઓર્ગેનાઇઝેશન ઓફ ઇસ્લામિક કોઓપરેશન (OIC) વચ્ચે સહકાર અંગેના ઠરાવ પર ચર્ચામાંથી નવી દિલ્હી અને યુએનના અન્ય ઘણા સભ્ય દેશોને બાકાત રાખવાના તુર્કીના 'નિર્દોષ અને ઇરાદાપૂર્વક' નિર્ણય સામે સખત વાંધો ઉઠાવ્યો છે. ભારતે સોમવારે યુએન જનરલ એસેમ્બલી દ્વારા અપનાવવામાં આવેલા ડ્રાફ્ટ ઠરાવની વિરુદ્ધ મતદાન કર્યું, જેને ૧૧૨ મતો તરફેણમાં, છ મતો વિરુદ્ધ અને ૩૯ મતો ગેરહાજર રહ્યા. આર્મેનિયા, સાયપ્રસ, ગ્રીસ, ઇઝરાયેલ અને યુએસએ પણ તેની વિરુદ્ધ મતદાન કર્યું. ઇરાકે ઠરાવ રજૂ કર્યો, જ્યારે તુર્કીએ તેના સુવિધાકર્તા તરીકે સેવા આપી.

પીટીઆઈ અનુસાર યુએનમાં ભારતના નાયબ કાયમી પ્રતિનિધિ, રાજદૂત યોજના પટેલે જણાવ્યું હતું કે, OICના કાયમી નિરીક્ષક મિશને ઠરાવના ક્રમિક ડ્રાફ્ટ્સનું પ્રસારણ કરતી વખતે ભારતીય પ્રતિનિધિમંડળ અને અન્ય ઘણા દેશોને બાકાત રાખ્યા હતા. ભારતના મતને સમજાવતા પટેલે સુવિધાકર્તા દ્વારા અપનાવવામાં આવેલી કાર્યકારી પદ્ધતિઓની ટીકા કરી અને પ્રક્રિયાની તપાસ કરવાની હાકલ કરી. 'મારા પ્રતિનિધિમંડળે આ ઠરાવની વિરુદ્ધમાં ફક્ત તેના મહત્ત્વપૂર્ણ પાસાઓ જ નહીં પરંતુ તે જ બાબત પર વાટાઘાટો કરનાર સુવિધાકર્તા દ્વારા અપનાવવામાં આવેલી કાર્યકારી પદ્ધતિઓ અંગે પણ વધુ ચિંતાજનક બાબત માટે મતદાન કર્યું છે,' તેણીએ કહ્યું.

સમાવેશી વાટાઘાટોના અભાવ પર 'ઊંડી નિરાશા' વ્યક્ત કરતા પટેલે કહ્યું કે, OICના કાયમી નિરીક્ષક મિશનએ 'ઠરાવના ક્રમિક ડ્રાફ્ટ્સનું પ્રસારણ કરતી વખતે ફક્ત મારા પ્રતિનિધિમંડળને જ નહીં પરંતુ અન્ય ઘણા દેશોને બાકાત રાખવાનું પસંદ કર્યું.' 'આ માત્ર આઘાતજનક નથી પણ ચોક્કસ સભ્ય દેશોને તેમના એજન્ડાને સક્ષમ બનાવવા માટે પ્રતિનિધિમંડળોને બાકાત રાખવાની ખરાબ મિસાલ પણ સ્થાપિત કરે છે,' તેણીએ કહ્યું.

પટેલે કહ્યું કે, પછીના રાઉન્ડમાં કેટલાક પ્રતિનિધિમંડળો દ્વારા વાંધો ઉઠાવ્યા પછી પણ સુવિધાકર્તાઓમાં ચોક્કસ દેશોનો સમાવેશ કરવામાં આવ્યો ન હતો. તેણીએ ઉમેર્યું કે ઇનપુટ્સ સ્વીકારવા સહિતની મૂળભૂત પ્રક્રિયાઓ 'સ્પષ્ટપણે અવગણવામાં આવી હતી, જે દર્શાવે છે કે, તે ભૂલથી નહીં પણ ડિઝાઇન દ્વારા કરવામાં આવી હતી.'

સુનામીનું જોખમ ટળ્યું
ઇન્ડોનેશિયામાં ૬.૬ની તીવ્રતાનો શક્તિશાળી ભૂકંપ

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૭

ઇન્ડોનેશિયામાં સોમવારે વહેલી સવારે ૬.૬ની તીવ્રતાનો શક્તિશાળી ભૂકંપ નોંધાતા લોકોમાં ભયનો માહોલ સર્જાયો હતો. યુએસ જિયોલોજિકલ સર્વે (USGS) અનુસાર, ભૂકંપનું કેન્દ્ર ઇન્ડોનેશિયાના તુમાલ શહેરથી આશરે ૧૫૧ કિલોમીટર પશ્ચિમ-દક્ષિણપશ્ચિમ દિશામાં બાંદા સમુદ્રમાં હતું. ભારતીય સમય અનુસાર ૧૬ નવેમ્બરે વહેલી સવારે આશરે ૨:૪૧ વાગ્યે ભૂકંપના આંચકા અનુભવાયા હતા. ભૂકંપની ઊંડાઈ શરૂઆતમાં આશરે ૩૫ કિલોમીટર નોંધવામાં આવી હતી, જ્યારે બાદમાં ઉપલબ્ધ માહિતી મુજબ તેની ઊંડાઈ આશરે ૬૮ કિલોમીટર હોવાનું સામે આવ્યું હતું. ભૂકંપ બાદ USGSની PAGER સિસ્ટમ દ્વારા 'ગ્રીન એલર્ટ' જાહેર કરવામાં આવ્યું હતું. આ એલર્ટ સામાન્ય રીતે મોટા પાયે જાનમાલ અથવા સંપત્તિના નુકસાનની સંભાવના ઓછી હોવાનું સૂચવે છે. ભૂકંપ બાદ ઇન્ડોનેશિયાની હવામાન અને ભૂકંપ સંબંધિત એજન્સી BMKG દ્વારા પણ સ્થિતિ પર નજર રાખવામાં આવી હતી. સત્તાવાર માહિતી મુજબ આ ભૂકંપથી સુનામીનું કોઈ જોખમ નથી. હાલ સુધી પ્રાપ્ત અહેવાલો મુજબ, ભૂકંપના કારણે કોઈ મોટી જાનહાનિ કે વ્યાપક સંપત્તિના નુકસાનના સમાચાર સામે આવ્યા નથી. દરિયાકાંઠાના વિસ્તારોમાં કેટલાક લોકોને આંચકા અનુભવાયા હતા, પરંતુ મોટા પાયે માળખાકીય નુકસાન નોંધાયું નથી. ઇન્ડોનેશિયા પેસિફિક મહાસાગરના સક્રિય ભૂકંપીય વિસ્તાર 'રિંગ ઓફ ફાયર'નો મહત્ત્વપૂર્ણ હિસ્સો છે. આ વિસ્તારમાં અનેક ટેક્ટોનિક પ્લેટો વચ્ચે સતત હિલચાલ અને અથડામણ થતી હોવાથી વારંવાર ભૂકંપ આવે છે. બાંદા સમુદ્ર પણ ભૂકંપીય રીતે સક્રિય વિસ્તારમાં આવેલો છે. આ વખતે ભૂકંપનું કેન્દ્ર સમુદ્રમાં અને નોંધપાત્ર ઊંડાઈએ હોવાથી તેની વિનાશક અસર મર્યાદિત રહી હોવાનું માનવામાં આવે છે. જોકે, સ્થાનિક તંત્ર દ્વારા વિસ્તારની ભૂકંપીય ગતિવિધિઓ પર નજર રાખવામાં આવી રહી છે.

ફરીદાબાદ જેલમાં મુસ્લિમ યુવાનનું મૃત્યુ; પરિવારે કસ્ટડીમાં અત્યાચાર અને ખંડણી ઉઘરાવવાનો આરોપ લગાવ્યો

(એજન્સી) ફરીદાબાદ/અમરોહા, તા.૧૭

ઉત્તર પ્રદેશના અમરોહા જિલ્લાના રહેવાસી ૨૩ વર્ષીય રેહાનનું ફરીદાબાદ જેલમાં મૃત્યુ થતાં તેની ધરપકડ, પોલીસ કસ્ટડી અને જેલમાં તેની સાથે થયેલા વ્યવહાર તેમજ સત્તાવાળાઓની પ્રતિક્રિયા અંગે ગંભીર પ્રશ્નો ઊભા થયા છે.

જેલમાંથી પરિવારે જણાવ્યું હતું કે, રેહાને તેમને ફોન કરીને ફરિયાદ કરી હતી કે તેને નિર્દયતાથી મારવામાં આવી રહ્યો છે; તેના થોડા દિવસો બાદ જ તેનું મૃત્યુ થયું. જેલ સત્તાવાળાઓએ પરિવારને ફોન કરીને તેના મૃત્યુની જાણ કરી હતી. મોટાભાગના અહેવાલો મુજબ મૃત્યુ ૧૩ નવેમ્બરે થયું હતું, જ્યારે પરિવારના કેટલાક સભ્યો અને વિડિયો રિપોર્ટ્સમાં ૧૨ નવેમ્બરનો ઉલ્લેખ છે—જે દિવસે તેમને જાણ કરવામાં આવી હતી. બાદમાં પરિવારે દિલ્હીની એઈમ્સ (AIIMS) ટ્રોમા સેન્ટર ખાતે તેનો મૃતદેહ મેળવ્યો હતો અને પોસ્ટમોર્ટમ (શબપરીક્ષણ) કરવાનો આદેશ આપવામાં આવ્યો હતો. ઉપલબ્ધ તાજેતરની માહિતી



મુજબ, પોસ્ટમોર્ટમના તારણો હજુ જાહેર કરવામાં આવ્યા નથી અને અત્યાચાર તથા ખંડણીના આરોપોની હજુ પુષ્ટિ થઈ નથી. ફરીદાબાદ ક્રાઇમ બ્રાન્ચે ૧૮ ઓક્ટોબરે ૧.૦૪ કરોડ રૂપિયાની લૂંટના કેસના સંબંધમાં રેહાનની ધરપકડ કરી હતી. પોલીસના જણાવ્યા અનુસાર, આ કેસ ૨૫-૨૬ સપ્ટેમ્બરની મધ્યરાત્રિએ ફરીદાબાદના ફતેહપુર તાગા ગામમાં થયેલી સશસ્ત્ર લૂંટ સાથે સંબંધિત છે. ફરિયાદી અબ્દુલ કદીમ, જેઓ ભૂતપૂર્વ સરપંચ છે, તેમણે જમીન વેચાણમાંથી મળેલી લગભગ ૧ કરોડ રૂપિયાની રકમ તેમના નવા ખરીદેલા ઘરમાં રાખી હતી. પોલીસનો આરોપ છે કે પાંચ વ્યક્તિઓ ઘરમાં ઘુસી આવ્યા હતા, બંદૂકની અણીએ કદીમને બાંધી દીધા હતા, લોખંડના સળિયા વડે કબાટ અને પેટી તોડી નાખી હતી અને કબાટમાંથી લગભગ ૪ લાખ રૂપિયા તથા પેટીમાંથી લગભગ ૧ કરોડ રૂપિયા લઈને ફરાર થઈ ગયા હતા. આ અંગે ધૌજ પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતા (BNS)ની કલમ ૩૦૯ હેઠળ લૂંટનો કેસ નોંધવામાં આવ્યો હતો.

મધેશમાં છઠ પૂજા દરમિયાન દલિત ભક્તોએ જાતિગત ભેદભાવનો સામનો કરવો પડે છે

સપ્તરી અને રાઉતહાટમાં અલગ ઘાટ અને તંબુઓની વ્યવસ્થા એ હકીકતને ઉજાગર કરે છે કે, એક તરફ આ તહેવાર સમાનતાનો સંદેશ આપે છે, તો બીજી તરફ બંધારણીય બાંહેધરીઓ અને જાતિગત ભેદભાવ વિરોધી કાયદાઓ હોવા છતાં, સમાજમાં ભેદભાવ હજુ પણ અસ્તિત્વમાં છે, દલિતો પ્રત્યે ભેદભાવ રાખવાની પ્રથા અહીં ઊંડે સુધી ઘર કરી ગઈ છે

(એજન્સી) તા.૧૭

સમગ્ર મધેશમાં છઠ પૂજા માટે તળાવો, નદીઓ અને નહેરોને શણગારવામાં આવે છે. આ તહેવાર નિમિત્તે પરિવારો સૂર્યોદય પહેલાં અને સૂર્યાસ્ત પછી જળાશયોના કિનારે એકત્ર થાય છે. પરંતુ સપ્તરી અને રાઉતહાટમાં, દલિત પરિવારો અલગ ઘાટ પર અથવા અલગ તંબુઓ નીચે પૂજા કરે છે. સપ્તરીના ભિષ્ણુપુર ગ્રામીણ નગરપાલિકા-૫ હેઠળના કટ્ટી ગામમાં આવેલા 'દર્પી' તળાવનો દક્ષિણ કિનારો ખૂબ જ સુંદર રીતે શણગારવામાં આવ્યો છે. તેના પૂર્વ છેડે, એક પીપળાના ઝાડ પાસે, ડોમ સમુદાય માટે અલગ ઘાટ છે. બૈજનાથ માટિક, જેઓ વર્ષોથી પોતાના પરિવાર સાથે અહીં છઠ પૂજા ઉજવે છે, તેમણે જણાવ્યું કે ભેદભાવ

વસ્તી ગણતરી પોર્ટલ પર ૨૮૭ 'અન્ય' ધર્મોની યાદીમાં ઈસ્કોનનો સમાવેશ; બાદમાં હટાવાયું

ધર્મ અંગેના પ્રશ્નમાં અગાઉની વસ્તી ગણતરીઓમાં વપરાતી સાત શ્રેણીઓ જ યથાવત્ રાખવામાં આવી છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૭

વસ્તી ગણતરી ૨૦૨૭ (Census 2027)ના સ્વ-ગણતરી (self-enumeration) પોર્ટલ પર ૨૮૭ ''અન્ય'' ધર્મોની એક ડ્રોપ-ડાઉન યાદી મૂકવામાં આવી હતી, જેમાં ઈસ્કોન (ISKCON), સરના, શિયા, સુન્ની અને પેન્ટેકોસ્ટલ જેવા જૂથોના નામ હતા. આ પોર્ટલ શરૂ થયાના થોડા જ કલાકોમાં આ યાદી હટાવી દેવામાં આવી હતી. 'ધ હિન્દુ'ના અહેવાલ મુજબ, સોમવાર, ૧૬ નવેમ્બરના રોજ જ્યારે ઉત્તરપ્રદેશ, પંજાબ, ગોવા અને ઉત્તરાખંડના રહેવાસીઓ માટે પોર્ટલ (se.census.gov.in) ખુલ્યું, ત્યારે ધર્મ અંગેના પ્રશ્નમાં 'અન્ય' (Others) વિકલ્પ હેઠળ આ યાદી જોવા મળી હતી. આ ચારેય રાજ્યોમાં આવતા વર્ષની શરૂઆતમાં વિધાનસભા ચૂંટણી યોજાવાની છે. 'ધ હિન્દુ' દ્વારા કેન્દ્રીય ગૃહ મંત્રાલયને આ વર્ગીકરણ અંગે સ્પષ્ટતા પૂછવામાં આવ્યા બાદ, તે જ દિવસે આ યાદી હટાવી દેવામાં આવી હતી. ભારતના રજિસ્ટ્રાર જનરલ અને વસ્તી ગણતરી કમિશનર (RG&CCI)ની કચેરીએ જણાવ્યું હતું કે 'અન્ય' (Others)એ હજુ પણ એક 'ઓપન ફિલ્ડ' (મુક્ત વિકલ્પ) છે. એક પ્રતિનિધિએ કહ્યું કે, ''અગાઉની વસ્તી ગણતરીઓની જેમ જ, ઉત્તરદાતા (માહિતી આપનાર વ્યક્તિ) કોઈપણ અન્ય ધર્મનું નામ લખવા માટે સ્વતંત્ર છે.'' પ્રતિનિધિએ એ વાતનો પણ ઈન્કાર કર્યો હતો કે યાદીમાં દર્શાવિલ નામોને અલગ ધર્મો તરીકે રજૂ કરવામાં આવ્યા હતા. ધર્મ અંગેના પ્રશ્નમાં અગાઉની વસ્તી ગણતરીઓમાં વપરાતી સાત શ્રેણીઓ જ રાખવામાં આવી છે. આ શ્રેણીઓ છેઃ હિન્દુ, મુસ્લિમ, ખ્રિસ્તી, શીખ, બૌદ્ધ, જૈન અને 'અન્ય'. આ પ્રથમ વખત છે જ્યારે 'અન્ય' વિકલ્પને એક મેનુ (યાદી) સ્વરૂપે વિભાજિત કરવામાં આવ્યો હતો. ૨૦૦૧ અને ૨૦૧૧ની વસ્તી ગણતરીમાં, સરકારે આમાંના ઘણા નામોને છ મુખ્ય ધર્મોમાંથી કોઈ એકના પેટા-સંપ્રદાયો તરીકે ગણ્યા હતા અથવા તેમને ''અન્ય ધર્મો અને માન્યતાઓ'' હેઠળ સ્વતંત્ર રીતે લખવા માટે (write-in answers) સ્થાન આપ્યું હતું. આમાં સનાતન, શ્રી રામ, શ્રી કૃષ્ણ, વાલ્મીકિ, બિશ્નોઈ, તાંત્રિક, યોગી અને મેથોડિસ્ટ જેવા નામોનો સમાવેશ થતો હતો. આ ઉપરાંત, કેટલાક એવા નામો પણ હતા જે અગાઉ ક્યારેય વસ્તી ગણતરીના રેકોર્ડમાં જોવા મળ્યા ન હતા; જેમાં ઈસ્કોન (ISKCON), રામકૃષ્ણ પરમહંસ, રામદેવ, ખાલસા, તિરુપતિ બાલાજી, ગોરખનાથ, બસવેશ્વર, દેવી મા અને દેવ સમાજ જેવાનો સમાવેશ થાય છે. એક સરકારી અધિકારીએ 'ધ હિન્દુને



જણાવ્યું હતું કે નામો આગાહીત્મક ટેક્સ્ટ એન્ટ્રી તરીકે સંકલિત કરવામાં આવ્યા હતા જે ગણતરીકર્તાની એન્ટ્રીને સ્વતઃ-પૂર્ણ કરે છે. ઉદાહરણ તરીકે, એક પ્રતિવાદી જે કહે છે કે તેઓ ઈસ્કોનને અનુસરે છે તે પછી જોડણીમાં ફેરફાર વિના રેકોર્ડ કરવામાં આવશે. અધિકારીએ જણાવ્યું હતું કે અધિકારીઓ તપાસ કરી રહ્યા છે કે સૂચિ કેવી રીતે પસંદગીયોગ્ય ડ્રોપ-ડાઉન બની. આ સમજૂતી ગણતરીકર્તાઓને તાલીમમાં જે કહેવામાં આવ્યું હતું તે સાથે મેળ ખાતી નથી. યાદી પાછી ખેંચી લેવામાં આવે તે પહેલાં, ઉત્તરપ્રદેશના ગણતરીકર્તાઓને તાલીમ આપનારા એક અધિકારીએ જણાવ્યું હતું કે 'અન્ય' પસંદ કરતા ઉત્તરદાતાઓ ૨૮૦થી વધુ નામોમાંથી પસંદ કરી શકે છે. જો તેમનો ધર્મ ખૂટે છે, તો તેઓ તેને ટાઇપ કરી શકે છે અને તે આપેલા મુજબ રેકોર્ડ કરવામાં આવશે. પાછી ખેંચાયેલી યાદીમાં સરનાની હાજરી ઝારખંડ, છત્તીસગઢ, ઓડિશા અને પશ્ચિમ બંગાળમાં આદિવાસી જૂથો દ્વારા લાંબા સમયથી ચાલી રહેલા અભિયાન વચ્ચે આવી છે. તેઓ આદિવાસી ધર્મો માટે એક અલગ ધર્મ કોલમ ઇચ્છે છે, જે તેઓ કહે છે કે હિન્દુ ધર્મથી અલગ છે. ઝારખંડ વિધાનસભાએ નવેમ્બર ૨૦૨૦માં વસ્તી ગણતરીમાં અલગ સરના કોડની માંગ કરતો ઠરાવ પસાર કર્યો હતો. ચાર રાજ્યોમાં 'સ્વ-ગણતરી' (self-enumeration) પ્રક્રિયા ૩૦ નવેમ્બર સુધી ચાલશે. ગૃહ મંત્રાલય દ્વારા ૫ સપ્ટેમ્બરના રોજ બહાર પાડવામાં આવેલા જાહેરનામા મુજબ, ૧ ડિસેમ્બરથી ૪ જાન્યુઆરી, ૨૦૨૭ સુધી ઘરે-ઘરે જઈને વસ્તી ગણતરી કરવામાં આવશે.

'જમણેરી આતંકવાદની સમાન પેટર્ન'માં SRFTI વહીવટની ભૂમિકાની તપાસ કરશે પૂર્વ વિદ્યાર્થીઓની સમિતિ

SRFTI વિવાદમાં પૂર્વ વિદ્યાર્થીઓ દ્વારા રચાયેલી સ્વતંત્ર તથ્ય શોધ સમિતિ ૪ ઓક્ટોબરની હિંસા અને તેના પરિણામોમાં વહીવટની ભૂમિકાની પણ તપાસ કરશે, સમિતિના સભ્ય અને પૂર્વ કેન્દ્રીય માહિતી અને પ્રસારણ સચિવ જવાહર સરકારે SIT પર વિદ્યાર્થીઓની વાત સાંભળવામાં નિષ્ફળ રહેવાનો આરોપ લગાવ્યો અને જાદવપુર, પ્રેસિડેન્સી અને SRFTIમાં બનેલી ઘટનાઓને 'જમણેરી આતંકવાદ'ની સમાન પેટર્ન ગણાવી

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૭

કોલકાતાના સત્યજીત રે ફિલ્મ એન્ડ ટેલિવિઝન ઇન્સ્ટિટ્યૂટ (SRFTI)માં વિદ્યાર્થીઓ પર થયેલા કથિત હુમલાઓ અને ત્યારબાદ વહીવટીતંત્રની કાર્યવાહીને લગતો વિવાદ ચાલુ છે. હવે, સંસ્થાના પૂર્વ વિદ્યાર્થીઓએ આ ઘટનાઓની સ્વતંત્ર તપાસ કરવા માટે ત્રણ સભ્યોની તથ્ય શોધ સમિતિની રચના કરી છે. તેમાં અભિનેત્રી રત્ના પાઠક શાહ, લેખિકા અનિતા અગ્નિહોત્રી અને પૂર્વ અમલદાર જવાહર સરકારનો સમાવેશ થાય છે. ધ વાયર હિન્દી સાથેની વાતચીતમાં, સમિતિના સભ્ય અને પૂર્વ કેન્દ્રીય માહિતી અને પ્રસારણ સચિવ જવાહર સરકારે પશ્ચિમ બંગાળ સરકાર દ્વારા રચાયેલી વિશેષ તપાસ ટીમ (SIT)ની કામગીરી પર પ્રશ્ન ઉઠાવ્યો. તેમણે કહ્યું કે SIT દોઢ મહિનાથી વધુ સમયથી કાર્યરત છે, પરંતુ તેણે હજુ સુધી કોઈ પણ વિદ્યાર્થીના નિવેદનો નોંધ્યા નથી.





સુપ્રીમ કોર્ટે ઉત્તરપ્રદેશ સરકારની અરજી ફગાવી દીધી, બનાવટી જન્મ પ્રમાણપત્ર કેસમાં આઝમ ખાન, પત્ની અને પુત્રની સજાને સ્થગિત કરી

(એજન્સી) તા.૧૭

સુપ્રીમ કોર્ટે મંગળવારે અલ્હાબાદ હાઈકોર્ટના આદેશ સામે ઉત્તરપ્રદેશ સરકારની અપીલ ફગાવી દીધી, જેમાં સમાજવાદી પાર્ટીના નેતા આઝમ ખાનને બનાવટી જન્મ પ્રમાણપત્ર કેસમાં સજા સ્થગિત કરવાનો આદેશ આપવામાં આવ્યો હતો. ન્યાયાધીશ દીપાંકર દત્તા અને શીલ નાગુની બેન્ચે ખાનની પત્ની, તાઝીન ફાતમા અને પુત્ર, અબ્દુલ્લા આઝમ ખાનને પણ આ જ રાહત આપી. રાજ્યની અપીલ ફગાવી દેતી વખતે, કોર્ટે ફાતમા અને અબ્દુલ્લા દ્વારા હાઈકોર્ટ દ્વારા તેમની સજા સ્થગિત કરવાના ઇનકાર સામે દાખલ કરવામાં આવેલી અપીલને મંજૂરી આપી. "અમે રાજ્યની અપીલ ફગાવી દીધી છે અને અબ્દુલ્લા આઝમ ખાન અને તાઝીન ફાતિમા દ્વારા દાખલ કરવામાં આવેલી અપીલને મંજૂરી આપવામાં આવી છે," બેન્ચે અવલોકન કર્યું. આ કેસ એવા આરોપોથી ઉદ્ભવ્યો છે કે અબ્દુલ્લાએ અલગ અલગ જન્મ તારીખો



સાથે બે જન્મ પ્રમાણપત્રો મેળવ્યા હતા - ૧ જાન્યુઆરી, ૧૯૯૩ અને ૩૦ સપ્ટેમ્બર, ૧૯૯૦. ભાજપના નેતા આકાશ સક્સેનાએ, જે હવે રામપુરના ધારાસભ્ય છે, જાન્યુઆરી ૨૦૧૯માં ફરિયાદ દાખલ કરી હતી કે અબ્દુલ્લા ૨૦૧૭ની ઉત્તર પ્રદેશ વિધાનસભા ચૂંટણી લડી શકે તે માટે છેતરપિંડીથી બીજું પ્રમાણપત્ર મેળવવામાં આવ્યું હતું. રામપુરની એક ટ્રાયલ કોર્ટે ૧૮ ઓક્ટોબર, ૨૦૨૨ના રોજ આઝમ ખાન, ફાતમા અને અબ્દુલ્લાને દોષિત ઠેરવ્યા હતા, ભારતીય દંડ સંહિતા હેઠળ છેતરપિંડી, બનાવટી અને ગુનાહિત કાવતરું સહિતના ગુનાઓ માટે દરેકને સાત વર્ષની કેદની સજા ફટકારી હતી. અલ્હાબાદ હાઈકોર્ટે બાદમાં ત્રણેયની સજા સ્થગિત કરી હતી અને તેમને જામીન આપ્યા હતા. જો કે, તેણે ફક્ત આઝમ ખાનની સજાને સ્થગિત કરી દીધી હતી, નોંધ્યું હતું કે તેણે બીજા જન્મ પ્રમાણપત્ર માટે માહિતી પૂરી પાડી હતી તે દર્શાવવા માટે કોઈ સામગ્રી નહોતી. તેણે ફાતમા અને અબ્દુલ્લાને સમાન રાહત આપવાનો ઇનકાર કર્યો હતો. મંગળવારના આદેશ સાથે, સુપ્રીમ કોર્ટે હવે ત્રણેયની સજાને સ્થગિત કરી દીધી છે.

બંગાળ ભાજપના વડાએ ખ્રિસ્તી મિશનરી શાળાઓ બંધ કરવાની ધમકી આપી, 'ભારત વિરોધી પ્રવૃત્તિઓ'નો આરોપ લગાવ્યો

પશ્ચિમ બંગાળ ભાજપના વડા સમિક ભટ્ટાચાર્યએ કોઈપણ સંસ્થાનું નામ લીધા વિના, અનામી 'ભારત વિરોધી પ્રવૃત્તિઓ' અને બળજબરીથી ધર્માંતરણના આરોપ હેઠળ ખ્રિસ્તી મિશનરી શાળાઓ બંધ કરવાની ધમકી આપી

(એજન્સી) તા.૧૭

ભારતીય જનતા પાર્ટીના પશ્ચિમ બંગાળના વડા સમિક ભટ્ટાચાર્યએ રવિવારે રાજ્યમાં ખ્રિસ્તી મિશનરી શાળાઓ બંધ કરવાની ધમકી આપી, આરોપ લગાવ્યો કે તેમાંથી કેટલીક "ભારત વિરોધી પ્રવૃત્તિઓ"માં સંડોવાયેલી જોવા મળી છે. રાજ્યમાં ધાર્મિક લઘુમતીઓને લક્ષ્ય બનાવતા અન્ય એક દ્વેષપૂર્ણ ભાષણમાં, ભટ્ટાચાર્યએ દાવો કર્યો કે પશ્ચિમ બંગાળમાં ખ્રિસ્તી મિશનરી સંસ્થાઓ બળજબરીથી ધાર્મિક ધર્માંતરણમાં સામેલ છે. જોકે, તેમણે કોઈ સંસ્થાનું નામ લીધું નથી. આદિવાસી નેતા બિરસા મુંડાની જન્મજયંતિ નિમિત્તે એક કાર્યક્રમમાં બોલતા, ભટ્ટાચાર્યએ દાવો કર્યો કે આસનસોલમાં ધાર્મિક ધર્માંતરણ થઈ રહ્યું છે. તેમણે કહ્યું કે ખ્રિસ્તી મિશનરી સંસ્થાઓ "સ્વૈચ્છિક રીતે તેમનો વિશ્વાસ ફેલાવી" શકે છે. "પરંતુ બળજબરીથી,




લાલચ આપીને, જો તેઓ હિન્દુ જીવનશૈલી વિરુદ્ધ આવું કરે છે, તો શાળા ચલાવનારાઓને બક્ષવામાં આવશે નહીં," ભાજપના નેતાએ કહ્યું. ભટ્ટાચાર્યએ એવો પણ આરોપ લગાવ્યો હતો કે "કલકત્તાની એક પ્રતિષ્ઠિત શાળા" એ ભાજપ કાર્યકરને કહ્યું હતું કે તે ભગવા સાડી પહેરીને પરિસરમાં પ્રવેશી શકશે નહીં અને "વિદ્યાર્થીઓ સમક્ષ ક્યારેય ચન્દ્રિન્દુ દેવતા કૃષ્ણનું નામ ઉચ્ચારશે નહીં"."યાદ રાખો, આ સરકાર ચમુથલ સમ્રાટ બાબરની સરકાર નથી," ભટ્ટાચાર્યએ કહ્યું. "આ સરકાર બ્રિટિશ વારસાને સમર્થન આપવાનો પ્રયાસ કરી રહી નથી." ભટ્ટાચાર્યએ "વાલીઓને" કથિત બળજબરીથી ધર્માંતરણ સામે "ઉભા" થવા કહ્યું અને દાવો કર્યો કે કોલકાતાની એક અજાણી શાળાના એક અજાણ્યા અધિકારીએ "પોતાના ચેમ્બરમાં, ટેબલ પર, પાકિસ્તાની ધ્વજ મૂક્યો હતો". અનેક અધિકાર સંગઠનોએ એવો દાવો કર્યો છે કે બળજબરીથી ધર્માંતરણના આરોપોનો ઉપયોગ સમગ્ર ભારતમાં મુસ્લિમો અને ખ્રિસ્તીઓ સહિત ધાર્મિક લઘુમતીઓ સામે રાજ્ય અને બિન-રાજ્ય બંને પ્રકારના પરિબળો દ્વારા વ્યાપક હિંસા માટે બહાના તરીકે કરવામાં આવે છે.

'બહુ મોડું થઈ જાય તે પહેલાં મને ન્યાય આપો' : ઈમરાન ખાનની પાકિસ્તાનના ટોચના ન્યાયાધીશોને અપીલ

(એજન્સી) ઈસ્લામાબાદ, તા.૧૭

પાકિસ્તાનના પૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાને સોમવારે દેશના ત્રણ ટોચના ન્યાયાધીશોને અપીલ કરી છે કે તેઓ સુપ્રીમ કોર્ટના આદેશોનું પાલન સુનિશ્ચિત કરે અને તેમના તથા તેમની પત્ની બુશરા બીબીની તબીબી સ્થિતિને ધ્યાનમાં રાખીને યોગ્ય સારવાર મળે તે માટે પગલાં લે. તેમણે ન્યાયાધીશોને વિનંતી કરી કે "ઘણું મોડું થઈ જાય તે પહેલાં" તેમને ન્યાય આપવામાં આવે. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે ન્યાયતંત્ર તરફથી તેમને ન્યાય મળવાનું બંધ થઈ ગયું છે અને જેલ મેન્યુઅલ, જેલના નિયમો તેમજ તેમના બંધારણીય અધિકારોનું "ખુલ્લેઆમ અને બેફામ ઉલ્લંઘન" થઈ રહ્યું છે. પાકિસ્તાનના ચીફ જસ્ટિસ, ફેડરલ કોન્સ્ટિટ્યુશનલ કોર્ટના ચીફ જસ્ટિસ અને ઈસ્લામાબાદ હાઈકોર્ટના ચીફ જસ્ટિસને લખેલા એક પત્રમાં — જે તેમના વકીલ સલમાન સફદરે 'X' (ટ્વિટર) પર શેર કર્યો છે — ઈમરાન ખાને પોતાની અને પોતાની પત્નીની કથળતી જતી સ્વાસ્થ્ય સ્થિતિ વિશે વિગતવાર જણાવ્યું છે. તેમણે ત્રણેય ન્યાયાધીશોને વિનંતી કરી છે કે તેમને તબીબી સારવાર મેળવવાની સુવિધા આપવામાં આવે. ખાને ઉલ્લેખ કર્યો કે ૭૦ વર્ષ સુધી તેમની સામે એક પણ ફોજદારી કેસ નોંધાયો ન હતો. તેમણે વધુમાં જણાવ્યું, "ત્યારબાદ, ૭૦ વર્ષની ઉંમર પછી, રાજકીય બદલાની ભાવનાથી એક અભૂતપૂર્વ અને ક્રૂર અભિયાન શરૂ થયું: અસંખ્ય મુકદ્દમાઓ, કોર્ટમાં સોથી વધુ વખત હાજરી, વારંવાર ધરપકડ પૂર્વે જામીન (pre-arrest bail) માટેની અરજીઓ, અને મારા પર જીવલેણ હુમલો પણ થયો — જેમાં અલ્લાહની કૃપાથી હું બચી ગયો. આ તમામ પરિસ્થિતિઓ વચ્ચે, મેં કાયદાના માર્ગને પસંદ કર્યો. મેં નક્કી કર્યું કે હું રાજકીય પ્રેરિત આ તમામ કેસો સામે કોર્ટમાં લડીશ અને હું ક્યારેય અટક્યો નથી." ''સમયાંતરે મને રાહત મળતી રહી અને દરેક વખતે તેનાથી મારો એ વિશ્વાસ દ્રઢ થતો ગયો કે અંતે ન્યાયની જીત થશે. જોકે, બંધારણીય સુધારાઓ બાદ આ રાહતનું ક્ષેત્ર સીમિત થઈ ગયું અને પછી સંપૂર્ણપણે બંધ થઈ ગયું. અત્યંત દુઃખ સાથે કહેવું પડે છે કે, જ્યારે મને સૌથી વધુ જરૂર હતી, ત્યારે જે વ્યવસ્થા પર મેં ભરોસો મૂક્યો હતો, તેણે મને કોઈ મદદ કરી નહીં. અદિયાલા (જેલ)ની ચાર દીવાલોની વચ્ચે, મેં અને મારી પત્નીએ એક પછી એક ફોજદારી મુકદ્દમાઓનો સામનો કર્યો છે અને અમારી અપીલો પર હજુ પણ નિર્ણય આવવાનો બાકી છે. તેમ છતાં, મેં ક્યારેય તબીબી કારણોસર રાહત માંગી નથી, કે બીમારીનો ઉપયોગ કોઈ યુક્તિ તરીકે કર્યો નથી. મેં આત્મવિશ્વાસ સાથે, કેસના ગુણદોષના આધારે લડત આપી છે અને હજુ પણ આપી રહ્યો છું,'' તેમણે ઉમેર્યું. ઈમરાન ખાને જણાવ્યું કે ૨૦૨૫માં તોશાખાના કેસમાં ચુકાદો આવ્યા બાદ, તેમને બહારની દુનિયાથી ''સંપૂર્ણપણે અલગ કરી દેવામાં આવ્યા હતા, તેમનો સંપર્ક તોડી નાખવામાં આવ્યો હતો અને તેમને બાહ્ય જગતથી સાવ કપાયેલી સ્થિતિમાં રાખવામાં આવ્યા હતા.'' ઈમરાન ખાને કહ્યું કે તેમને તેમના પરિવાર અને વકીલોને મળવાની મંજૂરી આપવામાં આવી ન હતી, તેમજ તેમને પુસ્તકો કે ટેલિવિઝન સુધી પહોંચવા પણ દેવામાં આવ્યા ન હતા. પત્રમાં ઈમરાન ખાને લખ્યું, ''મહિનાઓ સુધી વકીલ સાથે સંપર્ક ન થયા પછી, ૧૦ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ મારા વકીલ મને મળી શક્યા, કારણ કે માનનીય સર્વોચ્ચ અદાલતે તેમને 'એમિકસ ક્યુરી' (અદાલતના મિત્ર/સહાયક) તરીકે મારી પાસે મોકલ્યા હતા. તેમણે જોયું કે મારી જમણી આંખની દ્રષ્ટિ ૮૫ ટકા જતી રહી છે અને આ વાતની જાણ મારા પરિવાર કે મારા વકીલને પણ કરવામાં આવી ન હતી. તે મુલાકાત પછી, ફરીથી સંપર્ક તૂટી ગયો અને જેલ પ્રશાસને સામૂહિક રીતે મને ફરી એકવાર એકલતામાં ધકેલી દીધો.'' ''આ આખા વર્ષ દરમિયાન, મને મારા વકીલને મળવાની માત્ર ચાર વાર મંજૂરી મળી છેઃ ૧૦ ફેબ્રુઆરીએ, ૮ એપ્રિલે, અને ત્યારબાદ લગભગ સાત મહિનાના લાંબા ગાળા પછી, ૨



અને ૧૧ નવેમ્બર ૨૦૨૬ના રોજ. મારી પત્ની, બુશરા બીબીને આખા વર્ષમાં માત્ર એક જ વાર તેમના વકીલને મળવાની મંજૂરી મળી છે. આ જેલ મેન્યુઅલ, જેલના નિયમો અને દરેક કેદીના વકીલ સાથે પરામર્શ કરવાના સૌથી પાયાના અધિકારનું ઉલ્લંઘન છે. આના કારણે, જે કેસોમાં અમે અમારો બચાવ કરવા માટે અસમર્થ બની ગયા છીએ,'' તેમણે વધુમાં કહ્યું. તેમણે કહ્યું કે લાંબા સમય સુધી એકાંતવાસમાં રાખવાને કારણે અને અન્ય લોકો સાથે કોઈ પણ પ્રકારના અર્થપૂર્ણ સંપર્કનો અભાવ હોવાથી તેમના માનસિક સ્વાસ્થ્ય પર ગંભીર અસર પડી છે. તેમણે આ સ્થિતિને "માત્ર કેદ જ નહીં, પરંતુ એક ક્રૂર અને અસામાન્ય સજા" ગણાવી. તેમણે જણાવ્યું કે તેમને તેમની પત્નીને મળવાની મંજૂરી આપવામાં આવી નથી, જ્યારે તેમની બહેનોને પણ કસ્ટડીમાં રાખવામાં આવી છે. ઈમરાન ખાને કહ્યું કે અદાલતોના સ્પષ્ટ આદેશો હોવા છતાં, તેમના બે પુત્રોને તેમની સાથે ફોન પર વાત કરવાની મંજૂરી આપવામાં આવતી નથી. તેમણે કહ્યું કે જેલમાં રહેલા અન્ય કોઈ પણ વ્યક્તિને તેમની સાથે વાત કરવાની પરવાનગી નથી; એટલું જ નહીં, તેઓ તેમના 'સલામ'નો જવાબ પણ આપતા નથી, કે પછી જ્યારે તેઓ કુરાનની કોઈ આયત (શ્લોક) પઢે છે ત્યારે પણ કોઈ પ્રતિક્રિયા આપતા નથી. પોતાની પત્નીની આંખોની બગડતી જતી સ્થિતિનો ઉલ્લેખ કરતા ઈમરાન ખાને કહ્યું, "એપ્રિલ ૨૦૨૬માં, રેટિનાની તપાસ માટે તેમની આંખની એક જટિલ સર્જરી કરવામાં આવી હતી અને તે પછી તેમને સીધા જ ફરીથી એકાંતવાસમાં ધકેલી દેવામાં આવ્યા. જ્યારે મેં તેમને તે પછીના મહિને જોયા, ત્યારે તેઓ ન તો પ્રકાશ સહન કરી શકતા હતા કે ન તો પોતાની આંખો ખોલી શકતા હતા. જો બીજી સર્જરી કરવામાં નહીં આવે, તો તેઓ કાયમ માટે પોતાની દ્રષ્ટિ ગુમાવી શકે છે. તેમના તબીબી રેકોર્ડ્સ છુપાવી રાખવામાં આવ્યા છે અને જેલ સત્તાવાળાઓ તેમની સજા સ્થગિત કરવાની વાતને ફગાવી દે છે, જ્યારે કાયદામાં મહિલા કેદીઓ પ્રત્યે સંવેદનશીલતા દર્શાવવામાં આવી છે." પોતાના સ્વાસ્થ્ય વિશે વાત કરતા, ઈમરાન ખાને ૧૮ ઓગસ્ટે સુપ્રીમ કોર્ટ દ્વારા આપવામાં આવેલા એક આદેશનો ઉલ્લેખ કર્યો, જે જેલ સત્તાવાળાઓના અહેવાલને ધ્યાનમાં લીધા બાદ જારી કરવામાં આવ્યો હતો. અદાલતે નિર્દેશ આપ્યો હતો કે તેમને બે દિવસની અંદર 'શિફા ઈન્ટરનેશનલ હોસ્પિટલ'માં ખસેડવામાં આવે, જ્યાં કાર્ડિયોલોજિસ્ટ (હૃદયરોગ નિષ્ણાત) અને આંખના નિષ્ણાત સહિતનું તબીબી બોર્ડ તેમની તપાસ કરે. સાથે જ, તેમને તેમના પરિવાર સાથે સાપ્તાહિક મુલાકાત કરવાની અને અઠવાડિયામાં બે વાર તેમના પુત્રો સાથે ફોન પર વાત કરવાની મંજૂરી આપવામાં આવે. તેમણે કહ્યું: "તે આદેશનો અમલ કરવામાં આવ્યો નથી. મારો કેસ હવે ફેડરલ કોન્સ્ટિટ્યુશનલ કોર્ટ (સંઘીય બંધારણીય અદાલત) સમક્ષ છે અને સુનાવણીની રાહ જોઈ રહ્યો છે." તેમણે તેમના 'અલ-કાદિર ટ્રસ્ટ' કેસને આપવામાં આવેલી અગ્રતા પર પણ સવાલ ઉઠાવ્યા. તેમણે અન્ય જૂની અપીલો કરતાં પોતાની અપીલને પ્રાધાન્ય આપવા વિનંતી કરી, કારણ કે તેમના પોતાના સ્વાસ્થ્ય, તેમની પત્નીની દ્રષ્ટિની સમસ્યા અને અદાલતના અમલી ન થયેલા આદેશો તરફ કોઈનું ધ્યાન ગયું ન હતું. પત્રમાં તેમણે લખ્યું, "મારી પત્નીની નબળી પડતી દ્રષ્ટિ અને માનનીય સર્વોચ્ચ અદાલતનો અમલી ન થયેલો આદેશ મને આ પત્ર લખવા માટે મજબૂર કરે છે. એકાંતવાસમાં (solitary confinement), મારું બ્લડ પ્રેશર અનિયંત્રિત થઈ ગયું છેઃ પહેલાં ૧૩૦, પછી ૧૫૦, ત્યારબાદ ૧૭૦ અને ગયા અઠવાડિયે ૧૦.૧૧.૨૦૨૬ના રોજ તે ૧૯૨ અને ૧૯૩ સુધી પહોંચી ગયું હતું. ડોક્ટરો હવે કહે છે કે મને બ્રેઈન હેમરેજ (મગજમાં રક્તસ્રાવ) અને કાર્ડિયાક અરેસ્ટ (હૃદય બંધ પડી જવું) થવાનું ભારે જોખમ છે, અને મારા હૃદયને પહેલેથી જ નુકસાન પહોંચ્યું છે. ચોથોતેર વર્ષની ઉંમરે, આ અસહ્ય પરિસ્થિતિ મને એવી સ્થિતિમાં ધકેલી રહી છે જ્યાંથી કદાચ હું જીવતો પાછો ન પણ આવી શકું. મેં અસંખ્ય કેસોમાં અશક્ય કાયદાકીય લડાઈઓ લડી છે, અને હું ક્યારેય અટક્યો નથી." "પરંતુ વ્યવસ્થાએ મને ન્યાય આપવાનું બંધ કરી દીધું છે. જેલ મેન્યુઅલ, જેલના નિયમો અને મારા બંધારણીય અધિકારોનું ખુલ્લેઆમ ઉલ્લંઘન થઈ રહ્યું છે અને માનનીય અદાલતોના આદેશો પણ અમલમાં મુકાયા નથી. મેં મારું જીવન હોસ્પિટલો બનાવવામાં વિતાવ્યું છે, જેથી જે લોકો સારવારનો ખર્ચ ઉઠાવી શકતા નથી તેમને મફત સારવાર મળી શકે. આજે, હું માત્ર એટલું જ માંગું છું કે મારી પત્ની અને મારી સારવાર કરવામાં આવે. હું આપની સમક્ષ કોઈ વિશેષ કૃપાની માંગણી નથી કરતો. ન્યાયના ભાગરૂપે હું

વાસ્મો યોજના હેઠળ વર્ષ - ૨૦૨૨માં

દ્વારકાના વરવાળામાં રૂા.૨.૭૦ કરોડનાં ખર્ચે બનેલી પાણીની ટાંકી "શોભાના ગાંઠિયા" સમાન

કરોડોનો ખર્ચ કરવા છતાં ગામ લોકો પાણીથી વંચિત : શું આ છે દ્વારકાનો વિકાસ ?

દ્વારકા, તા.૧૭

દેવભૂમિ દ્વારકા જિલ્લાના ઓખા મંડળ તાલુકાના વરવાળા ગામમાં ગુજરાત સરકાર પુરસ્કૃત વાસ્મો યોજના હેઠળ રૂપિયા ૨.૭૦ કરોડના ખર્ચે પાણીની ઓવરહેડ ટાંકી બનાવવામાં આવી છે. અહીં ટાંકીના રૂમમાં પમ્પ છે જ નહીં, માત્ર મીટર ફીટ કરેલું છે. અહીં દીવાલ પર કામ પૂર્ણ થયા તા.૧/૧૦/૨૦૨૨ દર્શાવેલી છે પરંતુ આજદિન સુધી આ પાણીની ટાંકી શોભાના ગાંઠિયા જેમ ઊભી છે. શું આ છે દ્વારકાનો વિકાસ ? શું આ છે પાણીનો જાદુઈ ટાંકો ?

પ્રાપ્ત માહિતી અનુસાર દેવભૂમિ દ્વારકા જિલ્લાના વરવાળા ગામમાં કરોડોના ખર્ચે બનેલી પાણીની ટાંકી છતાં ગામ લોકોને પાણી નથી મળતું દ્વારકા તાલુકાના વરવાળા ગામે ગુજરાત સરકાર પુરસ્કૃત WASMO યોજના હેઠળ પાણીની ટાંકી બનાવવામાં આવી છે. અહીં દીવાલ પર લગાવેલા બોર્ડ મુજબ યોજનાનું નામ : ગુજરાત સરકાર પુરસ્કૃત, WASMO - ગામના પાણી પુરવઠા અને સ્વચ્છતા સમિતિ ગામ : વરવાળા, તા.દ્વારકા - કુલ અંદાજિત ખર્ચ : રૂા. ૨,૭૦,૮૪,૦૭૧/- કામ શરૂ થયા તારીખ : ૩/૦૨/૨૦૨૦ - કામ પૂર્ણ થયા તારીખ : ૧/૧૦/૨૦૨૨ બોર્ડમાં પાણી પુરવઠાના કામની સંપૂર્ણ વિગતો લખેલી છે. જેમાં ટાંકીની ક્ષમતા, પાઇપલાઇન, પંપ, અને અન્ય કામો માટે લાખો રૂપિયાનો ખર્ચ દર્શાવવામાં આવ્યો છે.

જેમ કે, ટાંકી / બાંધકામ માટે રૂ. ૩૫,૬૮,૫૦૦/- પાઇપલાઇન માટે રૂા.૭૩,૭૨,૧૭૨/- અન્ય કામો માટે રૂા.૧,૪૮,૪૫,૫૦૦/- અને કુલ ખર્ચ રૂા.૨,૭૦,૮૪,૦૭૧/- જેટલો દર્શાવાયો છે. પરંતુ હકીકત શું છે ? ટાંકીના રૂમની અંદર બધું ખાલી અને બિસ્માર હાલતમાં છે. દીવાલો પર તિરાડો, નીચે કચરો, અને વીજ મીટર પણ કાટ ખાધેલી હાલતમાં છે. પમ્પ છે જ નહીં બહારથી ટાંકી મોટી અને નવી લાગે છે, પણ અંદરથી જાળવણીનો સંપૂર્ણ અભાવ દેખાય છે. સવાલ એ છે કે, કરોડો રૂપિયા ખર્ચ્યા પછી પણ જો ગામ લોકોને પૂરતું અને નિયમિત પાણી ન મળતું હોય, તો આ ખર્ચનો હિસાબ કોણ આપશે ? ગામ લોકોની માંગ છે કે, તંત્ર આ ટાંકીની તપાસ કરે અને પાણીની સમસ્યાનો કાયમી ઉકેલ લાવે.

માતર : 'રણાસર-લીંબાસી પંથકની બાયોટેક' કંપની પર જનતા રેડમાં ઝેરી ગેસ મીટર પર VOC '999 Over' નોંધાયો

પ્રજાએ હવામાં દુર્ગંધ વધતા મધરાત્રીએ કંપનીમાં જઈને વાયુ પ્રદૂષણ માપી કલેક્ટરને આ બાબતે રજૂઆત કરી

(સંવાદદાતા દ્વારા)

નડિયાદ, તા.૧૭

ખેડા જિલ્લાના માતર તાલુકાના રણાસર અને લીંબાસી પંથકમાં આવેલી 'મેસર્સ કોનકોર્ડ બાયોટેક લિમિટેડ (યુનિટ-૩)' કંપની દ્વારા આસપાસના ગ્રામજનોના આરોગ્ય અને જીવ સાથે ખુલ્લેઆમ ચેડાં કરવામાં આવી રહ્યા હોવાની અત્યંત ચોંકાવનારી અને ગંભીર ઘટના સામે આવી હોવાના પ્રજા આક્ષેપ છે. દિવસ દરમિયાન સરકારી તપાસની આંખમાં ધૂળ નાખતી આ કંપની દ્વારા મધ્યરાત્રિના અંધારામાં હવામાં જીવલેણ અને ઝેરી કેમિકલ વાયુઓ છોડવામાં આવતા હોવાનો ઘટસ્ફોટ જાગૃત નાગરિકો દ્વારા વૈજ્ઞાનિક પુરાવાઓ સાથે કરવામાં આવ્યો છે. કંપનીના જ કેલિબ્રેટેડ મલ્ટી-ગેસ ડિટેક્ટર મશીનમાં હવાની ગુણવત્તા તપાસતા ઝેરી વાયુનું પ્રમાણ માપવાની મહત્તમ મર્યાદા (999 ppm) પણ વટાવી જતાં ગ્રામજનોમાં ભારે રોષ અને ભયનો માહોલ ફેલાયો છે. પ્રજા આક્ષેપ સાથે કહે છે કે તા. ૧૬/૧૧/૨૦૨૬ની રાત્રે અને તા.૧૭/૧૧/૨૦૨૬ના રોજ વહેલી સવારે ગ્રામજનો કંપનીના મેનેજમેન્ટની મંજૂરી મેળવીને કંપનીના ફાયરમેન અને સિક્યોરિટી ઓફિસરની ઉપસ્થિતિમાં કંપની પરિસરમાં પહોંચ્યા હતા. ત્યાં કંપનીના જ કેલિબ્રેટેડ ગેસ ડિટેક્ટર મશીન વડે GPS લોકેશન અને ચોક્કસ સમય સાથે લેવાયેલા રીડિંગ્સ અત્યંત ભયજનક સ્થિતિ બયાં કરે છે: રાત્રે ૧૧:૪૭ કલાકે (લીંબાસી ગામ, એસ.એચ.-૧૬ પાસે): પ્લાન્ટથી



આશરે ૨ કિલોમીટર દૂર ગામની હવામાં VOC (Volatile Organic Compounds) 2 ppm yTMu H?S (હાઇડ્રોજન સલ્ફાઇડ) 0.0 ppm નોંધાયો હતો. રાત્રે ૧૨:૩૩ કલાકે (કંપનીના ETP પ્લાન્ટ પાસે): VOCનું પ્રમાણ વધીને 78 ppm અને સડેલા ઈંડા જેવી તીવ્ર દુર્ગંધ ફેલાવતો ઝેરી વાયુ H?S 1.2 ppm નોંધાયો હતો. રાત્રે ૧૨:૩૬ કલાકે (માત્ર ૧૪ મીટરના અંતરે, ૩ મિનિટ બાદ): ETP પ્લાન્ટમાંથી અચાનક ઝેરી કેમિકલ સોલ્વન્ટ્સની બાષ્પ છોડાતા VOCનું પ્રમાણ '999 Over ppm' પર પહોંચી ગયું હતું, જે મશીનની માપવાની મહત્તમ ક્ષમતા કરતાં પણ વધુ હતું. આ સાથે જ મશીનની લાલ ડેન્જર એલાર્મ લાઇટ્સ સળગી ઊઠી હતી અને H?S 0.6 ppm નોંધાયો હતો. આ દરમિયાન કાર્બન મોનોક્સાઇડ (CO) 0 ppm અને ઓક્સિજન ૨૦.૩% સામાન્ય રહ્યો હતો, જે સાબિત કરે છે કે આ ધુમાડો કચરા કે લાકડા સળગવાનો નહીં પરંતુ રાસાયણિક સોલ્વન્ટ્સનો છે. ગામની હવામાં VOC માત્ર 2 ppm હતો જ્યારે કંપનીના ETP પાસે તે 999+ ppm નોંધાયો, એટલે કે ગામની હવા કરતા અંદાજે ૫૦૦ ગણું વધુ ઝેર હવામાં ભળતું હતું. ફાર્માસ્યુટિકલ પ્રક્રિયામાં વપરાતા મિથેનોલ, ટોલ્યુઈન અને એસીટોન જેવા ઝેરી સોલ્વન્ટ્સને કોઈપણ પ્રકારની ટ્રીટમેન્ટ વગર સીધા જ વાતાવરણમાં છોડવામાં આવી રહ્યા છે. આના પરિણામે રણાસર, લીંબાસી અને માલાવાડાના રહીશો, વૃદ્ધો અને નાના બાળકોને દરરોજ રાત્રે ગળામાં તીવ્ર બળતરા, આંખો બળવી, માથામાં અસહ્ય દુખાવો, ઉબકા અને ગૂંગળામણ જેવી ગંભીર શારીરિક સમસ્યાઓનો સામનો કરવો પડી રહ્યો છે. એક તરફ કંપનીની દીવાલના બાકોરાં વાટે નીકળતું કેમિકલયુક્ત કાળું ઝેરી પાણી ખેતરોમાં ફરી વળતાં ઊભો ડાંગરનો પાક બળીને નાશ પામ્યો છે અને ૨૦૦થી ૩૦૦ ફૂટ દૂર આવેલી મહી સિંચાઈ કેનાલનું પીવાનું પાણી પણ દૂષિત થવાનો ભય પેદા થયો છે, તો બીજી તરફ મધ્યરાત્રિએ 999+ ppm જેટલો ઝેરી ગેસ છોડીને માનવજાતિના અસ્તિત્વ સામે ખુલ્લો ખતરો ઊભો કરાયો છે. ગ્રામજનોએ સ્પષ્ટ ચીમકી ઉચ્ચારી છે કે જો આ નક્કર વૈજ્ઞાનિક પુરાવાઓ હોવા છતાં વહીવટી તંત્ર દ્વારા વહેલી તકે કોઈ જ કડક પગલાં નહીં લેવામાં આવે, તો ઉગ્ર જનઆંદોલન છેડવામાં આવશે તેમજ નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલ (NGT) અને ગુજરાત હાઇકોર્ટના દરવાજા ખટખટાવીને ન્યાયની માંગ કરવામાં આવશે.

તંત્ર સમક્ષ ઉગ્ર માંગણીઓ અને કાયદાકીય લડતની ચીમકી

ગામની પ્રજાએ આ બાબતે જિલ્લા કલેક્ટર, જિલ્લા પોલીસ વડા તેમજ GPCB (ગાંધીનગર અને નડિયાદ) સમક્ષ GPS લોકેશન અને વૈજ્ઞાનિક પુરાવાઓ સાથે લેખિત રજૂઆત કરવામાં આવી છે જેમાં નીચેના મુદ્દાઓનો સમાવેશ થાય છે:

૧. GPCB, કલેક્ટર અને પોલીસની સંયુક્ત ટીમ દ્વારા રાત્રે ૯થી સવારે ૭ દરમિયાન અચાનક તપાસ હાથ ધરી ETP અને ગામની હદેથી VOC તથા H2Sના નમૂના NABL માન્ય લેબમાં ચકાસી સત્ય બહાર લાવવામાં આવે.

૨. ધી એર એક્ટ, ૧૯૮૧ની કલમ ૩૧(A) અને વોટર એક્ટ, ૧૯૭૪ની કલમ ૩૩(A) હેઠળ કંપનીનું વીજ જોડાણ અને પાણી પુરવઠો તાત્કાલિક કાપીને સખત ક્લોઝર ઓર્ડર (Closure Order) જારી કરવામાં આવે.

૩. જનજીવન જોખમમાં મૂકવા બદલ કંપનીના જવાબદાર સંચાલકો સામે ત્વરિત ફોજદારી ગુનો (FIR) દાખલ કરવામાં આવે.

૪. આરોગ્ય વિભાગ દ્વારા અસરગ્રસ્ત ગામોમાં તાત્કાલિક ઘર-ઘર મેડિકલ સર્વે કરવામાં આવે અને પાક ગુમાવનાર ખેડૂતોને યોગ્ય વળતર ચૂકવવામાં આવે.

સચીન પોલીસે કારમાંથી રૂા.૪.૬૨ લાખનો વિદેશી દારૂ ઝડપી પાડ્યો

(સંવાદદાતા દ્વારા)સુરત, તા.૧૭

સુરત શહેરમાં દારૂ અને જુગારની ગેરકાયદે પ્રવૃત્તિઓ પર અંકુશ લાવવા પોલીસ દ્વારા હાથ ધરવામાં આવેલી કામગીરી દરમિયાન સચીન પોલીસે વિદેશી દારૂની હેરાફેરી કરતા એક યુવકને ઝડપી પાડ્યો છે. પોલીસે કારચાલક સહિત રૂા.૧૦.૬૭ લાખનો મુદ્દામાલ કબજે કરી નોંધપાત્ર પ્રોહિબિશનનો ગુનો નોંધ્યો છે.

પોલીસ કમિશનર સહિતના ઉચ્ચ અધિકારીઓ દ્વારા દિવાળીના તહેવારોને ધ્યાનમાં રાખીને શહેરમાં દારૂ અને જુગારની ગેરકાયદે પ્રવૃત્તિઓને ડામવા સૂચના આપવામાં આવી હતી. આ સૂચનાના આધારે પોલીસ ઈન્સ્પેકટર પી.એન. વાઘેલાનાનેતૃત્વ હેઠળ અને પો.સબ ઈન્સ્પેકટર એન.ડી. ડામોરના માર્ગદર્શન હેઠળ સચીન પોલીસ સ્ટેશનનો સર્વેલન્સ સ્ટાફ પેટ્રોલિંગમાં હતો. તે દરમિયાન એએસઆઈ ઇન્દ્રજીતસિંહ અમરસંગ વનારને મળેલી બાતમીના આધારે પોલીસે સચીન-મોઠીણી-નિયોલ રોડ પર બુલેટ ટ્રેનના થાંભલા નંબર ૨૯૧ પાસે વોચ ગોઠવી હતી. દરમિયાન સફેદ કલરની જીજે૧૨-એફએ-૭૦૦૧ નંબરની આઈ-૨૦ કારમાંથી દારૂનો જથ્થો મળી આવતાં પોલીસે કારચાલક ચીરાગ પ્રહલાદભાઈ પરમાર (ઉ.વ.૨૪, રહે. વિહતનગર, કડોદરા ચાર રસ્તા)ને ઝડપી પાડ્યો હતો. તપાસ દરમિયાન કારમાંથી અલગ અલગ બ્રાન્ડની નાની-મોટી દારૂની ૧૮૦ બોટલ અને બિયરના ૫૫૨ ટીન મળી કુલ ૨૩૫૨ નંગ મળી આવ્યા હતા. જેની કિંમત રૂા.૪,૬૨,૦૦૦ થાય છે. આ ઉપરાંત રૂા.૬ લાખની કાર અને રૂા.૫ હજારનો મોબાઇલ ફોન મળી કુલ રૂા.૧૦,૬૭,૦૦૦નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો.

ઉધનાના સફાઈ કામદારના બેંક ખાતામાંથી રૂા.૧.૪૫ લાખ ઉપડી ગયા

મોબાઈલ હેક કરી ઠગોએ બે બેંક એકાઉન્ટ ખાલી કરી નાખ્યા

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૧૭

સુરતના ઉધના વિસ્તારમાં રહેતા એક સફાઈ કામદારનો મોબાઈલ ફોન હેક કરી અજાણ્યા ઠગે તેના બે અલગ-અલગ બેંક ખાતામાંથી કુલ રૂા.૧,૪૫,૯૦૦ ઉપાડી લેતાં ચકચાર મચી ગઈ છે. મોબાઈલ હેક કર્યા બાદ ઠગે ટુકડેટુકડે બેંક ખાતામાંથી નાણાં ટ્રાન્સફર કરી લીધા હતા. આ અંગે ભોગ બનનાર પોપટ નિરામન કાશીરામ વાલ્હેએ ઉધના પોલીસ મથકમાં અજાણ્યા શખ્સ વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી છે.

પોલીસ સૂત્રો દ્વારા પ્રાપ્ત થતી માહિતી અનુસાર ઉધનાના ભીમનગર આવાસ, બિલ્ડિંગ નં.૩૩, રૂમ નં.૨૯માં રહેતા અને સફાઈ કામ કરીને ગુજરાન ચલાવતા પોપટ વાલ્હેના બેંક ખાતામાંથી ગત તા.૧૧ નવેમ્બર ૨૦૨૬ના રોજ બપોરે ૧૨થી ૨ વાગ્યાના સમયગાળા દરમિયાન અજાણ્યા શખસે નાણાં ઉપાડી લીધાં હતાં. અજાણ્યા ઈસમે ફરિયાદીનો મોબાઈલ ફોન હેક કરી તેની જાણ બહાર બેંક ઓફ બરોડાના ઉધના રોડ નં.૧૦ શાખાના ખાતામાંથી ટુકડે-ટુકડે રૂા.૧,૦૦,૫૦૦ ઉપાડી લીધા હતા. આ ઉપરાંત એચડીએફસી બેંકના ખાતામાંથી પણ રૂા.૪૫,૪૦૦ ઉપાડી લીધા હતા. આમ, બંને બેંક ખાતામાંથી કુલ રૂા.૧,૪૫,૯૦૦ની રકમ ઉપાડી લઈ અજાણ્યા ઠગે છેતરપિંડી આચરી હતી.

ધોળકાના મેઈન બજારમાં ગટર ઉભરાતા વગર ચોમાસે કાદવ-કીચડનું સામ્રાજ્ય

શાક માર્કેટથી લકી ચોક સુધી ગંદકીના કારણે ખરીદી કરવા આવતા લોકોને હાલાકી



(તસવીર : લિયાકત મનસુરી, ધોળકા)

(સંવાદદાતા દ્વારા) ધોળકા, તા.૧૭

અમદાવાદ જિલ્લાના ધોળકા નગરના શાક માર્કેટથી લકી ચોક સુધીના મુખ્ય બજારમાં ગટરો ઉભરાવાની સમસ્યાના કારણે વગર ચોમાસે કાદવ-કીચડ અને ગંદકીનું સામ્રાજ્ય ફેલાયું છે. બજારમાં ખરીદી કરવા આવતા નગરજનો, ખાસ કરીને મહિલાઓને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. મુખ્ય બજારમાં ગટરનું ગંદુ પાણી ઉભરાઈને રસ્તા ઉપર ફેલાતાં કાદવ-કીચડની સ્થિતિ સર્જાઈ છે. જેના કારણે શાકભાજી સહિતની જીવનજરૂરી ચીજવસ્તુઓની ખરીદી કરવા આવતા લોકોને ગંદકીમાંથી પસાર થવાની ફરજ પડે છે. કાદવ-કીચડના કારણે રાહદારીઓનાં કપડાં પણ ગંદા થઈ જતા હોવાથી લોકોમાં ભારે નારાજગી જોવા મળી રહી છે. બીજી તરફ બજારમાં ફેલાયેલી ગંદકી અને ગટરનાં દુર્ગંધયુક્ત પાણીના કારણે વેપારીઓના વેપાર-ધંધા ઉપર પણ માઠી અસર પડી રહી છે. ધોળકા નગરના ધમધમતા મુખ્ય બજારની આવી સ્થિતિને પગલે નગરપાલિકાની સફાઈ વ્યવસ્થા સામે પણ સવાલો ઊભા થયા છે. ત્યારે ધોળકા નગરપાલિકા તંત્ર દ્વારા તાત્કાલિક યુદ્ધના ધોરણે મુખ્ય બજારમાં સફાઈ અભિયાન હાથ ધરી ઉભરાતી ગટરોની સમસ્યાનો કાયમી ઉકેલ લાવવામાં આવે અને નગરજનો તથા વેપારીઓને આ સમસ્યામાંથી મુક્તિ અપાવવામાં આવે તેવી પ્રબળ લોકમાંગ ઉઠવા પામી છે.

વડોદરાના આજવારોડ પર આવેલા સ્ક્રેપના ગોડાઉનમાં લાગેલી આગ ૪૮ કલાક બાદ ફરી ભડકી

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૧૭

આજવારોડ વિસ્તારમાં સ્ક્રેપના ગોડાઉનમાં લાગેલી આગ ૪૮ કલાકના સમયગાળા માં ફરીથી ભડકી ઉઠતાં ફાયર બ્રિગેડની મદદ લેવામાં આવી હતી.ફાયર બ્રિગેડ મહામહેનતે આગ પર કાબુ મેળવ્યો હતો. પ્રાપ્ત વિગતો અનુસાર, આજવારોડના સિકંદરપુરા નજીક બે દિવસ પહેલાં મધરાત્રે ફટાકડાને કારણે સ્ક્રેપના ગોડાઉનમાં આગ લાગતાં ફાયર બ્રિગેડને આગ પર કાબૂ લેતાં નાકે દમ આવી ગયો હતો. બનાવને પગલે સ્થાનિક રહીશોમાં ભયની લાગણી વ્યાપી હતી. ઉપરોક્ત આગ કાબૂમાં લીધા બાદ આજે બપોરે ફરીથી આ જ સ્થળે આગ ભભૂકી ઉઠતાં આસપાસના વિસ્તારોમાં ધુમાડા છવાયા હતા. ફાયર બ્રિગેડને જાણ કરાતાં પાણીનો મારો ચલાવી દોઢેક કલાક બાદ આગ કાબૂમાં લીધી હતી. પોલીસે પણ આ બનાવની નોંધ લીધી છે.

બોરસદના વાસણા નજીક અજાણ્યા વાહનની ટક્કરે બાઈકચાલકનું મોત

(સંવાદદાતા દ્વારા)

આણંદ, તા.૧૭

વાસણા(બો) કડવાપુરા જી.આઈ.ડી.સી. પાછળ રહેતા અને ભજીયાની લારી ચલાવી ગુજરાન ચલાવતા દિનેશભાઈ કેસરીસિંહ પરમારના ૨૬ વર્ષીય પુત્ર મિતુલકુમાર પાદરા તાલુકાના ડભાસા ગામે આવેલી ફાર્મા કંપનીમાં નોકરી કરતાં હતાં. ગત તારીખ ૧૭/૧૧/૨૦૨૬ના રોજ સવારના આશરે છ વાગ્યે મિતુલકુમાર પોતાના પિતાની બાઈક લઈને નોકરી પર જવા નીકળ્યાં હતાં. સવા છ વાગ્યાની આસપાસ વાસણાથી ખેડાસા જતા રોડ પર રામભાઈ માતાના મંદિરથી થોડે આગળ કોઈ અજાણ્યા વાહનચાલકે પોતાનું વાહન પુરઝડપે અને ગફલતભરી રીતે ચલાવી મિતુલકુમારના બાઈક સાથે ધડાકાભેર અથડાવતા મિતુલકુમારને માથાના તેમજ શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી. બીજી બાજુ અકસ્માત સર્જીને અજાણ્યો વાહનચાલક પોતાનું વાહન લઈને ઘટનાસ્થળેથી નાસી છૂટ્યો હતો. આ ઘટનાને લઈને આજુબાજુના લોકો દોડી આવ્યાં હતાં. પરિવારજનો દ્વારા ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે ઈજાગ્રસ્ત મિતુલકુમારને બોરસદ સરકારી દવાખાને ખસેડવામાં આવ્યાં હતાં, જ્યાં ફરજ પરના તબીબે તપાસીને મૃત્યુ પામેલ હોવાનું જાહેર કર્યું હતું.

આ બનાવ અંગે બોરસદ શહેર પોલીસે અજાણ્યા વાહનચાલક વિરૂદ્ધ ગુનો નોંધી તેને ઝડપી પાડવાના ચક્રો ગતિમાન કર્યા છે.

પાલનપુર ખાતે પદ્મશ્રી હાજી રમકડુંનો સન્માન કાર્યક્રમ યોજાયો



(તસવીર : અખ્તર ચૌહાણ, પાલનપુર)

પાલનપુર, તા.૧૭

ગુજરાતનું ગૌરવ અને સુપ્રસિદ્ધ કલાકાર પદ્મશ્રી. મીર હાજી કાસમ ભાઈ ઉર્ફે હાજી રમકડું હાજી રમકડાનું આજે પાલનપુર ખાતે ભવ્ય અને ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું.

પાલનપુર નગરપાલિકાના પ્રહલાદન ટાઉનહોલ ખાતે પદ્મશ્રી એવોર્ડ વિજેતા મીર હાજીભાઈ કાસમભાઈ (હાજી રમકડું)નો સન્માન સમારોહ પાલનપુર ખાતે યોજાયો હતો. સમસ્ત મીર મુસ્લિમ સમાજ દ્વારા આ કાર્યક્રમનું આયોજન પાલનપુર માં કરવામાં આવ્યું હતું. પાલનપુરના ધારાસભ્ય અનિકેતભાઈ ઠાકર પાલનપુર નગરપાલિકાના પ્રમુખ સુનિતાબેન પટેલ સહિત અન્ય રાજકીય આગેવાનો સંસ્થાના આગેવાનો સંચાલકો સમાજના આગેવાનો સમાજના અગ્રણીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા ગુજરાત લઘુમતી સમાજ અને દેશ ને ગૌરવ અપાવે તેવું મીર હાજી ભાઈ રમકડું પદ્મશ્રી એવોર્ડ મેળવીને સમગ્ર ગુજરાત માં સમાજનું નામ રોશન કર્યું છે.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન અંધારીયા મીર હાજીભાઈ અને મીર નિશારભાઈ દ્વારા કરવામાં આવ્યું હતું. જ્યારે આ પ્રસંગે મીર સમાજના આગેવાન અને મીર સમાજના પ્રમુખ ભારે જહેમત ઉઠાવી હતી ખુબજ મોટી સંખ્યામાં લોકોએ હાજરી આપી હતી.

નડિયાદના માતૃછાયા આશ્રમના ૧૧ માસના ભૂલકાને મળ્યો પિતાનો પ્રેમ

મુંબઈના સિંગલ ફાધર તબીબને દત્તક અપાયું

(સંવાદદાતા દ્વારા)

નડિયાદ, તા.૧૭

નડિયાદ સ્થિત માતૃછાયા અનાથ આશ્રમમાં આશ્રય લઈ રહેલા ૧૧ માસના માસૂમ બાળકના જીવનમાં આજનો દિવસ નવી આશા અને ખુશીઓનો સૂર્યોદય લઈને આવ્યો છે. ખેડા જિલ્લા કલેક્ટર એન.વી. ઉપાધ્યાયના હસ્તે આ બાળકને 'પ્રી-એડોપ્શન ફોસ્ટર કેર' (દત્તક પૂર્વેની સંભાળ) હેઠળ મુંબઈના એક તબીબ (સિંગલ ફાધર)ને સુપરત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે આશ્રમ પરિસરમાં અત્યંત ભાવુક અને લાગણીસભર દૃશ્યો સર્જાયા હતા.

નિરાધાર અને ત્યજાયેલાં બાળકોના સંરક્ષણ, સંભાળ અને પુનર્વસન માટે કાર્યરત નડિયાદની 'માતૃછાયા અનાથ આશ્રમ' સંસ્થા ખાતે આ ૧૧ માસનું બાળક ઉછરી રહ્યું હતું. બાળકને સુરક્ષિત વાતાવરણ અને ઉજ્જવળ ભવિષ્ય મળી રહે તે હેતુથી સરકારની કાયદેસરની દત્તક પ્રક્રિયાની તમામ જોગવાઈઓ અને જરૂરી તપાસની કાર્યવાહી પૂર્ણ કરવામાં આવી હતી. ત્યારબાદ મુંબઈ સ્થિત એકલ પિતા (સિંગલ ફાધર) તરીકે જવાબદારી સ્વીકારનાર તબીબને બાળકનો કબજો સોંપવામાં આવ્યો હતો.એક તબીબ દ્વારા સિંગલ પેરેન્ટ બનીને નિરાધાર બાળકને અપનાવવાનો આ નિર્ણય સમાજ માટે પ્રેરણારૂપ બન્યો છે. બાળકની સોંપણી વેળાએ જિલ્લા કલેક્ટર એન.વી. ઉપાધ્યાય તેમજ માતૃછાયા અનાથ આશ્રમના સંચાલક મંડળ અને સમગ્ર સ્ટાફે ભીની આંખે બાળકને વિદાય આપી હતી.

વડનગરમાં વિશ્વશાંતિ મહાયજ્ઞમાં મુખ્યમંત્રી ઉપસ્થિત રહ્યા

મહેસાણા, તા.૧૭

વડનગરમાં લોકકલ્યાણ, વિશ્વશાંતિ અને માનવજાતના સુખાકારીના હેતુ સાથે વિશ્વશાંતિ મહાયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. ધાર્મિક માહોલ અને વૈદિક મંત્રોચ્ચાર વચ્ચે યોજાયેલા આ મહાયજ્ઞમાં મોટી સંખ્યામાં સાધુ-સંતો, મહાનુભાવો અને ભાવિક ભક્તો જોડાયા હતા. આ ધાર્મિક મહોત્સવમાં ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે શંકરાચાર્યજીના આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા. ત્યારબાદ મુખ્યમંત્રીએ હાટકેશ્વર મહાદેવના મંદિરે જઈ દર્શન અને પૂજન કર્યું હતું.

મ્યુ. કમિશનરને રજૂઆત કરાઈ

વડોદરાના સ્લોટર હાઉસમાં મૃત પશુઓના અવશેષો ખુલ્લામાં મૂકી દેવાતા હોવાનો આક્ષેપ

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૧૭

વડોદરા શહેરના ગાજરાવાડી વિસ્તારમાં આવેલ મહાનગરપાલિકાના મૃત પશુ નિકાલ કેન્દ્રમાં ગંભીર બેદરકારી સામે આવી છે. અહીં મૃત ગાય તથા ગૌવંશના શરીર પરથી ચામડી ઉતારી લીધા બાદ તેમના કંકાલ અને હાડકાં ખુલ્લા મેદાનમાં રખડતા શ્વાનો માટે આહાર તરીકે મૂકી દેવામાં આવતા હોવાના આક્ષેપ થઈ રહ્યા છે. આ અંગે વિજયભાઈ એમ.ભાવસારે વડોદરા મહાનગરપાલિકાના મેયર, સ્થાયી સમિતિના ચેરમેન અને મ્યુનિસિપલ કમિશનરને લેખિત રજૂઆત કરી કાયદેસરની કડક કાર્યવાહી કરવાની માગ કરી છે. અરજદારના જણાવ્યા અનુસાર, આ પ્રશ્ન માત્ર સ્વચ્છતા અને જાહેર આરોગ્ય પૂરતો મર્યાદિત નથી, પરંતુ હિન્દુ સમાજની ગૌવંશ પ્રત્યેની ધાર્મિક આસ્થા અને લાગણી સાથે પણ જોડાયેલો છે. ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટ, ૧૯૪૯ની કલમ ૨૯૨, ૩૦૯ અને ૪૫૮ મુજબ મૃત પશુઓના અંતિમ નિકાલ તથા તેના નિયમનની જવાબદારી તંત્રની છે. આ ઘટનાને પગલે તંત્ર સમક્ષ કેટલીક મુખ્ય માગણીઓ રજૂ કરવામાં આવી છે, જેમાં ગાજરાવાડી કેન્દ્રની ઉચ્ચસ્તરીય તપાસ કરવી, ચામડી ઉતારવા અને હાડકાં વેચાણની મંજૂરી તપાસવી, ખુલ્લામાં અવશેષો નાખવાની પ્રવૃત્તિ તાત્કાલિક અટકાવવી અને જવાબદાર અધિકારીઓ સામે કાયદાકીય પગલાં લેવાનો સમાવેશ થાય છે. જો આ બાબતે યોગ્ય કાર્યવાહી કરવામાં નહીં આવે તો આગામી સમયમાં જિલ્લા કલેક્ટર, રાજ્ય સરકાર અને જરૂર પડ્યે ગુજરાત હાઈકોર્ટમાં દાદ માગવાની ચીમકી પણ ઉચ્ચારવામાં આવી છે.

અંકલેશ્વર શહેર અને GIDCમાં પાણીની કટોકટીની શક્યતા; તંત્રએ વૈકલ્પિક વ્યવસ્થા કરી

ઉકાઈની જમણા કાંઠાની કેનાલ સમારકામ માટે ૯૦ દિવસ બંધ

(સંવાદદાતા દ્વારા)

અંકલેશ્વર, તા.૧૭

અંકલેશ્વર શહેર અને GIDCમાં પાણીની કટોકટીની શક્યતા છે. ત્યારે તંત્રએ આગોતરી વ્યવસ્થા કરી હોવાનો દાવો કર્યો છે. કેનાલ ૧૬ નવેમ્બર ૨૦૨૬થી ૧૩ ફેબ્રુઆરી ૨૦૨૭ સુધી બંધ રહેશે. આશરે ૬૦ કરોડ રૂપિયાના ખર્ચે ૪૦ જેટલાં સમારકામ અને નવીનીકરણના કામ થશે. તેમાં નાના પુલ, સાઇફન, ગેટ અને લાઇનિંગનું કામ સામેલ છે. GIDCના નોટિફાઇડ વિભાગે પાણી વિતરણનો નવો સમય જાહેર કર્યો છે. રહેણાંક વિસ્તારોમાં સવારે ૬થી ૯ વાગ્યા સુધી અને ઉદ્યોગોમાં સવારે ૧૦થી બપોરે ૧ વાગ્યા સુધી પાણી અપાશે. GIDCના તળાવમાં હાલ અંદાજે ૪૫ દિવસ ચાલે એટલો પાણીનો જથ્થો છે. ઝઘડિયાથી કરજણ કેનાલ મારફતે ૭ MLD પાણી મેળવવાની વ્યવસ્થા પણ કરાઈ છે.નોટિફાઇડ એરિયા GIDCના ચેરમેન પ્રબોધ પટેલે જણાવ્યું કે ઉદ્યોગો દરરોજ એક કરોડ રૂપિયાથી વધુ ખર્ચીને ટેન્કરથી પાણી ખરીદે છે. તેમણે સરકારને ઉદ્યોગો અને રહેણાંક વિસ્તારોમાં પૂરતું પાણી પહોંચાડવાની જવાબદારી લેવા રજૂઆત કરી છે. અંકલેશ્વર નગરપાલિકાએ તળાવમાં અંદાજે ૫૦ દિવસ ચાલે એટલો પાણીનો સંગ્રહ કર્યો છે. હાલ ૨૪ બોર ચાલુ છે. વધુ ૬ બોર અંદાજે ૪૦ લાખ રૂપિયાના ખર્ચે તૈયાર કરાશે.નગરપાલિકાએ લોકોને પાણીની અછતના સમયગાળામાં કરકસરથી પાણી વાપરવા અને તેનો બગાડ ન કરવા અપીલ કરી છે. કેનાલ બંધ રહેતાં અંકલેશ્વર-હાંસોટ અને કોસંબા વિસ્તારમાં પાણીની વૈકલ્પિક વ્યવસ્થાની કસોટી થશે.

નડિયાદ એસટી ડિવિઝનને દિવાળી ફળી રૂા.૧.૨૫ કરોડથી વધુની બમ્પર આવક થઈ

૧૩ દિવસમાં ૨,૭૨૯ એક્સ્ટ્રા બસ ટ્રિપ દોડાવાઈ : ૯૦,૨૬૯ મુસાફરોએ એસ.ટી.નો સહારો લીધો

(સંવાદદાતા દ્વારા)

નડિયાદ, તા.૧૭

નડિયાદ એસટી ડિવિઝન ને દિવાળીના તહેવારોમાં વતન તરફ જવા અને પ્રવાસે નીકળેલા મુસાફરોના ધસારાને પગલે બખ્ખાં થઈ ગયાં છે. તહેવારો દરમિયાન મુસાફરોની વધેલી સંખ્યાને પહોંચી વળવા વિભાગ દ્વારા વધારાની બસો દોડાવવાનું આયોજન કરવામાં આવ્યું હતું. તારીખ ૪થી ૧૬ નવેમ્બર સુધીના ૧૩ દિવસમાં

સરખેજ ડ્રગ્સ લેબના તાર બે રાજ્યો સુધી જોડાયા

રાજસ્થાનના પોલ્ટ્રી ફાર્મમાં આરોપીઓએ MD ડ્રગ્સ બનાવવાનો કર્યો હતો પ્રયાસ

ડ્રગ્સ લેબોરેટરીની તપાસમાં ખુલાસા; નૌગાંવથી મંદસૌર અને જાઓરા સુધી કનેક્શન

(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ,તા.૧૭

અમદાવાદના સરખેજ વિસ્તારમાં મકાનના બેઝમેન્ટમાં ચાલતી ગેરકાયદે ડ્રગ્સ લેબોરેટરી ઝડપાયા બાદ હવે આ કેસમાં મોટા ખુલાસા થઈ રહ્યા છે. નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરો (NCB) દ્વારા આરોપીની સઘન પૂછપરછ કરવામાં આવતાં ડ્રગ્સના કારોબારના તાર ગુજરાત બહાર રાજસ્થાન અને મધ્યપ્રદેશ સુધી જોડાયેલા હોવાનું સામે આવ્યું છે. તપાસમાં રાજસ્થાનના પ્રતાપગઢ જિલ્લાના નૌગાંવ તેમજ મધ્યપ્રદેશના મંદસૌર અને જાઓરા સુધીના કનેક્શન ખુલતાં તપાસ એજન્સીઓ પણ સક્રિય બની છે. તપાસ દરમિયાન આરોપીએ અગાઉ રાજસ્થાનના નૌગાંવમાં MD ડ્રગ્સ બનાવવાનો પ્રયાસ કર્યો હોવાની કબૂલાત કરી હોવાનું જાણવા મળ્યું છે. આરોપીના જણાવ્યા મુજબ નૌગાંવ ખાતે જુનેદ ખાનના પોલ્ટ્રી ફાર્મમાં ડ્રગ્સ બનાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. આ સમગ્ર પ્રવૃત્તિમાં અકરમભાઈ અને શેરદિલ ખાન નામના શખ્સો પણ સામેલ હોવાનું તપાસમાં સામે આવ્યું છે. બીજી તરફ આરોપી મધ્યપ્રદેશના મંદસૌરમાં રહેતા દાનિશ નામના શખ્સ પાસેથી રોકડમાં MD ડ્રગ્સ ખરીદતો હોવાની વિગતો પણ સામે આવી છે. આ માટે આરોપી પોતાની કાર લઈને દાહોદ અને મધ્યપ્રદેશની સરહદ સુધી જતો હતો. હવે NCB દ્વારા આ તમામ વ્યક્તિઓની ભૂમિકા અને પરસ્પર સંબંધોની તપાસ કરવામાં આવી રહી છે. સરખેજમાં ઝડપાયેલી ડ્રગ્સ લેબોરેટરી શરૂ કરવા માટે આરોપીએ વિવિધ માધ્યમો દ્વારા સાધનો અને કેમિકલ્સની વ્યવસ્થા કરી હતી. તપાસમાં ઇન્ડિયામાર્ટ મારફતે કેમિકલ્સ ખરીદવામાં આવ્યાં હોવાનું સામે આવ્યું છે. આ ઉપરાંત અમદાવાદના ઓઢવ અને કઠવાડા ઔદ્યોગિક વિસ્તારોમાંથી પણ વિવિધ રાસાયણિક પદાર્થો ખરીદવામાં આવ્યા હતા. લેબોરેટરી માટે જરૂરી વૈજ્ઞાનિક સાધનો ઓઢવની એક દુકાનમાંથી મેળવવામાં આવ્યા હોવાનું તપાસમાં જાણવા મળ્યું છે. આ રીતે સાધનો અને કેમિકલ્સની વ્યવસ્થા કર્યા બાદ સરખેજના મકાનના બેઝમેન્ટમાં ગેરકાયદે લેબોરેટરી શરૂ કરવામાં આવી હતી. હવે NCB દ્વારા આ સમગ્ર કેસમાં ઊંડાણપૂર્વક તપાસ હાથ ધરવામાં આવી છે. મકાનના બેઝમેન્ટમાં લેબોરેટરીનું બાંધકામ કેવી રીતે કરવામાં આવ્યું અને તેમાં અન્ય કોઈ વ્યક્તિની સંડોવણી હતી કે કેમ તે દિશામાં તપાસ ચાલી રહી છે. આ ઉપરાંત ડ્રગ્સના કારોબારમાં થયેલા નાણાકીય વ્યવહારોની પણ તપાસ કરવામાં આવી રહી છે. આરોપીના ICICI અને SBI બેંક ખાતાઓમાં થયેલા શંકાસ્પદ વ્યવહારોની વિગતો એકત્રિત કરીને તેની ચકાસણી શરૂ કરવામાં આવી છે. સરખેજની ડ્રગ્સ લેબોરેટરીનો મામલો હવે માત્ર અમદાવાદ પૂરતો મર્યાદિત રહ્યો નથી. રાજસ્થાન અને મધ્યપ્રદેશ સાથેના કનેક્શન સામે આવતાં આ કેસે આંતરરાજ્ય નેટવર્કનું સ્વરૂપ ધારણ કર્યું છે. NCB દ્વારા ડ્રગ્સની ખરીદી, સપ્લાય અને નાણાકીય વ્યવહારો સાથે જોડાયેલા અન્ય શખ્સોની ભૂમિકા તપાસવામાં આવી રહી છે. આગામી તપાસમાં વધુ કેટલા લોકોના નામ સામે આવે છે અને આ નેટવર્ક કેટલા સમયથી કાર્યરત હતું તે અંગેના ખુલાસા થાય છે તેના પર સૌની નજર છે.

૯ લોકોનો ભોગ લેનાર ઈસ્કોન બ્રિજ અકસ્માત કેસમાં નવો વળાંક

તથ્ય પટેલના પાંચેય મિત્રો કોર્ટમાં અગાઉના નિવેદનથી ફરી ગયા

(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ, તા.૧૭

અમદાવાદના ઈસ્કોન બ્રિજ અકસ્માત કેસમાં નવ નિર્દોષ લોકોનો ભોગ લેનાર આરોપી તથ્ય પટેલ સામે ટ્રાયલ ચાલી રહી છે. આ ટ્રાયલ દરમિયાન તથ્ય સાથે કારમાં સવાર તેના પાંચ મિત્રો ગાડીની ઝડપ મુદ્દે પોતાના અગાઉના નિવેદનથી ફરી ગયા છે. જોકે, બાઈક સવારના કેમેરા ફૂટેજ, FSL-RTOની તપાસ અને કાર કંપનીના ડેટા સહિતના ટેક્નિકલ પુરાવા અડીખમ હોવાથી કેસ નબળો પડવાની શક્યતા નહિવત્ છે.

અમદાવાદના ચકચારી ઈસ્કોન બ્રિજ અકસ્માત કેસમાં એક મોટો અને ચોંકાવનારો વળાંક સામે આવ્યો છે. નવ નિર્દોષ લોકોનો ભોગ લેનાર આ દુર્ઘટનાના મુખ્ય આરોપી તથ્ય પટેલ સામે હાલ અમદાવાદ ગ્રામ્ય સેશન્સ કોર્ટમાં કેસની ટ્રાયલ ચાલી રહી છે. આ ટ્રાયલ દરમિયાન મળતી માહિતી મુજબ, અકસ્માત સમયે તથ્ય પટેલની સાથે કારમાં સવાર તેના પાંચેય મિત્રો ગાડીની ઝડપના મુદ્દે પોતાના અગાઉના નિવેદનથી ફરી ગયા છે એટલે કે 'હોસ્ટાઈલ' થયા છે. અકસ્માતની રાત્રે તથ્ય પટેલની કારમાં તેની સાથે માલવિકા પટેલ, શાન સોની, ધ્વનિ પંચાલ, આર્યન પંચાલ અને શ્રેયા પટેલ બેઠેલા હતા. પોલીસ તપાસ દરમિયાન આ પાંચેય સાક્ષીઓ સહિત અન્ય કેટલાક મહત્ત્વના સાક્ષીઓના CrPCની કલમ ૧૬૪ મુજબ મેજિસ્ટ્રેટ સમક્ષ નિવેદનો નોંધવામાં આવ્યા હતા.

ટેક્નિકલ પુરાવા કેસના સમર્થનમાં

તે સમયે મેજિસ્ટ્રેટ સમક્ષ આપેલા નિવેદનમાં આ પાંચેય મિત્રોએ સ્પષ્ટપણે જણાવ્યું હતું કે, અકસ્માત સમયે તથ્ય ખૂબ જ બેફામ અને પૂરપાટ ઝડપે ગાડી ચલાવી રહ્યો હતો. કારમાં બેઠેલા અમે બધાએ તેને ગાડી ધીમી કરવા માટે વારંવાર ટોક્યો હતો, પરંતુ તે માન્યો ન હતો અને તેના કારણે જ આ ભયાનક અકસ્માત સર્જાયો હતો. જોકે, હવે જ્યારે કોર્ટમાં ટ્રાયલ ચાલી રહી છે ત્યારે આ પાંચેય મિત્રોએ આરોપી તથ્ય પટેલને બચાવવાના ઈરાદે ગાડીની ઝડપ મામલે પોતાના અગાઉના નિવેદનથી પલટી મારી છે. કાયદાકીય નિષ્ણાતોના જણાવ્યા અનુસાર, આરોપીના નજીકના મિત્રો ટ્રાયલ દરમિયાન ફરી જવા છતાં પણ કેસ નબળો પડવાની કે ગાડીની અતિશય ઝડપની હકીકત ખોટી પડવાની શક્યતા નહિવત્ છે. આ કેસમાં મૌખિક જુબાની કરતાં પણ વધુ મજબૂત સાયન્ટિફિક અને ટેક્નિકલ પુરાવાઓ અદાલત સમક્ષ રજૂ કરવામાં આવેલા છે. દુર્ઘટના બની ત્યારે ઈસ્કોન બ્રિજ પર અન્ય રાહદારીઓ અને વાહનચાલકો પણ મોટી સંખ્યામાં હાજર હતા, જેમની જુબાની પણ કેસમાં મહત્ત્વની ભૂમિકા ભજવી રહી છે.

બે કલાક સુધી રસ્તા પર વહેતું રહ્યું પાણી

ભાઈપુરા-હાટકેશ્વર વોર્ડમાં રસ્તા પર પાણી ફરી વળતાં વાહનચાલકો પરેશાન

સવારે પાણી બંધ કરવામાં આવ્યું છતાં પાઈપલાઈનમાં બચેલું પાણી ગટરમાં વહ્યું

(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ,તા.૧૭

અમદાવાદના પૂર્વ વિસ્તારમાં પીવાના પાણીની મુખ્ય લાઈનમાં ભંગાણ સર્જાતાં હજારો લિટર શુદ્ધ પાણીનો વેડફાટ થયો હોવાની ઘટના સામે આવી છે. ભાઈપુરા-હાટકેશ્વર વોર્ડમાં ધીરજાવસિંગ તરફ જતા મુખ્ય માર્ગ પર પાણીની પાઈપલાઈનમાં અચાનક ભંગાણ પડતાં વહેલી સવારે રસ્તા પર પાણીનો ધોધ વહેવા લાગ્યો હતો. પાણી સતત રસ્તા પર વહેતા વાહનચાલકો અને રાહદારીઓને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો.

સ્થાનિકોના જણાવ્યા અનુસાર વહેલી સવારે પાણી છોડવામાં આવ્યા બાદ અચાનક મુખ્ય પાઈપલાઈનમાં ભંગાણ સર્જાયું હતું. ત્યારબાદ હજારો લિટર પીવાનું પાણી રસ્તા પર ફરી વળ્યું હતું. લગભગ બે કલાક સુધી રસ્તા પર પાણી ભરાયેલું રહેતાં અનેક સ્થળોએ નદી જેવા દૃશ્યો સર્જાયા હતા. સવારે આશરે ૮ વાગ્યે પાણી છોડવાનું બંધ કરવામાં આવ્યું હોવા છતાં પાઈપલાઈનમાંથી બચેલું પાણી નજીકની ગટરમાં વહી રહ્યું હતું. મુખ્ય માર્ગ પર પાણી ભરાઈ જતાં ધીરજાવસિંગ તરફ અવરજવર કરતા વાહનચાલકોને મુશ્કેલી પડી હતી. રાહદારીઓને પણ પાણીમાંથી પસાર થવાની ફરજ પડી હતી. પાણીના સતત વહેણને કારણે રસ્તાની સ્થિતિને લઈને પણ સ્થાનિકોમાં ચિંતા જોવા મળી હતી. સ્થાનિક રહીશોએ પાણીની લાઈનમાં ભંગાણ અંગે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ભાઈપુરા-હાટકેશ્વર વોર્ડના જળ વિભાગને જાણ કરી હોવાનો દાવો કર્યો છે. જો કે, લાંબા સમય સુધી લિકેજ બંધ કરવા અથવા પાઈપલાઈનનું સમારકામ કરવા માટે કોઈ અધિકારી કે કર્મચારી સ્થળ પર ન પહોંચ્યો હોવાનો સ્થાનિકોએ આક્ષેપ કર્યો છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ જ્યાં પાઈપલાઈનમાં ભંગાણ થયું છે ત્યાંથી માત્ર આશરે ૩૦૦ ફૂટના અંતરે ભાઈપુરા જળ વિતરણ કેન્દ્રની ભૂગર્ભ ટાંકી આવેલી છે. જળ વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓ પણ આ જ માર્ગ પરથી અવરજવર કરતા હોવા છતાં પાણીનો બેફામ વેડફાટ અટકાવવા તાત્કાલિક કાર્યવાહી ન થતાં લોકોમાં રોષ જોવા મળ્યો છે. એક તરફ પાણી બચાવવા માટે સતત અપીલ કરવામાં આવે છે, ત્યારે બીજી તરફ હજારો લિટર પીવાનું પાણી ગટરમાં વહી જવાની ઘટના તંત્રની કામગીરી સામે સવાલો ઉભા કરે છે. સ્થાનિક રહીશોએ તાત્કાલિક લિકેજ બંધ કરીને પાઈપલાઈનનું સમારકામ કરવા અને ભવિષ્યમાં આવી ઘટનાઓનું પુનરાવર્તન ન થાય તે માટે યોગ્ય પગલાં લેવાની માંગ કરી છે.

પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો

યુવકને ઢોરની માર માર્યો, ઓફિસ પણ તોડી નાખી : ઘટના CCTVમાં કેદ

અમદાવાદમાં ફરિયાદ પરત ન લેતાં અપહરણના પ્રયાસ બાદ ટોળું લઈ આવી હુમલો અને લૂંટ

(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ, તા.૧૭

અમદાવાદ શહેરના વસ્ત્રાપુરમાં જાહેરમાં જૂની અદાવતમાં યુવકને ઢોરની જેમ માર મારવામાં આવ્યો. સાથે જ યુવકનું અપહરણ કરવાનો પણ પ્રયત્ન કર્યો હતો. એટલું જ નહીં યુવક ફરિયાદ કરવા જતા ટોળાએ ધોક્કા સાથે ઓફિસમાં ઘૂસીને તોડફોડ કરી ૧ લાખથી વધુની લૂંટ પણ કરી છે. યુવકને મારવાની ઘટનાના વીડિયો પણ સામે આવ્યા છે. સાથે જ તોડફોડની ઘટના સીસીટીવીમાં કેદ થઈ છે. સમગ્ર મામલે વસ્ત્રાપુર પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. બનાવની વિગત જોઈએ તો વસ્ત્રાપુરમાં રહેતા સૌરભ ગુપ્તાએ ફરિયાદ નોંધાવી છે કે, તે ઈન્દ્રપ્રસ્થ ટાવરમાં સેલ્ફ ડ્રાઇવ કાર રેન્ટ પર આપવાનું કામ કરે છે. અગાઉ તેમનો પરિચય સંજય દેસાઈ સાથે થયો હતો. સંજય દેસાઈ વિરુદ્ધ સૌરભે વસ્ત્રાપુર પોલીસ સ્ટેશનમાં વ્યાજખોરીની ફરિયાદ નોંધાવી છે, જે ફરિયાદ પરત લેવા માટે સંજયે દબાણ કર્યું હતું, પરંતુ સૌરભે ફરિયાદ પરત લીધી નહોતી. ૧૬ નવેમ્બરના રાતના સમયે સૌરભ તેને ડ્રાઇવર સાથે ગાડીમાં આવી રહ્યો હતો. ત્યારે વસ્ત્રાપુર તળાવ પાસે સફેદ કલરના એક્ટિવા પર સંજય દેસાઈ અને તેનો મિત્ર વિશાલ દેસાઈ આવ્યા હતા, જેમણે સૌરભની ગાડી ઊભી રખાવી હતી. સૌરભની ગાડી ઊભી રાખતા સંજયે કહ્યું કે, તે મારા સામે કરેલ ફરિયાદ કેમ પાછી લીધી નથી? જે બાદ સંજય અને વિશાલે ભેગા મળી સૌરભને વચ્ચે બેસાડી અપહરણ કરીને લઈ જતા હતા, પરંતુ થોડા આગળ જતા જ સૌરભ એક્ટિવા પરથી ઉતરી ગયો હતો. જે બાદ સંજય અને વિશાલે સૌરભને જાહેર રોડ ઉપર માર માર્યો હતો. આજુબાજુના લોકો ભેગા થઈ જતા સંજય અને વિશાલ ત્યાંથી નીકળી ગયા હતા. બાદમાં સૌરભ અપહરણ અને મારામારીની ઘટનાની ફરિયાદ નોંધાવવા વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન પહોંચ્યો હતો. સૌરભ પોલીસ સ્ટેશનમાં હતો, ત્યારે સંજયનો ફોન આવ્યો અને કહેવા લાગ્યો હતો કે, હવે અમે તારી ઓફિસ અને તારા ઘરે જઈએ છે, તારા હાથ-પગ તોડી નાખીશું અને મારી નાખીશ. જે બાદ સંજય, વિશાલ અને તેમના અન્ય મિત્રો રવિ દેસાઈ અને સાહિલ દેસાઈ સૌરભની ઓફિસ ગયા હતા. ઓફિસમાં લાકડી તોડફોડ કરી હતી. ઓફિસમાંથી કામ કરતા કર્મચારીને ધમકાવીને ૧,૦૦,૦૦૦થી વધુની લૂંટ પણ કરી હતી. ઓફિસમાં લાગેલા LED બોર્ડ, ડ્રમમાં લાગેલા એસી અને ફર્નિચરમાં તોડફોડ કરી હતી. આ સમગ્ર મારામારી અને તોડફોડની ઘટના સીસીટીવી કેમેરામાં પણ કેદ થઈ છે. વસ્ત્રાપુર પોલીસે સંજય દેસાઈ, વિશાલ દેસાઈ, રવિ દેસાઈ અને સાહિલ દેસાઈ વિરુદ્ધ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

મોડી રાત્રે સ્પીકરના અવાજ મુદ્દે થઈ હતી તકરાર

જુહાપુરામાં સ્પીકરના અવાજની અદાવત રાખી વકીલ પર કરાયો હુમલો

અમદાવાદ, તા.૧૭

અમદાવાદના જુહાપુરા વિસ્તારમાં સામાન્ય બાબતને લઈને શરૂ થયેલી બોલાચાલી બીજા દિવસે હિંસક હુમલામાં ફેરવાઈ હતી. રિક્ષામાં મોટા અવાજે સ્પીકર વગાડવાની ના પાડનાર અમદાવાદ સેશન્સ કોર્ટના એક વકીલ પર ચાર જેટલા શખ્સોએ હુમલો કર્યો હોવાની ફરિયાદ નોંધાઈ છે. હુમલાખોરોએ પ્લાસ્ટિકના દૂધના કેરેટથી વકીલના માથાના ભાગે ફટકા મારતાં તેઓ લોહીલુહાણ થઈ ગયા હતા. સમગ્ર ઘટનાના CCTV ફૂટેજના આધારે વેજલપુર પોલીસે આરોપીઓને ઝડપી પાડવા તપાસ શરૂ કરી છે. મળતી માહિતી મુજબ ૧૬ નવેમ્બરની રાત્રે આશરે ૧૨:૩૦ વાગ્યે વકીલના જુહાપુરા સ્થિત ઘરની બહાર એક રિક્ષામાં ૭થી ૮ જેટલા શખ્સો મોટા અવાજે સ્પીકર વગાડી રહ્યા હતા. વકીલ અને તેમના પિતાએ રિક્ષામાં બેઠેલા લોકોને સ્પીકરનો અવાજ ઓછો અથવા બંધ કરવા જણાવ્યું હતું. આ દરમિયાન બંને પક્ષ વચ્ચે બોલાચાલી થઈ હતી અને એક શખ્સે વકીલને જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાનો આક્ષેપ છે. મામલો વધુ ન વણસે તે માટે વકીલે પોલીસને જાણ કરી હતી. પોલીસ ઘટનાસ્થળે પહોંચ્યા બાદ સ્પીકર બંધ કરાવવામાં આવ્યો હતો અને તે સમયે મામલો થાળે પડ્યો હતો. પરંતુ બીજા દિવસે સવારે વકીલ પોતાના ઘરેથી કોર્ટ જવા માટે નીકળ્યા ત્યારે અગાઉની તકરારની અદાવત રાખીને કેટલાક શખ્સોએ તેમને રસ્તામાં અટકાવ્યા હતા. આરોપીઓએ વકીલ સાથે મારામારી શરૂ કરી હતી. પુત્ર પર હુમલો થતો જોઈ પરિવારના સભ્યો પણ વચ્ચે પડ્યા હતા, જેના કારણે સ્થળ પર ઝપાઝપીનો માહોલ સર્જાયો હતો. આ દરમિયાન હુમલાખોરોમાંથી એકે નજીકમાં પડેલું પ્લાસ્ટિકનું દૂધનું કેરેટ ઉપાડી લીધું હતું અને વકીલના માથાના ભાગે બે-ત્રણ વખત જોરદાર ફટકા માર્યા હોવાનો આક્ષેપ છે. ઈજાને કારણે વકીલ લોહીલુહાણ થઈ ગયા હતા. હુમલાની ઘટનાને પગલે આસપાસના રહેવાસીઓ અને રાહદારીઓ મોટી સંખ્યામાં એકત્ર થઈ ગયા હતા. લોકોની ભીડ વધતી જોઈ હુમલાખોરો સ્થળ પરથી ફરાર થઈ ગયા હતા. ઘટનાની જાણ થતાં વેજલપુર પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી. ભોગ બનનાર વકીલની ફરિયાદના આધારે પોલીસે ચાર અજાણ્યા શખ્સો વિરુદ્ધ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. પોલીસે ઘટનાસ્થળ અને આસપાસના વિસ્તારોમાં લગાવવામાં આવેલા CCTV ફૂટેજ એકત્ર કરીને આરોપીઓની ઓળખ અને ધરપકડ માટે કાર્યવાહી હાથ ધરી છે.

ચાર શખ્સોએ વકીલને ઘેરી લઈ એકે માથામાં દૂધના કેરેટના ફટકા માર્યા

નટરાજ સ્કૂલે વિદ્યાર્થીઓની ગેરહાજરી અને રેકર્ડ રજૂ ન કરતા DEO કચેરી હવે આક્રમક મુડમાં

સમયમર્યાદામાં દસ્તાવેજો રજૂ નહીં થાય તો એકતરફી સુનાવણી કરી કડક કાર્યવાહીની ચીમકી

(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ, તા.૧૭

શહેરની નટરાજ હાઈસ્કૂલની સ્થળ મુલાકાત અને રેકર્ડની ચકાસણી દરમિયાન અનેક ગંભીર અનિયમિતતાઓ પ્રકાશમાં આવી છે, જેને લઈને શિક્ષણ વિભાગે કડક વલણ અપનાવ્યું છે. શાળાની ઓચિંતી તપાસમાં ધોરણ-૯થી ૧૨ના ૩૯૮ વિદ્યાર્થીઓ ગેરહાજર જણાતા DEO કચેરીએ કુલ ૧૧૦૦ વિદ્યાર્થીઓની વિગતો, છેલ્લા ત્રણ વર્ષના બોર્ડ પરીક્ષાના રેકર્ડ અને CCTV ફૂટેજ મંગાવ્યા હતા, જે રજૂ કરવામાં શાળા નિષ્ફળ રહી છે. ઉપરાંત, શિક્ષકોના ઉચ્ચતર પગારધોરણ અને PFના લાભોની દરખાસ્તોમાં પણ વિલંબ કરાયો છે. શાળાની ઓચિંતી સ્થળ મુલાકાત વેળાએ ધોરણ-૯થી ૧૨ના કુલ ૩૯૮ વિદ્યાર્થીઓ વર્ગખંડમાં ગેરહાજર હોવાનું નોંધાયું હતું. આટલી મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓની સંખ્યા, બોર્ડ પરીક્ષાના ફોર્મ, ઉપસ્થિત વિદ્યાર્થીઓની સંખ્યા અને પરિણામોની વિગતો કોષ્ટક સ્વરૂપે તાકીદ કરવામાં આવી હતી, પરંતુ શાળા દ્વારા તમામ દસ્તાવેજો સંપૂર્ણપણે રજૂ થયા નથી. વધુમાં, શાળાના શૈક્ષણિક સ્ટાફને મળવાપાત્ર ઉચ્ચતર પગારધોરણ અને પ્રોવિડન્ટ ફંડના લાભો માટેની માંગવામાં આવી છે જેથી વાસ્તવિક શૈક્ષણિક સ્થિતિ ચકાસી શકાય. શિક્ષણ વિભાગ દ્વારા વર્ષ ૨૦૨૩-૨૪, ૨૦૨૪-૨૫ અને ૨૦૨૫-૨૬ એમ ત્રણેય વર્ષો દરમિયાન ધોરણ-૧૦ અને ૧૨માં CTS તથા જનરલ રજિસ્ટર મુજબના વિદ્યાર્થીઓની સંખ્યા, બોર્ડ પરીક્ષાના ફોર્મ, ઉપસ્થિત વિદ્યાર્થીઓની સંખ્યા અને પરિણામોની વિગતો કોષ્ટક સ્વરૂપે તાકીદ કરવામાં આવી હતી, પરંતુ શાળા દ્વારા તમામ દસ્તાવેજો સંપૂર્ણપણે રજૂ થયા નથી. વધુમાં, શાળાના શૈક્ષણિક સ્ટાફને મળવાપાત્ર ઉચ્ચતર પગારધોરણ અને પ્રોવિડન્ટ ફંડના લાભો માટેની દરખાસ્તો મોકલવામાં પણ ભારે વિલંબ કરાયો હોવાનું ધ્યાને આવ્યું છે. આ તમામ અનિયમિતતાઓને ધ્યાનમાં રાખીને નટરાજ હાઈસ્કૂલના સંચાલક મંડળને તમામ દસ્તાવેજો અને લેખિત ખુલાસો રજૂ કરવા માટે અંતિમ તક અપાઈ છે. શાળાના મેનેજિંગ ટ્રસ્ટી અને આચાર્યએ અસલ રેકર્ડ સાથે રૂબરૂ હાજર થઈ પક્ષ રજૂ કરવાનો રહેશે. જો સંતોષકારક જવાબ કે દસ્તાવેજો રજૂ નહીં કરાય, તો ઉપલબ્ધ તપાસ અહેવાલના આધારે એકતરફી સુનાવણી હાથ ધરીને કડક શિસ્તભંગની કાર્યવાહી કરવામાં આવશે.

ગુજરાત સ્ટેટ સબ-જુનિયર જુડો ચેમ્પિયનશિપમાં અર્શ મલેક અને રૂશાન મલેકે ગોલ્ડ મેડલ હાંસલ કર્યા

અમદાવાદ, તા.૧૭

તા.૧૪ નવેમ્બર, ૨૦૨૬ના રોજ અમદાવાદના ઘુમા સ્થિત શ્રી વિજયી ભારત સ્પોર્ટ્સ એકેડેમી, સંસ્કારધામ ખાતે ગુજરાત સ્ટેટ સબ-જુનિયર જુડો ચેમ્પિયનશિપ ૨૦૨૬-૨૭નું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં અર્શ મલેક અને રૂશાન મલેકે ઉત્કૃષ્ટ પ્રદર્શન કરીને ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરી અમદાવાદ તથા ગુજરાતનું ગૌરવ વધાર્યું હતું. આ શાનદાર જીત સાથે બંને ખેલાડીઓની પસંદગી આગામી નેશનલ જુડો ચેમ્પિયનશિપ માટે થઈ છે. આ રાષ્ટ્રીય સ્પર્ધા ઉત્તરપ્રદેશના લખનઉ ખાતે તા.૧૨થી ૧૬ ડિસેમ્બર, ૨૦૨૬ દરમિયાન યોજાનાર છે, જેમાં બંને ખેલાડીઓ ગુજરાતનું પ્રતિનિધિત્વ કરશે. આ ઉપરાંત અર્શ મલેકે શૂટિંગ ક્ષેત્રે પણ પોતાની પ્રતિભા સાબિત કરી છે. તેણે ગુજરાત સ્ટેટ શોટગન ટ્રેપ શૂટિંગ ટુર્નામેન્ટમાં ગોલ્ડ મેડલ જીતીને ૬૯મી નેશનલ શૂટિંગ ચેમ્પિયનશિપ માટે ક્વોલિફાય કર્યું છે. આ રાષ્ટ્રીય સ્પર્ધા નવી દિલ્હી ખાતે તા.૨૧થી ૨૫ નવેમ્બર, ૨૦૨૬ દરમિયાન યોજાશે. આમ, અર્શ મલેકે જુડો અને શૂટિંગ એમ બંને રમતોમાં ગોલ્ડ મેડલ મેળવી બેવડી સિદ્ધિ હાંસલ કરી છે, જ્યારે રૂશાન મલેકે પણ જુડોમાં ગોલ્ડ મેડલ જીતી રાષ્ટ્રીય સ્તરે ગુજરાતનું પ્રતિનિધિત્વ કરવાની તક મેળવી છે. બંને યુવા ખેલાડીઓની આ સિદ્ધિ બદલ પરિવારજનો, રમતગમત ક્ષેત્રના અગ્રણીઓ અને શુભેચ્છકોએ અભિનંદન પાઠવી રાષ્ટ્રીય સ્પર્ધાઓમાં સફળતા માટે શુભકામનાઓ વ્યક્ત કરી છે.



ગાંધીનગર LCBએ રેડ કરી દારૂનો કર્યો પર્દાફાશ

દહેગામના નાંદોલ ગામે ભોંયરામાંથી ૧૪.૪૨ લાખનો વિદેશી દારૂ ઝડપાયો

ઓરડીમાં ગુપ્ત ભોંયરામાંથી ૮૭૪૪ નંગ મળ્યા; મુખ્ય આરોપી ફરાર

(સંવાદદાતા દ્વારા)
ગાંધીનગર,તા.૧૭

ગાંધીનગર જિલ્લામાં દારૂબંધીના કાયદાનો ભંગ કરીને ગેરકાયદે દારૂનો વેપાર કરતા તત્ત્વો સામે પોલીસ દ્વારા કાર્યવાહી તેજ કરવામાં આવી છે. ગાંધીનગર લોકલ ક્રાઇમ બ્રાન્ચ (LCB-1)ની ટીમે દહેગામ તાલુકાના નાંદોલ ગામે મોટી રેડ કરી વિદેશી દારૂના ગેરકાયદે જથ્થાનો પર્દાફાશ કર્યો છે. પોલીસને બાતમી મળી હતી કે, ગામની સીમમાં આવેલા એક મકાનની બાજુની ઓરડીમાં ભોંયરૂં બનાવી વિદેશી દારૂનો જથ્થો છુપાવવામાં આવ્યો છે. આ બાતમીના આધારે દરોડો પાડતાં પોલીસને ૧૪.૪૨ લાખ રૂપિયાથી વધુ કિંમતનો મુદ્દામાલ મળી આવ્યો હતો.

મળતી માહિતી મુજબ નાંદોલ ગામની સીમમાં આવેલા નીલકંઠ મહાદેવના છપરા પાસે આરોપી રણજીતસિંહ દિનેશજી ઠાકોરના ઘરની બાજુમાં આવેલી ઓરડીમાં વિદેશી દારૂનો જથ્થો સંતાડવામાં આવ્યો હતો. પોલીસની LCB-1 ટીમે સ્થળ પર તપાસ કરતાં ઓરડીમાં બનાવેલા ગુપ્ત ભોંયરામાંથી વિદેશી દારૂ અને બિયરના ટીન મળી કુલ ૮૭૪૪ નંગનો જથ્થો મળી આવ્યો હતો. દરોડા દરમિયાન પોલીસે વિદેશી દારૂ અને અન્ય સામગ્રી સહિત કુલ ૧૪.૪૨ લાખ રૂપિયાથી વધુ કિંમતનો મુદ્દામાલ કબજે કર્યો હતો. પોલીસની આ કાર્યવાહીથી ગેરકાયદે દારૂનો સંગ્રહ કરતા તત્ત્વોમાં ફફડાટ ફેલાયો છે.

રેડ દરમિયાન મુખ્ય આરોપી રણજીતસિંહ ઠાકોર સ્થળ પર હાજર મળી આવ્યો નહોતો. પોલીસના દરોડાની જાણ થતાં તે ફરાર થઈ ગયો હોવાનું જાણવા મળ્યું છે. આ મામલે પોલીસે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. હવે પોલીસ દ્વારા ફરાર આરોપીને ઝડપી પાડવા માટે શોધખોળ શરૂ કરવામાં આવી છે. આટલો મોટો દારૂનો જથ્થો ક્યાંથી લાવવામાં આવ્યો હતો અને કોને સપ્લાય કરવાનો હતો તે દિશામાં પણ તપાસ કરવામાં આવી રહી છે.

મહાનદી કોલફિલ્ડ્સ લિમિટેડનો IPO ૧૯ નવેમ્બરે ખૂલશે

અમદાવાદ, તા.૧૭

મહાનદી કોલફિલ્ડ્સ લિમિટેડ તેના પ્રારંભિક જાહેર ઓફર માટે રૂા. ૨ની મૂળ કિંમત ધરાવતા ઇક્વિટી શેર માટે શેર દીઠ રૂા.૧૨૯/-થી રૂા.૧૩૬/- રૂપિયાની પ્રાઇસ બેન્ડ નક્કી કરી છે. કંપનીનો પ્રારંભિક જાહેર ઓફર ૧૯ નવેમ્બર, ૨૦૨૬ના રોજ ખૂલશે, જે સબસ્ક્રિપ્શન માટે ઉપલબ્ધ થશે અને ૨૩ નવેમ્બર, ૨૦૨૬ના રોજ બંધ થશે. રોકાણકારો ઓછામાં ઓછા ૧૧૦ ઇક્વિટી શેર માટે અને ત્યારબાદ ૧૧૦ ઇક્વિટી શેરના ગુણાંકમાં બોલી લગાવી શકે છે. તારીખ સુધીમાં બાકી રહેલા ૬,૬૧૮,૩૬૩,૦૦૦ ઇક્વિટી શેર રૂા.૨ પ્રતિ મૂળ કિંમતના છે. રૂા.૨ ની મૂળ કિંમત ધરાવતો IPO, પ્રમોટર-કોલ ઇન્ડિયા લિમિટેડ દ્વારા ૬,૬૧૮,૩૬૩,૦૦૦ ઇક્વિટી શેર માટે ઓફર-ફોર-સેલનો છે. આ ઓફર બુક-બિલ્ડિંગ પ્રક્રિયા દ્વારા કરવામાં આવી રહી છે.

વાડી પરથી પરત ફરતા પિતા-પુત્રને માર્ગમાં આંતર્યા

બહેનને ફોન કરવા બાબતે ઠપકો આપતા ભાઈઓનો પિતા-પુત્ર પર હુમલો

(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ, તા.૧૭

જામનગર જિલ્લાના કાલાવડ તાલુકાના મોટા વડાળા ગામની સીમમાં પિતા-પુત્ર પર લાકડીઓ વડે હુમલો કરવામાં આવતા ચકચાર મચી છે. જશાપર ગામના રહેવાસી અને ખેતીકામ કરતા ૨૦ વર્ષીય થોભણભાઈ છગનભાઈ વરૂ અને તેમના પિતા ૧૫ નવેમ્બરની સાંજે વાડી પરથી મોટા વડાળા તરફ જઈ રહ્યા હતા. દરમિયાન વાડી નજીકના પુલિયા પાસે બે ભાઈઓએ તેમને અટકાવી હુમલો કર્યો હોવાની ફરિયાદ નોંધાઈ છે.

ફરિયાદ મુજબ મોટા વડાળા ગામના કિરીટ ઉર્ફે કારો દિલાભાઈ નાંગશ અને તેનો ભાઈ મુકેશ દિલાભાઈ નાંગશ અલગ-અલગ વાહનોમાં ત્યાં પહોંચ્યા હતા. કિરીટે મોટરસા

સુરેશ ગોપીએ ઇથેનોલ મિશ્રણની ટીકા કરનારાઓને 'મૂર્ખ' ગણાવ્યા; કહ્યું કે વાહનોના પ્રદૂષણને રોકવા માટે આ એક મહત્ત્વપૂર્ણ ઉપાય છે

(એજન્સી) તા.૧૭

ઓઈલ માર્કેટિંગ કંપનીઓ (OMCs) દ્વારા પૂરા પાડવામાં આવતા પેટ્રોલ (ઈંધણ)માં ઇથેનોલનું પ્રમાણ નિર્ધારિત ૨૦ ટકાની મર્યાદા કરતાં વધી ગયું છે કે કેમ, તે અંગે ચાલી રહેલા વિવાદ વચ્ચે, કેન્દ્રીય રાજ્ય મંત્રી સુરેશ ગોપીએ મંગળવારે આવા દાવા કરનારાઓને "વિજ્ઞાન ન જાણતા મૂર્ખ" ગણાવ્યા હતા. પેટ્રોલિયમ, કુદરતી ગેસ અને પ્રવાસન વિભાગના કેન્દ્રીય રાજ્ય મંત્રી ગોપીએ એક કાર્યક્રમ દરમિયાન જણાવ્યું હતું કે, પેટ્રોલથી ચાલતા વાહનોમાંથી થતા પ્રદૂષણને ઘટાડવા માટે ઇથેનોલનું મિશ્રણ (ઇથેનોલ બ્લેન્ડિંગ) એ એકમાત્ર વિકલ્પ છે. તેમણે કહ્યું કે ઇથેનોલના મિશ્રણ અને તે નિર્ધારિત મર્યાદા કરતાં વધી ગયું હોવા અંગે ઘણા "દૂષિત" રાજકીય આક્ષેપો કરવામાં આવી રહ્યા છે. કેન્દ્રીય રાજ્ય મંત્રીએ દાવો કર્યો, "હું આવા લોકોને કોઈ અપશબ્દો નહીં કહું. હું બસ એટલું જ કહીશ કે આ 'મૂર્ખો'ને વિજ્ઞાન વિશે કોઈ જાણકારી નથી." તેમની આ ટિપ્પણી એવા સમયે આવી છે જ્યારે કોંગ્રેસ શાસિત કર્ણાટક



અને કેરળ દ્વારા આ બાબતે પરીક્ષણો (ટેસ્ટ) કરવામાં આવી રહ્યા છે. કર્ણાટકે દાવો કર્યો હતો કે પેટ્રોલમાં ઇથેનોલનું પ્રમાણ નિર્ધારિત ૨૦ ટકાની મર્યાદા કરતાં વધુ છે. કેરળમાં, પરીક્ષણના પરિણામોની રાહ જોવાઈ રહી છે. ગયા સોમવારે, કર્ણાટકે પોતાના આરોપ પર મક્કમ રહેતા જણાવ્યું હતું કે ઓઈલ માર્કેટિંગ કંપનીઓ એવું પેટ્રોલ પૂરું પાડી રહી છે જેમાં ઇથેનોલનું પ્રમાણ નિર્ધારિત ૨૦ ટકાની મર્યાદા કરતાં વધુ છે; કેટલાક નમૂનાઓમાં તો આ પ્રમાણ ૩૧.૨ ટકા સુધી જોવા મળ્યું છે. કર્ણાટકે ભારત પેટ્રોલિયમની એ ખાતરીને પણ ફગાવી દીધી હતી કે તેમનું 'E20' ઈંધણ નિર્ધારિત મર્યાદાનું પાલન કરે છે. કર્ણાટકના ખાદ્ય અને નાગરિક પુરવઠા મંત્રી રિઝવાન અરશદે રાજ્ય સરકારના તારણો અંગે એક પત્રકાર પરિષદ યોજી હતી અને ઓઈલ માર્કેટિંગ કંપનીઓ (OMCs) દ્વારા આપવામાં આવેલા જવાબની વિશ્વસનીયતા પર સવાલ ઉઠાવ્યા હતા. અરશદે જણાવ્યું હતું કે રાજ્ય તેના તારણો પર મક્કમ છે અને તેણે કંપનીઓને પડકાર ફેંક્યો છે કે તેઓ કર્ણાટકભરના પેટ્રોલ પંપો પરથી એકત્ર કરાયેલા પેટ્રોલના ૬૩ નમૂનાઓમાં ઇથેનોલનું વાસ્તવિક પ્રમાણ જાહેર કરે. તેમણે કહ્યું કે, "તેલ કંપનીઓ દ્વારા કરવામાં આવતા સ્વ-પ્રમાણપત્રને બદલે સ્વતંત્ર પરીક્ષણ અનિવાર્ય છે." તેમણે રાજ્ય સરકારોને પોતપોતાના સ્તરે તપાસ કરવા અનુરોધ કર્યો અને કેન્દ્ર સરકારને માન્યતા પ્રાપ્ત એજન્સીઓ દ્વારા સમગ્ર દેશમાં પરીક્ષણ કરાવવાનો આદેશ આપવા અપીલ કરી.

'ડર, ગુસ્સો અને નફરત, ભાજપ-RSS સમર્થકોને પ્રેમ વ્યક્ત કરતા રોકે છે' : રાહુલ ગાંધી

પોતાના માતા-પિતા વિશે કરેલી એક ટિપ્પણીને લઈને ચાલી રહેલા વિવાદ વચ્ચે રાહુલ ગાંધીએ કહ્યું કે, ભાજપ અને RSSના સમર્થકોના હૃદયમાં ડર, ગુસ્સો અને નફરતે એક જાળ રચી દીધી છે, જે તેમને પ્રેમ વ્યક્ત કરતા અટકાવે છે

(એજન્સી) તા.૧૭

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ મંગળવારે કહ્યું કે, ભાજપ અને આરએસએસના સમર્થકોના હૃદયમાં ડર, ક્રોધ અને નફરતે એક એવું જાળું રચી દીધું છે, જે તેમને પ્રેમ વ્યક્ત કરતા રોકે છે. આ નિવેદન તેમણે તેમના માતા-પિતા વિશે કરેલી એક ટિપ્પણીને લઈને સર્જાયેલા વિવાદ વચ્ચે આપ્યું છે, જેમાં તેમણે કહ્યું હતું કે, તેમના માતા-પિતા ભોજન સમયે એકબીજાના ખોળામાં બેસતા હતા. ગાંધીએ ૧૨મી સદીના એક મંદિરની શિલ્પકૃતિનો ફોટો પણ શેર કર્યો, જેમાં દેવી પાર્વતી ભગવાન શિવના ખોળામાં બિરાજમાન છે. X પર એક પોસ્ટમાં તેમણે લખ્યું, 'ડર, ક્રોધ અને નફરતે ભાજપ અને આરએસએસના સમર્થકોના હૃદયમાં એક એવું જાળું વણી લીધું છે, જે તેમને પ્રેમનો અનુભવ કરતા અને તેને વ્યક્ત કરતા રોકે છે.' તેમણે વધુમાં કહ્યું, 'એક સાચા હિન્દુ તરીકે, તેમને આ જાળામાંથી મુક્ત કરવા એ મારી ફરજ છે, જેથી તેઓ પણ પોતાના જીવનમાં પ્રેમ અને આત્મીયતાની અદ્ભુત સુંદરતા અને આનંદનો અનુભવ કરી શકે. સત્યમ્ શિવમ્



સુંદરમ્.' કોંગ્રેસ નેતાએ સોમવારે તેમની માતા સોનિયા ગાંધીના સંસ્મરણો (મેમોઇર) 'બિલોન્ગિંગઃ અ જર્ની ઓફ લવ'ના વિમોચન પ્રસંગે આ ટિપ્પણી કરી હતી. પોતાના માતા-પિતા વચ્ચેના ગાઢ સંબંધોને યાદ કરતા તેમણે કહ્યું હતું કે, ભોજન સમયે તેમના માતા તેમના પિતાના ખોળામાં બેસતા હતા. ગાંધીએ જણાવ્યું કે, શરૂઆતમાં તેમને લાગતું હતું કે, આ એક સામાન્ય બાબત છે પરંતુ તેમને ત્યારે આશ્ચર્ય થયું જ્યારે જાણવા મળ્યું કે તેમના મિત્રોના માતા-પિતા વચ્ચે આવો સંબંધ નથી. તેમણે પોતાના પરિવાર દ્વારા સહન કરવામાં આવેલા અંગત નુકસાન વિશે પણ વાત કરી, જેમાં તેમણે તેમના દાદી ઈન્દિરા ગાંધી અને પિતા રાજીવ ગાંધીની હત્યાનો ઉલ્લેખ કર્યો. તેમના આ નિવેદન પર આસામના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમા સહિત ભાજપના અનેક નેતાઓએ આકરી ટીકા કરી હતી. ગાંધીના ભાષણનો એક વીડિયો શેર કરતા સરમાએ કહ્યું, 'માફ કરજો મેડમ, તમારા જીવનના આટલા ખાસ દિવસે પણ તેઓ તમને શરમજનક સ્થિતિમાંથી બચાવી શક્યા નહીં. દેશે તો આ વાત ક્યારનીય સમજી લીધી છે. આશા છે કે, હવે તમે પણ સમજી જશો; આ 'પ્રોડક્ટ' (રાહુલ ગાંધી) હવે વારંવાર લોન્ચ કે રી-લોન્ચ કરવાથી પણ સુધરવાની નથી.' આ નિવેદન પર સોશિયલ મીડિયા પર પણ મિશ્ર પ્રતિક્રિયાઓ જોવા મળી હતી; કેટલાક યુઝર્સે ગાંધી પર કટાક્ષ કર્યો, જ્યારે અન્ય લોકોએ પોતાના પરિવાર વિશે નિખાલસતાથી વાત કરવા બદલ તેમનો બચાવ કર્યો.

ફેક્ટ-ચેક : શાળાએ જતી યુવતીને છરી મારવાનો વીડિયો, ખોટા કોમવાદી દાવા સાથે શેર કરાયો

પીડિત યુવતી મુસ્લિમ સમુદાયની છે અને આરોપી વ્યક્તિ 'જમાત'નો નેતા હોવાના કોઈ પુરાવા નથી

(એજન્સી) તા.૧૭

સોશિયલ મીડિયા પર એક વીડિયો વાયરલ થઈ રહ્યો છે, જેમાં દાવો કરવામાં આવ્યો છે કે ઢાકામાં એક હિન્દુ શાળાએ જતી યુવતીને 'જમાત'ના એક નેતાના પ્રસ્તાવને ઠુકરાવવા બદલ છરી મારવામાં આવી હતી. જોકે, સમાચાર અહેવાલો અને ફેક્ટ-ચેક (તથ્ય તપાસ) માં સામેલ વ્યક્તિઓની ઓળખ અંગે અલગ જ વિગતો સામે આવી છે. હકીકતમાં શું બન્યું હતું તે કેવી રીતે જાણવા મળ્યું ? સોશિયલ મીડિયા પર એક વીડિયો વાયરલ થઈ રહ્યો છે, જેમાં દાવો કરવામાં આવ્યો છે કે બાંગ્લાદેશના ઢાકામાં એક હિન્દુ શાળાએ જતી યુવતીને, સ્થાનિક 'જમાત-એ-ઈસ્લામી'ના યુવા નેતાના પ્રસ્તાવને નકારી કાઢ્યા બાદ છરી મારવામાં આવી હતી. અમને કેવી રીતે ખબર પડી ? : અમે ગૂગલ લેન્સ (Google Lens)નો ઉપયોગ કરીને વીડિયો પર 'રિવર્સ ઇમેજ સર્ચ' કર્યું, જેમાં અમને કેટલાક એવા અહેવાલો મળ્યા જેમાં આ જ દૃશ્યો જોવા મળ્યા હતા. બાંગ્લાદેશી સમાચાર માધ્યમ 'ધ




ડેઈલી સ્ટાર' (The Daily Star)ના અહેવાલ મુજબ, કુશ્તિયા શહેરમાં એક યુવતી, જેનું નામ ઝાકિયા સુલતાના છે, તેને તેના ઘરની બહાર એક સ્થાનિક યુવકે છરી મારી હતી. આરોપી યુવક, જે કથિત રીતે સુલતાનાનો પીછો કરતો હતો (સ્ટોકિંગ કરતો હતો), તેની ઓળખ 'ઈમોન' નામના યુવક તરીકે થઈ છે. પીડિત યુવતીના પિતાના જણાવ્યા અનુસાર, હુમલાખોર લાંબા સમયથી તેમની પુત્રીને શાળાએ જતી વખતે પરેશાન કરતો હતો. અમને બાંગ્લાદેશી સમાચાર માધ્યમો 'ધ બિઝનેસ સ્ટાન્ડર્ડ' (The Business Standard) અને 'બાંગ્લા ટીવી' (Bangla TV)ના અહેવાલો પણ મળ્યા, જેમાં આ ઘટના વિશે માહિતી આપવામાં આવી છે. 'ઢાકા ટ્રિબ્યુન' (Dhaka Tribune)ના અહેવાલ મુજબ, પીડિત યુવતીના હાથ પર ત્રણ ઊંડા ઘા સહિત અન્ય ઈજાઓ થઈ છે, પરંતુ તે હવે જોખમની બહાર છે. અહીં 'ઢાકા ટ્રિબ્યુન'ના અહેવાલની ઝલક છે. (સ્ત્રોત : ઢાકા ટ્રિબ્યુન/સ્ક્રીનશોટ) કોઈપણ અહેવાલમાં આરોપીને 'જમાત'ના નેતા તરીકે દર્શાવવામાં આવ્યો નથી. બાંગ્લાદેશની ફેક્ટ-ચેકિંગ સંસ્થા 'રુમર સ્કેનર' (Rumor Scanner)ના અહેવાલે પુષ્ટિ કરી છે કે પીડિતા મુસ્લિમ પરિવારમાંથી આવે છે, જે આ દાવાને ખોટો સાબિત કરે છે.

'મક્કા કરાર'ને કારણે પાકિસ્તાનના મુનીર અને શરીફ સૌથી પ્રભાવશાળી ૫૦ મુસ્લિમોની યાદીમાં સામેલ; ભારતના મહમૂદ મદનીને પણ સ્થાન મળ્યું

(એજન્સી) તા.૧૭

પાકિસ્તાનના આર્મી ચીફ, ફિલ્ડ માર્શલ આસિમ મુનીર અને વડાપ્રધાન શાહબાઝ શરીફને વિશ્વના સૌથી પ્રભાવશાળી મુસ્લિમોમાં સ્થાન આપવામાં આવ્યું છે, જેમાં તેઓ અન્ય ત્રણ નેતાઓ સાથે સંયુક્ત રીતે ટોચના સ્થાને છે. 'ધ મુસ્લિમ ૫૦૦'ના ૨૦૨૭ના



પાકિસ્તાન આર્મી ચીફ આસિમ મુનીર અને વડાપ્રધાન શાહબાઝ શરીફ, સઉદી અરેબિયાના કિંગ સલમાન, ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાન અને તુર્કીના રેસેપ તૈયપ એર્દોગન સાથે મળીને ૨૦૨૭ના સૌથી પ્રભાવશાળી ૫૦ મુસ્લિમોની યાદીમાં સંયુક્ત રીતે પ્રથમ ક્રમે રહ્યા છે, જોર્ડનના એક થિંક ટેન્ક દ્વારા તૈયાર કરાયેલી આ યાદીમાં મૌલાના મહમૂદ મદની ૧૮મા સ્થાને છે, જેઓ આ યાદીમાં સામેલ એકમાત્ર ભારતીય છે

સંસ્કરણમાં ટોચના ૫૦ લોકોમાં માત્ર એક ભારતીયનો સમાવેશ થાય છે - જમિયત ઉલેમા-એ-હિંદના પ્રમુખ મૌલાના મહમૂદ મદની. મદની ૧૮મા સ્થાને છે, જે ગયા વર્ષના રેન્કિંગની સરખામણીમાં બે સ્થાન નીચે છે. જોર્ડન સ્થિત 'રોયલ ઇસ્લામિક સ્ટ્રેટેજિક સ્ટડીઝ સેન્ટર' દ્વારા તૈયાર કરાયેલા આ વાર્ષિક અહેવાલમાં પાંચ નેતાઓને સંયુક્ત રીતે ટોચનું સ્થાન આપવામાં આવ્યું છે. આ માટે ઓગસ્ટ મહિનામાં પાકિસ્તાન, સઉદી અરેબિયા અને તુર્કી વચ્ચે હસ્તાક્ષર કરાયેલા 'મક્કા સંયુક્ત સંરક્ષણ કરાર'માં તેમણે ભજવેલી ભૂમિકાને શ્રેય આપવામાં આવ્યો છે. આ ૧૮મી આવૃત્તિ છે, જેમાં પ્રથમ વખત આ પ્રકાશને ટોચના સ્થાને એકથી વધુ નેતાઓને સ્થાન આપ્યું છે. અગાઉ મુનીર અને શાહબાઝ શરીફ ટોચના ૫૦માં સામેલ નહોતા (બાકીના ૪૫૦ લોકોની યાદીમાં હતા), તેથી તેમનું આ સ્થાન મેળવવું ખાસ મહત્ત્વપૂર્ણ ગણાય છે. આ અહેવાલમાં વિશ્વભરના ૫૦૦ પ્રભાવશાળી મુસ્લિમોની યાદી આપવામાં આવી છે, જેમાંથી માત્ર ટોચના ૫૦ લોકોને વ્યક્તિગત ક્રમ (રેન્ક) આપવામાં આવ્યો છે, જ્યારે બાકીના ૪૫૦ લોકોને વિવિધ શ્રેણીઓમાં વર્ગીકૃત કરવામાં આવ્યા છે. મહમૂદ મદની ઉપરાંત ૨૦૨૭ના સંસ્કરણમાં અન્ય ઘણા ભારતીયોનો પણ સમાવેશ થાય છે, જેમાં AIMIMના પ્રમુખ અસદુદ્દીન ઓવૈસી, ઇસ્લામિક ઉપદેશક ઝાકિર નાઈક (જે હાલમાં મલેશિયામાં નિર્વાસિત જીવન જીવી રહ્યા છે), ઉદ્યોગપતિ અઝીમ પ્રેમજી અને દાઉદી બોહરા સમુદાયના ધર્મગુરુ સૈયદના મુફદ્દલ સૈફુદ્દીનનો સમાવેશ થાય છે. બોલીવુડ કલાકારો શાહરુખ ખાન, આમિર ખાન, સલમાન ખાન અને શબાના આઝમી તેમજ સંગીતકાર એ.આર. રહેમાન પણ આ ૫૦૦ પ્રભાવશાળી મુસ્લિમોની યાદીમાં (જેમાં ચોક્કસ ક્રમ આપવામાં આવ્યો નથી) સ્થાન પામ્યા છે. જોર્ડન સ્થિત RISSC દ્વારા જાહેર કરાયેલા રેન્કિંગમાં ટોચના ૫૦માં સ્થાન મેળવનાર એકમાત્ર ભારતીય, મૌલાના મહમૂદ મદની કોણ છે ?

ભારતના મહમૂદ મદની કોણ છે ? : મૌલાના મહમૂદ મદની ૧૯૧૮માં દેવબંદી વિદ્વાનો દ્વારા સ્થાપિત એક અગ્રણી સામાજિક-ધાર્મિક સંગઠન જમિયત ઉલેમા-એ-હિંદના વડા છે. આ સંગઠને ઐતિહાસિક રીતે સંયુક્ત રાષ્ટ્રવાદની હિમાયત કરી છે અને આ વિચારનો વિરોધ કર્યો છે કે, ફક્ત ધર્મ જ રાષ્ટ્રીય ઓળખ નક્કી કરે છે. મદની ૧૯૯૨માં દારૂલ ઉલૂમ દેવબંદમાંથી સ્નાતક થયા અને ત્યારબાદ સંગઠનમાં સક્રિય થયા. તેમના દાદા હુસૈન અહમદ મદની ૧૯૫૭ સુધી JUHના વડા હતા. તેમના પિતા અસદ મદનીએ ત્યારબાદ ૨૦૦૬માં તેમના મૃત્યુ સુધી સંગઠનનું નેતૃત્વ કર્યું. મહમૂદ મદનીએ રાષ્ટ્રીય પ્રમુખ બનતા પહેલા ૨૦૦૧થી ૨૦૨૧ સુધી JUHના મહાસચિવ તરીકે સેવા આપી હતી. તેમના પિતાના મૃત્યુ પછીના નેતૃત્વના વિવાદે સંગઠનને વિભાજીત કરી દીધું હતું. અહેવાલમાં નાગરિકતા, ધાર્મિક સ્વતંત્રતા અને આતંકવાદના કેસોમાં કથિત રીતે ખોટી રીતે ફસાયેલા લોકો સહિત લઘુમતી અધિકારો માટે મદનીની કાનૂની હિમાયત પર પ્રકાશ પાડવામાં આવ્યો છે. અહેવાલમાં મદનીને વક્ફ મિલકતોનો બચાવ કરવા અને ઇસ્લામોફોબિયા સામે લડવાનો શ્રેય આપવામાં આવ્યો છે. આ વર્ષની શરૂઆતમાં જમિયત ઉલેમા-એ-હિંદે વક્ફ સંરક્ષણને પ્રાથમિકતા આપી હતી, જેમાં મદનીએ તેને 'ભારતીય મુસ્લિમો માટે સામૂહિક ધાર્મિક ફરજ' તરીકે વર્ણવ્યું હતું, અહેવાલમાં નોંધવામાં આવ્યું છે. તેમાં ઉમેર્યું હતું કે, મૌલવીએ વક્ફ રક્ષકોને 'વધારેલી નાણાકીય પારદર્શિતા, ફરજિયાત ઓડિટ, કાનૂની રેકોર્ડનું સંપૂર્ણ ડિજિટાઇઝેશન અને મજબૂત દસ્તાવેજીકરણ' દ્વારા અતિક્રમણનો સામનો કરવા વિનંતી કરી હતી. પ્રકાશનમાં ગાઝામાં ઇઝરાયેલી લશ્કરી કાર્યવાહી અને પેલેસ્ટીની અધિકારો માટેના તેમના સમર્થનની મદનીની ટીકા પણ નોંધવામાં આવી છે.


આસિમ મુનિર રેન્કિંગમાં ટોચ પર કેમ છે : ૨૦૨૭ રેન્કિંગમાં મુનીર અને શરીફ સઉદી રાજા સલમાન, ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાન અને તુર્કીના રાષ્ટ્રપતિ રેસેપ તૈયપ એર્દોગન સાથે છે. અહેવાલમાં પાંચ નેતાઓને મક્કા સંરક્ષણ કરાર બનાવવાનો શ્રેય આપવામાં આવ્યો છે, જેના હેઠળ એક હસ્તાક્ષરકર્તા સામે સશસ્ત્ર હુમલો ત્રણેય પર હુમલો માનવામાં આવે છે. અહેવાલમાં મુનીરની પ્રોફાઈલ તેમના પ્રભાવને 'પાકિસ્તાનને વાસ્તવિક રીતે નિયંત્રિત કરતી સૈન્યના વડા' તરીકે વર્ણવે છે. તે તેમની લશ્કરી અને રાજદ્વારી ભૂમિકાઓને શ્રેય આપે છે, સાથે સાથે રાજકીય દમન અને પૂર્વ વડાપ્રધાન ઇમરાન ખાનની જેલની ટીકાને પણ સ્વીકારે છે. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, 'મક્કા સંયુક્ત સંરક્ષણ કરાર' એ 'આ ઐતિહાસિક નિર્ણય પાછળનું મુખ્ય કારણ' હતું, કારણ કે, આ કરારે 'સઉદી અરેબિયાની અપાર સંપત્તિ, તુર્કીની અદ્યતન ટેક્નોલોજી અને ઉત્પાદન ક્ષમતા તથા પાકિસ્તાનની શક્તિશાળી સૈન્ય તાકાત'ને એક સામુહિક જોડાણમાં એકત્રિત કરી. આ જોડાણ સુરક્ષા અંગે 'એક બધા માટે, બધા એક માટે'ના અભિગમ પર આધારિત છે. મુનીર અને શરીફ ૨૦૨૬ની આવૃત્તિમાં કોઈ ક્રમાંક પર નહોતા (૪૫૦મા સ્થાને હતા) પરંતુ ૨૦૨૭માં તેઓ સંયુક્ત રીતે પ્રથમ ક્રમે (નંબર ૧ પર) પહોંચી ગયા. બીજા સ્થાને ઈરાનના સર્વોચ્ચ નેતા મોજતબા ખામેનેઈ છે, ત્યારબાદ જોર્ડનના રાજા અબ્દુલ્લા બીજા અને કતારના અમીર શેખ તમીમનો ક્રમ આવે છે. પાકિસ્તાનના મુફ્તી તકી ઉસ્માની સાતમા ક્રમે છે, જ્યારે યમનના હુથી નેતા અબ્દુલ-મલિક અલ-હૌથી ૧૭મા સ્થાને છે. અફઘાનિસ્તાનના તાલિબાન સર્વોચ્ચ નેતા હૈબતુલ્લા અખુંદઝાદા, સીરિયાના અહેમદ અલ-શરા અને ન્યૂયોર્કના મેયર ઝોહરાન મમદાની પણ ટોચના ૫૦માં સામેલ છે.

જ્યારે સંખ્યાઓ ઉમેરાતી નથી, ત્યારે શું કાયદો બદલાય છે ? ગોકુલ ડેરીનો પાઠ

જો ચૂંટાયેલા પ્રતિનિધિઓ લોકશાહી પ્રક્રિયા દ્વારા બહુમતી મેળવે છે, તો શું કાયદામાં અનુગામી ફેરફારને તે જ સંસ્થામાં સત્તા સંતુલનમાં ફેરફાર કરવાની મંજૂરી આપવી જોઈએ ?

(એજન્સી) તા.૧૭

દૂધ, ખાંડ, ધિરાણ અને કૃષિ કરતાં વધુ, મહારાષ્ટ્રનું સહકારી ક્ષેત્ર રાજકીય પ્રભાવ વિશે રહ્યું છે. દાયકાઓથી, સહકારી સંસ્થાઓ ગ્રામીણ મહારાષ્ટ્રમાં રાજકીય શક્તિના પાયા તરીકે સેવા આપી છે. તેઓએ નેતાઓ બનાવવા, રાજકીય નેટવર્કને મજબૂત બનાવવામાં અને ચૂંટણીઓને પ્રભાવિત કરવામાં મદદ કરી છે. સહકારી સંસ્થા પર નિયંત્રણનો અર્થ ઘણીવાર ખેડૂતો, સભ્યો અને સ્થાનિક રાજકીય કાર્યકરોના મોટા નેટવર્ક પર નિયંત્રણ થાય છે. કોલ્હાપુરની ગોકુલ ડેરીને લગતા તાજેતરના વિવાદે ફરી એકવાર આ સંબંધને ધ્યાન પર લાવ્યો છે. પરંતુ આ વખતે, મોટો પ્રશ્ન એ નથી કે ડેરીનું નિયંત્રણ કોણ કરે છે. તે એ છે કે શું સહકારી સંસ્થાઓને સંચાલિત કરતા નિયમો એવી રીતે બદલવામાં આવી રહ્યા છે જે ચૂંટાયેલા સભ્યોના આદેશને બદલી શકે. ૧૯ ઓક્ટોબરના રોજ ગોકુલના ૨૫ સભ્યોના બોર્ડની ચૂંટણીએ સ્પષ્ટ પરિણામ આપ્યું. કોંગ્રેસના એમએલસી સતેજ પાટિલના નેતૃત્વ હેઠળની પેનલે ૧૩ બેઠકો જીતી હતી, જ્યારે મહાયુતિ સમર્થિત પેનલે ૧૨ બેઠકો મેળવી હતી. તે એક નાનકડી જીત હતી, પરંતુ તેમ છતાં તે એક જીત હતી. સભ્યોએ પોતાનો નિર્ણય લીધો હતો. જોકે, લડાઈ હજુ પૂરી થઈ નથી. અધ્યક્ષની ચૂંટણીમાં મડાગાંઠ થઈ ગઈ હતી, જેમાં કોઈ પણ પક્ષ જરૂરી સંખ્યા મેળવી શક્યો ન હતો. રાજ્ય સરકારે ત્યારબાદ એક વટહુકમ દ્વારા મહારાષ્ટ્ર સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૦ માં સુધારો કર્યો હતો. સુધારેલી જોગવાઈ હેઠળ, ૫૦૦ કરોડ રૂપિયાથી વધુ વાર્ષિક ટર્નઓવર ધરાવતી અને સરકારી સહાય મેળવતી સહકારી સંસ્થાઓના બોર્ડમાં સરકાર દ્વારા નામાંકિત પાંચ સભ્યો હોઈ શકે છે. આમાંથી ચાર નામાંકિત વ્યક્તિઓને મતદાનનો અધિકાર છે, જોકે તેઓ પદાધિકારી પદો માટે ચૂંટણી લડી શકતા નથી. જિલ્લા કેન્દ્રીય સહકારી બેંકોને બાકાત રાખવામાં આવી છે. સરકારનો તર્ક એ છે કે મોટી સહકારી સંસ્થાઓ નોંધપાત્ર જાહેર નાણાં અને સરકારી સમર્થનનું સંચાલન કરે છે. તેથી, રાજ્યને તેમના કાર્યમાં પોતાનો અભિપ્રાય આપવો જોઈએ. તે એ પણ જાળવી રાખે છે કે આ સુધારો વહીવટી મડાગાંઠને રોકવામાં અને વધુ સારી જવાબદારી સુનિશ્ચિત કરવામાં મદદ કરશે. જાહેર ભંડોળ મેળવતી સંસ્થાઓ જવાબદાર હોવી જોઈએ એ દલીલમાં યોગ્યતા છે. મોટી સહકારી સંસ્થાઓને યોગ્ય નાણાકીય દેખરેખ વિના કાર્ય કરવાની મંજૂરી આપી શકાતી નથી. કુશળતા અને વ્યાવસાયિક દેખરેખ ચોક્કસપણે તેમની કામગીરીમાં સુધારો કરી શકે છે. પરંતુ જવાબદારી અને રાજકીય નિયંત્રણ બે અલગ અલગ બાબતો છે. આ ભેદને અવગણી શકાય નહીં. વચનના સમયને કારણે અસ્વસ્થતાભર્યા



પ્રશ્નો ઉભા થયા છે. સરકાર કહે છે કે ગોકુલ ચૂંટણીના પરિણામો જાહેર થયા તે પહેલાં આ દરખાસ્ત વિચારણા હેઠળ હતી. જોકે, હકીકત એ છે કે અધ્યક્ષની ચૂંટણી રાજકીય મડાગાંઠમાં ફસાઈ ગઈ ત્યારે સુધારો અમલમાં આવ્યો હતો. ત્યારબાદ ચાર નામાંકિત ડિરેક્ટરોએ ૧૦ નવેમ્બરના રોજ અધ્યક્ષની ચૂંટણીમાં મતદાન કર્યું હતું. મહાયુતિ સમર્થિત ઉમેદવાર રાજેશ પાટીલે તેમના વિરોધી માટે ૧૩ મતો સામે ૧૬ મતો મેળવ્યા હતા. ચાર વધારાના મતોએ રાજકીય ગણિત બદલી નાખ્યું હતું. બોમ્બે હાઈકોર્ટે વટહુકમ પર વચગાળાનો સ્ટે આપવાનો ઇનકાર કર્યો હતો, જેનાથી ચૂંટણી આગળ વધવાની મંજૂરી મળી હતી. જોકે, તેણે નિર્દેશ આપ્યો હતો કે ચૂંટાયેલા અને નામાંકિત ડિરેક્ટરોના મતો અલગથી રાખવામાં આવે અને સાચવવામાં આવે. અંતિમ પરિણામ બાકી કાનૂની પડકારને આધીન રહે છે. આ તે છે જ્યાં મોટી ચર્ચા શરૂ થાય છે. જો ચૂંટાયેલા પ્રતિનિધિઓ લોકશાહી પ્રક્રિયા દ્વારા બહુમતી મેળવે છે, તો શું કાયદામાં અનુગામી ફેરફાર દ્વારા તે જ સંસ્થામાં સત્તાના સંતુલનને બદલવાની મંજૂરી આપવી જોઈએ ? શું સરકાર સહકારી સભ્યો દ્વારા ચૂંટાયેલા લોકોના અધિકારને નબળા પાડ્યા વિના મતદાન અધિકારો ધરાવતા સભ્યોને નિયુક્ત કરી શકે છે ? આ એવા પ્રશ્નો નથી જેને વિપક્ષ દ્વારા રાજકીય આરોપો તરીકે ફગાવી શકાય. તે જ સમયે, એવું સૂચન કરવું અન્યાયી રહેશે કે દરેક સરકારી નિમણૂક આવશ્યકપણે સંસ્થાને કબજે કરવાનો પ્રયાસ છે. સહકારી સંસ્થાઓ ચકાસણીથી ઉપર નથી. તેમના નાણાં, વહીવટ અને જાહેર સહાયના ઉપયોગની તપાસ થવી જોઈએ. ભૂતકાળમાં એવા ઘણા ઉદાહરણો બન્યા છે કે સહકારી સંસ્થાઓ તેમના સભ્યોની સેવા કરવાને બદલે રાજકીય સમર્થનનું કેન્દ્ર બની છે. સરકાર જાહેર રોકાણનું રક્ષણ કરવાનો હકદાર છે. પરંતુ તે જવાબદારી સ્પષ્ટ સલામતી સાથે આવવી જોઈએ. નામાંકિત ડિરેક્ટરોની લાયકાત, તેમની પસંદગીની પ્રક્રિયા અને તેમની મતદાન શક્તિઓની મર્યાદા પારદર્શક હોવી જોઈએ. વધુ અગત્યનું, સરકારી નિમણૂકોએ વ્યાવસાયિક કામગીરીને મજબૂત બનાવવી જોઈએ, રાજકીય સ્કોર સેટલ કરવા માટેનું સાધન ન બનવું જોઈએ. મહારાષ્ટ્રની સહકારી ચળવળનો લાંબો ઇતિહાસ છે. પશ્ચિમ મહારાષ્ટ્રના ખાંડ કારખાનાઓથી લઈને દૂધ સંઘો, સહકારી બેંકો અને કૃષિ સંસ્થાઓ સુધી, રાજ્યના ગ્રામીણ અર્થતંત્રને આકાર આપવામાં તેણે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. ઘણા રાજકીય નેતાઓએ આ દ્વારા પોતાની કારકિર્દી બનાવી છે. આ સંસ્થાઓનો પ્રભાવ તે ગામો અને જિલ્લાઓની સીમાઓથી ઘણો આગળ વિસ્તરેલો છે, જેનું તે પ્રતિનિધિત્વ કરે છે. આ જ કારણ છે કે સહકારી સંસ્થાઓની સ્વાયત્તતા અત્યંત મહત્વપૂર્ણ છે. આ સંસ્થાઓ તેના સભ્યોની છે, ન કે સત્તામાં રહેલા કોઈ પણ રાજકીય ગઠબંધનની કે જે હાલમાં મંત્રાલય (સચિવાલય) પર કબજો ધરાવે છે. સત્તાધારી પક્ષો માટે આમાંથી એક મોટો રાજકીય બોધપાઠ પણ મળે છે. સરકારો બદલાય છે, રાજકીય સમીકરણો બદલાય છે અને ચૂંટણીના પરિણામો પણ બદલાતા રહે છે. આજે દાખલ કરવામાં આવેલી કોઈ જોગવાઈ આવતીકાલે એક દાખલો (પ્રેસિડેન્ટ) બની શકે છે. ભવિષ્યમાં કોઈ બીજી સરકાર સત્તામાં આવે, તો તે આજની સત્તાધારી પાર્ટીઓના નિયંત્રણ હેઠળની સંસ્થાઓ સામે એ જ સત્તાઓનો ઉપયોગ કરી શકે છે. તેથી જ, આવી સંસ્થાઓને સંચાલિત કરતા કાયદાઓ ટૂંકા ગાળાના રાજકીય ગણિતને બદલે, લાંબા ગાળાના સિદ્ધાંતોને ધ્યાનમાં રાખીને ઘડવા જોઈએ. કોલ્હાપુરની 'ગોકુલ' ભલે એક સહકારી ડેરી હોય, પરંતુ તેણે ઉઠાવેલા પ્રશ્નો સમગ્ર રાજ્યને સ્પર્શે છે. મુખ્ય મુદ્દો એ નથી કે તેના બોર્ડ પર 'મહાયુતિ'નું નિયંત્રણ છે કે વિરોધ પક્ષનું. અસલી પ્રશ્ન એ છે કે, ચૂંટણી પછી સહકારી સભ્યોના જનાદેશ (મેન્ડેટ)નું વજન એટલું જ રહે છે કે જેટલું પરિણામ જાહેર થયા પહેલા હતું ? મહારાષ્ટ્રનું સહકારી આંદોલન એ વિચાર પર રચાયું હતું કે, જે લોકો કોઈ સંસ્થામાં યોગદાન આપે છે, તેમને તે સંસ્થાના સંચાલનમાં નિર્ણાયક અવાજ હોવો જોઈએ. જ્યારે પણ રાજકીય સમીકરણો પ્રતિકૂળ બને, ત્યારે આ મૂળભૂત સિદ્ધાંતને નબળો પાડી શકાય નહીં. સરકારો બદલાઈ શક

સોશિયલ મીડિયા પર ધાર્મિક લાગણી દુભાવનાર, સમાજમાં વૈમનસ્ય ફેલાવનાર સામે વડાલીમાં ફરિયાદ

(સંવાદદાતા દ્વારા)
હિંમતનગર, તા.૧૭

કાલે વડગામ તાલુકાના તેડીવાડા ગામ ખાતે બે જૂથ વચ્ચે થયેલા તોફાન બાદ સોશિયલ મીડિયામાં કેટલાક તત્વો દ્વારા પયગમ્બર (સ.અ.વ.)સાહેબ વિશે અપશબ્દો અને અપમાનજનક કોમેન્ટ કરવામાં આવી હતી. આ ઘટનાને લઈને સમગ્ર મુસ્લિમ સમાજમાં ભારે રોષ અને દુઃખની લાગણી ફેલાઈ છે.

આ અનુસંધાને આજે વડાલી મુસ્લિમ પ જમાતના વડીલો અને આગેવાનો એકત્ર થઈને વડાલી પોલીસ સ્ટેશન ખાતે લેખિત ફરિયાદ (FIR) આપી હતી, તેમજ મામલતદારને આવેદનપત્ર આપીને કડક કાર્યવાહીની માંગણી કરી હતી. આવેદનપત્રમાં જણાવવામાં આવ્યું છે કે, ધાર્મિક લાગણી દુભાવનાર, સમાજમાં વૈમનસ્ય ફેલાવનાર અને સોશિયલ મીડિયા દ્વારા ગુસ્તાખી કરનાર ઈસમો સામે તાત્કાલિક કાયદેસરની કડક કાર્યવાહી કરવામાં આવે, જેથી ભવિષ્યમાં કોઈ પણ વ્યક્તિ કોઈ પણ ધર્મના મહાપુરુષો વિશે અપમાનજનક ટિપ્પણી કરવાની હિંમત ન કરે.



(તસવીર : ઝાકીર સૈયદ, હિંમતનગર)

પ જમાતના આગેવાનોએ જણાવ્યું હતું કે, અમારો સમાજ હંમેશા શાંતિ, ભાઈચારા અને બંધારણમાં માનનારો સમાજ છે. અમે કાયદાના માર્ગે જ ન્યાય માંગીએ છીએ. અમે પ્રશાસનને વિનંતી કરીએ છીએ કે આ મામલે ઝડપી તપાસ કરી દોષિતો સામે પગલાં ભરવામાં આવે અને વિસ્તારમાં શાંતિ જળવાઈ રહે તે માટે યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે.

આ પ્રસંગે પ જમાતના વડીલો, આગેવાનો અને મોટી સંખ્યામાં સમાજના લોકો ઉપસ્થિત રહ્યા હતા.

ડીસામાં ટ્રાફિકની સમસ્યા યથાવત્ : લોકોને ભારે હાલાકી



(તસવીર : જમીલ મેમણ ડીસા)

ડીસા, તા.૧૭

બનાસકાંઠાના વેપારી મથક ડીસામાં દિવાળીના તહેવારો પૂર્ણ થયા બાદ પણ ટ્રાફિકની સમસ્યા યથાવત્ રહી છે. શહેરના મુખ્ય બજારો, બસ સ્ટેન્ડ સહિતના વ્યસ્ત જાહેર માર્ગો પર ખાણીપીણીની લારીઓ અને ગલ્લાધારકોના દબાણને કારણે વાહન ચાલકો અને રાહદારીઓ ભારે હાલાકી ભોગવી રહ્યા છે. સાંજના સમયે લારીઓની આસપાસ ગ્રાહકોનાં વાહનો આડેધડ પાર્ક થતાં ટ્રાફિક જામની સ્થિતિ સર્જાય છે.

ખાસ કરીને સરદાર બાગ પાસે જાહેર માર્ગો પર દબાણો વધતા હોવા છતાં તંત્ર દ્વારા કોઈ નક્કર કાર્યવાહી કરવામાં આવતી નથી. સામાન્ય વાહનચાલકો સામે દંડાત્મક કાર્યવાહી કરતું ટ્રાફિક પોલીસ તંત્ર રસ્તા રોકીને ઊભી રહેતી લારીઓ સામે કેમ આંખ આડા કાન કરે છે ? તેવા સવાલો શહેરીજનોમાં ઉઠી રહ્યા છે.

ટ્રાફિકની અવ્યવસ્થાને કારણે વિદ્યાર્થીઓ, નોકરિયાતો અને મહિલાઓને મુશ્કેલી પડી રહી છે. ગીચ ટ્રાફિકમાં ૧૦૮ એમ્બ્યુલન્સ જેવા ઈમરજન્સી વાહનો પણ અટવાઈ જવાની ભીતિ રહે છે. ત્યારે નગરપાલિકા અને પોલીસ તંત્ર સંયુક્ત રીતે મેગા ડ્રાઇવ યોજી જાહેર માર્ગો પરથી દબાણો દૂર કરે અને ટ્રાફિક સમસ્યાનો કાયમી ઉકેલ લાવે તેવી શહેરીજનોની માંગ ઉઠી છે.

કલેક્ટરને લેખિત રજૂઆત કરી ધરણાની ચીમકી અપાઈ

નાંદોદ અને તિલકવાડા તાલુકા પંચાયતના પ્રમુખોનો પ્રાયોજના વહીવટદાર સામે મોરચો

(સંવાદદાતા દ્વારા)
રાજપીપળા, તા.૧૭

નર્મદા જિલ્લામાં ભાજપની ચૂંટાયેલી પાંખ અને વહીવટી તંત્ર વચ્ચેના મતભેદો હવે ખુલીને સામે આવ્યા છે. ભાજપ શાસિત નાંદોદ અને તિલકવાડા તાલુકા પંચાયતના પ્રમુખો તેમજ ગુજરાત પેટર્ન સમિતિના સભ્યોએ પ્રાયોજના વહીવટદાર સામે ગંભીર આક્ષેપો સાથે જિલ્લા કલેક્ટરને લેખિત રજૂઆત કરી છે, જેને લઈને રાજકીય વર્તુળોમાં ભારે ચર્ચા જાગી છે.

પ્રાપ્ત વિગતો મુજબ, ગુજરાત પેટર્ન યોજના વર્ષ ૨૦૨૬-૨૭ અંતર્ગત તિલકવાડા તાલુકાના આદિવાસી વિસ્તારોમાં વિકાસના કામો કરવા માટે તાલુકા પંચાયત પ્રમુખ, સરકારના નિયુક્ત સભ્ય અને જિલ્લા પંચાયત સભ્ય દ્વારા સૂચવવામાં આવેલા કામોની યાદી અગાઉ પ્રાયોજના વહીવટદારને સોંપવામાં આવી હતી. આ બાબતે ગત તા.૭/૦૮/૨૦૨૬ના રોજ તાલુકા પંચાયતના પ્રમુખ દ્વારા કામોની યાદી રજૂ કરાયા બાદ પ્રાયોજના વિભાગ દ્વારા સહી-સિક્કા કરીને તે પરત આપવામાં આવી હતી. પરંતુ, ત્યારબાદ



પ્રાયોજના વહીવટદાર દ્વારા નાંદોદ અને તિલકવાડા તાલુકાના વિકાસ કામોની યાદીમાં પોતાની મનમાની ચલાવીને ફેરફાર કરી દેવાયા હોવાનો મોટો આક્ષેપ કરવામાં આવ્યો છે.

પદાધિકારીઓનો આરોપ છે કે ચૂંટાયેલા સભ્યો અને પ્રમુખોની જાણ કે મંજૂરી વગર તેમની યાદીમાંથી કેટલાક કામો રદ કરીને પોતાની પસંદગીના કામો ઉમેરી દેવામાં આવ્યા છે અને આ નવી યાદી જિલ્લા કલેક્ટર સમક્ષ રજૂ કરી દેવાઈ છે. આ મામલે જ્યારે જવાબ માંગવામાં આવ્યો ત્યારે પ્રાયોજના વહીવટદાર દ્વારા સંતોષકારક ખુલાસો આપવામાં આવ્યો ન હતો. તેમજ આ મુદ્દે પ્રભારી મંત્રીની સહી કરાવવાની બાબત સામે પણ પદાધિકારીઓએ ઉગ્ર વિરોધ નોંધાવ્યો છે. જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને ગુજરાત પેટર્ન સમિતિના સભ્યોએ એક થઈને આ વહીવટી મનમાની સામે વાંધો ઉઠાવ્યો છે.

નાંદોદ અને તિલકવાડા તાલુકા પંચાયતના પ્રમુખો અને સભ્યોએ જિલ્લા કલેક્ટરને તાત્કાલિક ધોરણે આ મામલે યોગ્ય કાર્યવાહી કરવા રજૂઆત કરી છે. સાથેસાથે સ્પષ્ટ ચેતવણી પણ ઉચ્ચારી છે કે જો તેમની આ રજૂઆતનો વહેલી તકે યોગ્ય ઉકેલ નહીં આવે, તો તેઓ નાછૂટકે પ્રાયોજના વહીવટદારની કચેરીએ જ ધરણા પર બેસવાની ફરજ પડશે.

વાર્ષિક ૭૮ હજાર MVA ઉત્પાદન ક્ષમતા ધરાવતો પ્લાન્ટ બનશે

હાલોલના નુરપુરમાં ટીએમસી ટ્રાન્સફોર્મર્સના નવા પ્લાન્ટનું મુખ્યમંત્રીના હસ્તે ભૂમિપૂજન

(સંવાદદાતા દ્વારા)
ગોધરા, તા.૧૭

પંચમહાલ જિલ્લાના હાલોલ તાલુકાના નુરપુરા ખાતે ઊર્જા ક્ષેત્રની અત્યાધુનિક ઉત્પાદન સુવિધા ધરાવતા TMC ટ્રાન્સફોર્મર્સ ઇન્ડિયા લિમિટેડના નવા મેન્યુફેક્ચરિંગ યુનિટનું ભૂમિપૂજન મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રોજેક્ટથી પંચમહાલ સહિત સમગ્ર મધ્ય ગુજરાતના ઔદ્યોગિક વિકાસને નવી દિશા મળવાની સાથે સ્થાનિક સ્તરે રોજગારીની તકો ઊભી થવાની અપેક્ષા વ્યક્ત કરવામાં આવી હતી.

ભૂમિપૂજન પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, ટ્રાન્સફોર્મર વિકાસની કરોડરજ્જુ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના મેક ઇન ઇન્ડિયા અને આત્મનિર્ભર ભારતના સંકલ્પને સાકાર કરવાની દિશામાં આ પ્રોજેક્ટ મહત્ત્વપૂર્ણ સાબિત થશે. ગુજરાત આજે રિન્યુએબલ એનર્જી ક્ષેત્રે દેશનું નેતૃત્વ કરી રહ્યું છે. બે દાયકા અગાઉ પંચમહાલ જિલ્લાના ચાંપાનેરથી શરૂ થયેલી જ્યોતિગ્રામ યોજનાએ વીજળી ઉત્પાદન અને વિતરણ ક્ષેત્રે ક્રાંતિકારી પરિવર્તન લાવ્યું હતું.

સ્થાનિક યુવાનોને રોજગારીની તકો મળશે



(તસવીર : ઈમરાન તેતરા, ગોધરા)

TMCનો આ નવો પ્લાન્ટ વાર્ષિક ૭૮ હજાર સ્ક્વ ઉત્પાદન ક્ષમતા સાથે નિર્માણ પામશે. મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, આ પ્લાન્ટથી ઊર્જા સુરક્ષાને મજબૂતી મળવાની સાથે સ્થાનિક યુવાનો માટે રોજગારી અને કૌશલ્ય વિકાસની નવી તકો ઊભી થશે. વડોદરા, સાવલી, હાલોલ અને કાલોલનો સમગ્ર વિસ્તાર હાઇ-ટેક એન્જિનિયરિંગ અને મેન્યુફેક્ચરિંગ કોરિડોર તરીકે વિકસવાની દિશામાં આગળ વધી રહ્યો છે. આ ઉદ્યોગના આગમનથી MSME, નાના સપ્લાયર્સ અને આનુષંગિક ઉદ્યોગોને પણ વેગ મળશે.

કાર્યક્રમ દરમિયાન TMC ટ્રાન્સફોર્મર્સના MD એચ.એન. શુક્લાએ સ્વાગત પ્રવચન કરી કંપનીની કામગીરી અને પ્રોજેક્ટની વિગતો રજૂ કરી હતી. કંપની દ્વારા CSR અંતર્ગત રૂ.૨૫ લાખનો ચેક કન્યા કેળવણી નિધિમાં મુખ્યમંત્રીને અર્પણ કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે છોટાઉદેપુરના સાંસદ જશુભાઈ રાઠવા, જિલ્લા પંચાયત પ્રમુખ નીરજ પટેલ, માંજલપુરના ધારાસભ્ય સતીશ પટેલ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

ભિલોડામાં સ્ટેટ મોનિટરિંગ સેલના દરોડા

ભાણમેર પાસેથી રૂા.૬.૫૧ લાખનો વિદેશી દારૂ સાથે એક ઝડપાયો

(સંવાદદાતા દ્વારા)
મોડાસા, તા.૧૭

ગાંધીનગર સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC)ની ટીમે અરવલ્લી જિલ્લાના ભિલોડા પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં મોટી રેડ પાડીને કેટા કારમાંથી રૂપિયા ૬.૫૧ લાખના વિદેશી દારૂ સાથે એક બુટલેગરને દબોચી લીધો છે. સ્થાનિક પોલીસની નજર હેઠળ ચાલતા આ દારૂના કારોબારમાં એસએમસીની આ કાર્યવાહીથી સ્થાનિક પોલીસની કામગીરી સામે પણ સવાલો ઉઠ્યા છે.પ્રાપ્ત વિગતો અનુસાર, સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમે બાતમીના આધારે ભિલોડા તાલુકાની ઝાંઝરી બોર્ડર નજીક આવેલા ભાણમેર ગામની સીમમાં નાકાબંધી કરી હતી. આ દરમિયાન રાજસ્થાનના કેટા પરથી દારૂ ભરીને ગુજરાતમાં ડિલિવરી આપવા આવી રહેલી એક કેટા કારને પોલીસે અટકાવવાનો પ્રયાસ કર્યો હતો. પોલીસને જોઈને બુટલેગરો કાર રસ્તા પર જ મૂકીને અંધારામાં નાસી છૂટવા લાગ્યા હતા, જો કે સતર્ક પોલીસે પીછો કરીને હીરાલાલ લાલચંદ લુહાર નામના શખ્સને દબોચી લીધો હતો.

એસએમસીની ટીમે પકડાયેલી કારની તલાસી લેતા અંદરથી અલગ-અલગ બ્રાન્ડની વિદેશી દારૂની ૩,૪૧૯ બોટલો કિંમત રૂપિયા ૬,૫૧,૧૪૦/- મળી આવી હતી. પોલીસે દારૂનો આ જથ્થો કાર અને મોબાઈલ ફોન સહિત કુલ રૂપિયા ૧૬ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

આ કેસમાં ઝડપાયેલા હીરાલાલ લુહારને જેલના સળિયા પાછળ ધકેલી દેવામાં આવ્યો છે, જ્યારે કાર ચાલક સહિત દારૂની હેરાફેરીમાં સંડોવાયેલા અન્ય પાંચ બુટલેગરો સામે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી તેમને ઝડપી પાડવા માટેના ચક્રો એસએમસીએ ગતિમાન કર્યા છે.

વાપીમાં અભિષેક જ્વેલર્સના માલિક ઉપર હિચકારો હુમલો

(સંવાદદાતા દ્વારા) વાપી, તા.૧૭

વાપી ટાઉન મેન બજાર ખાતે આવેલ અભિષેક જ્વેલર્સ નામની દુકાન માલિક ઉપર જીવલેણ હુમલો થયો છે. પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, આજરોજ બોપરના ૧.૩૦થી ૧.૪૫ની આસપાસ વાપી ટાઉન પોલીસ સ્ટેશનના હદ વિસ્તારમાં આવેલ અભિષેક જ્વેલર્સના માલિક લલિત જૈન કોઈ કામ અર્થે પોતાની દુકાન ઉપર આવેલ બેંક ઓફ બરોડાના દાદર ઉપર જઈ રહ્યા હતા ત્યારે ૩ અજાણ્યા હુમલાવરે એમની ઉપર જીવલેણ હુમલો કરી લોહીલુહાણ કરી નાખેલ. લલિતભાઈને ગરદન અને ખંભા ઉપર ગંભીર ઈજા પહોંચી છે. એમને વાપીની એક ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ કરવામાં આવ્યા છે.

સ્થાનિક રહેવાસીઓએ ત્રણ પૈકી એક હુમલાખોરને પકડી પાડવામાં મોટી સફળતા પ્રાપ્ત થઈ છે. તેને વાપી ટાઉન પોલીસના હવાલે કરી દેવામાં આવ્યો છે. હુમલાની જાણ થતાં વાપી ટાઉન તથા કાઈમ બ્રાન્ચની પોલીસો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, અભિષેક જ્વેલર્સના માલિક લલિતભાઈ જૈનને એક મહિના અગાઉ કોઈ અજાણ્યા ઈસમે ફોન કરી ધમકી આપી હતી, જેની જાણ વાપી ટાઉન પોલીસ સ્ટેશનને કરવામાં આવી હતી.

ભિલોડાના પાદરા નજીક અર્ટિગા કાર સળગાવી પોલીસકર્મીની હત્યાનો ભેદ ઉકેલાયો

સાબરકાંઠાના ચિઠોડા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ સહિત ચાર આરોપીઓની ધરપકડ

તા.૧૭

ગત ૧૦ નવેમ્બરના રોજ ભિલોડાના પાદરા ગામ પાસેથી પસાર થતી હાથમતી નદીના પટમાં અર્ટિગા કાર સળગેલી હાલતમાં હોવાની અને કારની અંદર બીજી રો (સીટ)માં અંદાજે ૮૦ ટકા સળગી ગયેલી હાલતમાં એક ડેડબોડી હોવાની માહિતી મળી હતી. ગાડી જાતે જ સળગી ગઈ હોવાની શક્યતા નહિવત્ જણાતા આખો કેસ શંકાસ્પદ લાગ્યો હતો. આ કેસની ગંભીરતાને ધ્યાનમાં લઈને એલ.સી.બી.ની બે અને ભિલોડા પોલીસ સ્ટેશનની ત્રણ એમ કુલ પાંચ વિશેષ ટીમો બનાવીને તપાસ હાથ ધરવામાં આવી હતી.

પોલીસ તપાસમાં બહાર આવ્યું હતું કે, મૃતક અશ્વિનભાઈ અને ચિઠોડા પોલીસ સ્ટેશનમાં જ રહેતો હેડ કોન્સ્ટેબલ (આલ્ફા) છેલ્લા પાંચેક મહિનાથી પરિચયમાં હતા. ગત ૮ નવેમ્બરના રોજ આ બનાવ બન્યો હતો. આ હત્યા કેસમાં હેડ કોન્સ્ટેબલ (આલ્ફા), તેનો ભાઈ, અન્ય બે કઝિન ભાઈઓ અને મનોજ નામનો એક ઓળખીતો એમ કુલ ચારેય જણાએ ભેગા મળીને કારસ્તાન રચ્યું હતું. ૮ તારીખે બનાવને અંજામ આપ્યા બાદ, બીજા દિવસે ૯ નવેમ્બરની રાત્રે મૃતદેહને ઈકો ગાડીમાં અન્યત્ર લઈ જઈને ત્યારબાદ અર્ટિગા કારમાં ફરીથી પ્લાન્ટ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ આરોપીઓએ અવાવરૂં જગ્યા શોધીને કાર પર પેટ્રોલ છાંટીને તેને સળગાવી દીધી હતી, જેથી પુરાવાનો નાશ થઈ શકે.

આ સમગ્ર પ્રકરણના આધારે મૃતકના પરિવારજનોની ફરિયાદ નોંધીને પોલીસે ભારતીય ન્યાય સંહિતા (BNS)ની કલમ ૩૦૨ (હત્યા) અને પુરાવાનો નાશ કરવા સહિતની ગંભીર કલમો હેઠળ ગુનો દાખલ કર્યો છે. પોલીસે ચારેય આરોપીઓની ધરપકડ કરી લીધી છે અને હાલ તેમના રિમાન્ડ મેળવીને સઘન ઈન્ટરોગેશન (પૂછપરછ) ચાલુ છે.

પ્રાથમિક પૂછપરછમાં આરોપીઓ સ્પષ્ટપણે કઈ કહી શકતા નથી, પરંતુ પોલીસની પ્રાથમિક શંકા મુજબ ગળું દબાવીને અથવા અન્ય કોઈ રીતે હત્યા કરવામાં આવી હોઈ શકે છે. કાર અને મૃતદેહ આગમાં વધુ પડતા બળી ગયા હોવાના કારણે ડેડબોડીના મર્યાદિત ભાગો જ ઉપલબ્ધ છે. FSL (ફોરેન્સિક) અને ટેકનિકલ એનાલિસિસની મદદથી ડીએનએ સેમ્પલ લેવામાં આવ્યા છે. ફોરેન્સિક રિપોર્ટ આવ્યા બાદ જ મૃતદેહના પેટમાં ઝેર હતું કે કેમ અને હત્યા પાછળનું ચોક્કસ કારણ શું હતું તે અંગે વધુ ખુલાસા થશે.

ગુજરાત હાઈકોર્ટે શહેરના સીએ સામેનો બે દાયકા જૂનો કેસ રદ કર્યો

વ્યાવસાયિકોને પરોક્ષ ફોજદારી જવાબદારીમાંથી મોટી રાહત

(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ, તા.૧૭

વ્યાવસાયિકોને પરોક્ષ ફોજદારી જવાબદારી (વાઇકેરિયસ ક્રિમિનલ લાયેબિલિટી) સામે રક્ષણ આપતા એક મહત્ત્વપૂર્ણ ચુકાદામાં ગુજરાત હાઈકોર્ટે શહેરના એક ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ સામે બે દાયકા કરતાં વધુ સમયથી પડતર ફોજદારી કેસને રદબાતલ ઠેરવ્યો છે. અરજદાર અગાઉ ટૂંકા ગાળા માટે નોન-એક્ઝિક્યુટિવ પ્રોફેશનલ ડિરેક્ટર તરીકે સેવા આપી ચૂક્યા હતા. જસ્ટિસ પી.એમ. રાવલે ગૌરાંગ શેઠવાળા દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીને મંજૂર રાખીને કંપનીઝ એક્ટ, ૧૯૫૬ હેઠળના તેમની સામેના તમામ આરોપો રદબાતલ જાહેર કર્યા છે.

આ સમગ્ર કાયદાકીય લડતની શરૂઆત રજિસ્ટ્રાર ઓફ કંપનીઝ (આરઓસી) દ્વારા શહેરની એડિશનલ ચીફ મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ કોર્ટ સમક્ષ દાખલ કરવામાં આવેલા ફોજદારી કેસથી થઈ હતી. ફરિયાદ પક્ષે કંપનીઝ એક્ટ, ૧૯૫૬ની કલમ ૬૩, ૬૮ અને ૬૨૮ હેઠળ કસૂર અને ઉલ્લંઘનના આરોપસર અરજદાર સહિત અન્ય વ્યક્તિઓને આરોપી તરીકે દર્શાવ્યા હતા. આ કાયદાકીય જોગવાઈઓ પ્રોસ્પેક્ટસમાં ખોટી રજૂઆત બદલ ફોજદારી જવાબદારી, રોકાણ કરવા માટે છેતરપિંડીથી પ્રેરિત કરવાની સજા અને ખોટા નિવેદનો આપવાની સજા સાથે સંકળાયેલી છે. આ આક્ષેપો જુલાઈ ૧૯૯૫માં નિસુ ફિનકેપ લિમિટેડ (જે અગાઉ મેગા ફાઇનાન્સ એન્ડ સિક્યોરિટીઝ લિમિટેડ તરીકે ઓળખાતી હતી) દ્વારા બહાર પાડવામાં આવેલા ઇક્વિટી શેરના પબ્લિક ઇશ્યૂને લઈને કરવામાં આવ્યા હતા. ત્યારબાદ કંપની તેના નિર્ધારિત લક્ષ્યોને પૂરા કરવામાં નિષ્ફળ ગઈ હતી અને અંતે સેબી દ્વારા તેને 'વેનિશિંગ કંપની' તરીકેની યાદીમાં મૂકવામાં આવી હતી.

હાઈકોર્ટે ચુકાદામાં અવલોકન કર્યું હતું કે, કંપનીઝ એક્ટની કલમ ૬૨૮ એક્ટની કોઈપણ જોગવાઈઓ હેઠળ જરૂરી કોઈપણ રિટર્ન, રિપોર્ટ, પ્રમાણપત્ર, બેલેન્સ શીટ, પ્રોસ્પેક્ટસ, નિવેદન અથવા અન્ય દસ્તાવેજમાં ખોટા નિવેદનો બદલ સજા સાથે સંબંધિત છે. આ કલમ હેઠળના ગુનાનો મૂળ સાર માત્ર અચોક્કસ કે ખામીયુક્ત દસ્તાવેજ રજૂ કરવા પૂરતો મર્યાદિત નથી, પરંતુ તેમાં જરૂરી ગુનાહિત માનસિકતા (મેન્સ રિયા) સાથે જાણીજોઈને, ઈરાદાપૂર્વક અને સભાનપણે ખોટી માહિતી દાખલ કરવાનો સમાવેશ થાય છે.

કોર્ટે વધુમાં સ્પષ્ટ કર્યું હતું કે આટલી ગંભીર ફોજદારી સજાની જવાબદારી ક્યારેય પરોક્ષ રીતે, માત્ર શંકાના આધારે કે પછી ઉપરછલ્લા જોડાણ દ્વારા કોઈના પર થોપી શકાય નહીં. આ કલમનો મુખ્ય આધાર ગુનાહિત ઈરાદો છે, જે ત્યારે જ સાબિત થઈ શકે જ્યારે રિરેક્ટર તરફથી બદઈરાદો અથવા સદ્ભાવનાનો અભાવ હોવાનું સ્પષ્ટ થાય.સીએ સામેની ટ્રાયલ રદ કરતાં હાઈકોર્ટે તારણ કાઢ્યું હતું કે, વર્તમાન કેસની હકીકતો પરથી સ્પષ્ટ થાય છે કે અરજદારે માત્ર કલમ ૫૮ હેઠળ જરૂરી એક નિષ્ણાત તરીકે નિવેદન આપ્યું હતું. મેનેજમેન્ટ દ્વારા પૂરા પાડવામાં આવેલા હિસાબી ચોપડા, રેકોર્ડ્સ અને ડેટા પર આધાર રાખતા એક સ્વતંત્ર વ્યાવસાયિકને સીધી સંડોવણી કે ખોટી માહિતી ઊભી કરવાની સભાન જાણકારી દર્શાવતા ચોક્કસ, નક્કર આક્ષેપો અને નક્કર પુરાવા વિના કલમ ૬૨૮ હેઠળ જવાબદાર ઠેરવી શકાય નહીં. ટ્રાયલ કોર્ટ સમક્ષની ફરિયાદ અરજદાર વિરૂદ્ધ આવો કોઈ પણ કાયદાકીય સંબંધ સ્થાપિત કરવામાં સંપૂર્ણપણે નિષ્ફળ રહી છે.

આણંદમાં બોગસ પાવર ઓફ એટર્નીના આધારે વડીલોપાર્જિત મિલકત બારોબાર વેચી મારી

(સંવાદદાતા દ્વારા)
આણંદ, તા.૧૭

આણંદ શહેરની ગણેશ ચોકડી પાછળ આવેલી વડિલોપાર્જિત કિંમતી જમીનને પચાવી પાડવાના ઈરાદે કાવતરૂં રચી ચાવડાને બદલે ગોહેલ લખીને પેટલાદના નોટરી એડવોકેટ પાસે બોગસ પાવર ઓફ એટર્ની કરાવીને બારોબાર વેચી માર્યાનો બનાવ સામે આવવા પામ્યો છે. આ અંગે પેટલાદ શહેર પોલીસ સ્ટેશનમાં કુલ છ જેટલા ઈસમો વિરૂદ્ધ ગુનો નોંધવામાં આવ્યો છે.

આણંદ રહેતા જયંતિભાઈ શનાભાઈ ચાવડાની માલિકીની ટી.પી. સ્કીમ નંબર-૪ના સર્વે નંબર ૧૫૮૮ અને ફાઈનલ પ્લોટ ૧૪૭ વાળી કિંમતી જમીન આવેલી છે. આ વડિલોપાર્જિત જમીન પચાવી પાડવા માટે સન ૧૯૯૯માં એક મોટું કૌભાંડ આચરવામાં આવ્યું હતું. આ કાવતરાના ભાગરૂપે, આણંદના કપાસીયા બજારમાં રહેતા ગોવિંદભાઈ ધુળાભાઈ ગોહેલના નામે પેટલાદના નોટરી એડવોકેટ સમક્ષ એક બોગસ પાવર ઓફ એટર્ની તૈયાર કરવામાં આવી હતી. આ દસ્તાવેજમાં 'ચાવડા' અટકને બદલે 'ગોહેલ' લખીને ખોટી રીતે દસ્તાવેજ તૈયાર કરવામાં આવ્યો હતો.

આ બોગસ દસ્તાવેજના આધારે ભારતસિંહ હિંમતસિંહ રાઠોડ અને ભૂપેન્દ્રભાઈ છગનભાઈ પીઠડીયા (બંને રહે. આણંદ) દ્વારા આ જમીન વેચાણ રાખી લેવામાં આવી હતી. ત્યારબાદ આ બંનેએ મળીને ઉક્ત જમીનના ટુકડા કે ભાગ પાડી દીધાં હતાં અને તે જમીન જગદીશભાઈ પટેલ સહિતના અન્ય લોકોને બારોબાર વેચી મારી હતી.

આ બાબતની જાણ જમીન માલિક જયંતિભાઈ શનાભાઈ સોમાભાઈ ચાવડાને થતાં તેઓએ પેટલાદ શહેર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ભારતસિંહ હિંમતસિંહ રાઠોડ, ભૂપેન્દ્રભાઈ છગનભાઈ પીઠડીયા, ગોવિંદભાઈ ધુળાભાઈ ગોહેલ, પાવર ઓફ એટર્નીમાં સાક્ષી તરીકે સહી કરનાર એ.એમ. વ્હોરા, અન્ય એક અજાણ્યા સાક્ષી તથા નોટરી હસમુખભાઈ સી. શાહ એમ કુલ છ શખ્સો વિરૂદ્ધ ગુનો નોંધીને કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

ધારીના લાખાપાદર ગામે બે શખ્સો ઝડપાયા, ત્રણ ફરાર

અમરેલી પોલીસ ઊંઘતી રહી, ગાંધીનગર SMCએ દેશી દારૂની ભઠ્ઠી ઝડપી પાડી !

(સંવાદદાતા દ્વારા)
અમરેલી, તા.૧૭

લાખાપાદર ગામે બાપા સીતારામની મઢી પાસે આવેલા રહેણાક મકાનની પાછળ ખુલ્લી જગ્યામાં દેશી દારૂ બનાવવાની ભઠ્ઠી ધમધમતી હોવાની માહિતીના આધારે SMC ગાંધીનગરની ટીમે દરોડો પાડ્યો હતો.

દરોડા દરમિયાન પોલીસને સ્થળ પરથી આશરે ૨૫૧ લીટર દેશી દારૂ, ૨,૪૭૫ લીટર આથો, ૧૨૦ લીટર ગરમ દારૂ તથા દારૂ બનાવવાની પ્રક્રિયામાં ઉપયોગમાં લેવાતો ૧,૧૦૪ કિલો ગોળ મળી આવ્યો હતો. દારૂની હેરાફેરી માટે ઉપયોગમાં લેવાતી એક કાર સહિત કુલ રૂા.૫,૦૬,૧૭૫નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. આ પ્રકરણમાં બે શખ્સોની સંડોવણી સામે આવી હતી અને અન્ય ત્રણ શખ્સો સામે પણ કાર્યવાહી હાથ ધરવામાં આવી હોવાનું અહેવાલમાં જણાવાયું છે.

બીજી તરફ સવાલ એ ઊભો થાય છે કે, ધારી તાલુકાના ગામમાં રહેણાક મકાનની પાછળ દેશી દારૂની ભઠ્ઠી લાંબા સમયથી ધમધમતી હોય તો સ્થાનિક પોલીસને તેની ગંધ સુદ્ધાં કેમ ન આવી ? દારૂબંધીના કાયદાનો અમલ કરાવવાની જવાબદારી સ્થાનિક પોલીસની હોવા છતાં ગાંધીનગરની SMCએ આવી કાર્યવાહી કરવી પડે તે બાબત સ્થાનિક પોલીસની કામગીરી સામે અનેક સવાલો ઊભા કરે છે.

ઉલ્લેખનીય છે કે, આ અગાઉ પણ ૧૩ સપ્ટેમ્બરના રોજ ખાંભાળિયા વિસ્તારમાં SMC દ્વારા દરોડો પાડીને દેશી દારૂનો મોટો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો હતો. વારંવાર બહાર આવતા આવા કિસ્સાઓ અમરેલી જિલ્લામાં દારૂની ગેરકાયદે પ્રવૃત્તિઓ સામે સ્થાનિક સ્તરે થતી કામગીરીની અસરકારકતા સામે પ્રશ્નાર્થ ઊભો કરી રહ્યા છે.

હિંમતનગરમાં રૂા.૪૧.૮૫ લાખની ચોરીનો ભેદ ઉકેલાયો : SOGએ એક આરોપીને પકડ્યો

(સંવાદદાતા દ્વારા)
હિંમતનગર, તા.૧૭

હિંમતનગરમાં દિવાળી દરમિયાન બંધ મકાનમાંથી રૂા.૪૧,૮૫,૫૧૮ની ચોરી થઈ હતી. સાબરકાંઠા SOGએ એક આરોપીને પકડી ચોરીનો તમામ મુદ્દામાલ મેળવ્યો છે. આ કેસમાં બીજા આરોપીની શોધ ચાલુ છે.

હિંમતનગરમાં એસપી કચેરી નજીક નવીન કોર્ટ સામે આવેલી પુરોહિત હોટલ પાછળ રહેતા સુભાષભાઈ વેલજીભાઈ રાવલ પરિવાર સાથે રાજસ્થાનમાં પોતાના વતન ગયા હતા. ૧૪ નવેમ્બરની રાત્રે તસ્કરોએ તેમના બંધ મકાનના મુખ્ય દરવાજાનું તાળું તોડ્યું હતું. તેઓ તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડ લઈને ફરાર થયા હતા. તપાસમાં સોના-ચાંદીના રૂા.૩૯.૮૬ લાખ અને રોકડા રૂા.૧.૯૯ લાખની ચોરી થયાનું સામે આવ્યું હતું. જિલ્લા પોલીસ અધિક્ષક ડૉ. પાર્થરાજસિંહ ગોહિલે બી ડિવિઝન પોલીસ, LCB અને SOGને તપાસ સોંપી હતી. SOGના PI એ.જે. વાળાએ આઠ ટીમ બનાવી તપાસ શરૂ કરી હતી. પોલીસે હ્યુમન સોર્સ, ટેકનિકલ સર્વેલન્સ અને નેત્રમ કેમેરાની મદદ લીધી હતી.બે દિવસમાં હિંમતનગર, પ્રાંતિજ, તલોદ અને ઈડર સહિતના વિસ્તારોના ૨૯૪ જેટલા CCTV કેમેરાના ફૂટેજ તપાસવામાં આવ્યા હતા. ફૂટેજમાં GJ-09-EC નંબરની હીરો મોટરસાઇકલ શંકાસ્પદ જણાઈ હતી. નંબરના અલગ-અલગ કોમ્બિનેશન તપાસતાં GJ-09-EC-7650 નંબરનું બાઈક સામે આવ્યું હતું. બાઈકના માલિક

બે લાખ પુસ્તકો અમસ્તા જ ફેંકી દેવાયાનું કહીને સુપ્રીમ કોર્ટે ૧૩૫ વર્ષ જૂની સેન્ટ્રલ સેક્રેટરીએટ લાઇબ્રેરીમાંથી પુસ્તકોના ટ્રાન્સફર પર રોક લગાવી દીધી

સુપ્રીમ કોર્ટે ૧૩૫ વર્ષ જૂની સેન્ટ્રલ સેક્રેટરીએટ લાઇબ્રેરીમાં પુસ્તકોની જાળવણી પર પણ પ્રશ્ન ઉઠાવ્યો હતો, અને કેન્દ્ર સરકારને કહ્યું હતું કે, "તમને આ પુસ્તકો શું છે તેની પરવા નથી... તે આપણો વારસો છે. મૂળભૂત રીતે, તે ૧૭૦૨થી ચાલતો આપણો વારસો છે. જો તમે તેમને રાખવા માંગતા નથી, તો તેમને બીજા દેશને આપો જે તેમનું મહત્વ સમજે છે... આ પુસ્તકો માટે થોડો આદર બતાવો."

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૭

સોમવારે (૧૬ નવેમ્બર), સુપ્રીમ કોર્ટે ૧૩૫ વર્ષ જૂની સેન્ટ્રલ સેક્રેટરીએટ લાઇબ્રેરી (CSL)માંથી પુસ્તકોના ટ્રાન્સફર પર રોક લગાવી દીધી. કોર્ટે આ પુસ્તકોના સંચાલનની રીત અંગે ગંભીર ચિંતા વ્યક્ત કરી. લાઈવ લોના અહેવાલ મુજબ, કોર્ટે પુસ્તકોની જાળવણી કેવી રીતે કરવામાં આવી રહી છે તે અંગે પણ પ્રશ્નો ઉઠાવ્યા હતા. સોમવારે, ન્યાયાધીશ સંજય કુમાર અને સંજીવ સચદેવની બેન્ચ સમક્ષ, એમિકસ ક્યુરી અને વરિષ્ઠ વકીલ હરિપ્રિયા પદ્મનાભને જણાવ્યું હતું કે નવેમ્બર સુધીમાં પુસ્તકોને અન્ય સ્થળે ખસેડવાની ઉતાવળ હતી. તેમણે કોર્ટને પ્રક્રિયા પર સ્ટે મૂકવા વિનંતી કરી હતી. દિલ્હીના આરકે પુરમમાં સંગ્રહિત કેટલાક પુસ્તકોનો ઉલ્લેખ કરતા, એમિકસ ક્યુરીએ જણાવ્યું હતું કે તેમણે વ્યક્તિગત રીતે સ્થળની મુલાકાત લીધી હતી અને તેમને સ્થિતિ "અત્યંત ખરાબ" લાગી હતી. આ પછી, એડિશનલ સોલિસિટર જનરલ (એએસજી) ઐશ્વર્યા ભાટીએ કોર્ટને જાણ કરી હતી કે ત્યાં સંગ્રહિત પુસ્તકો તુલસી સદન લાઇબ્રેરીમાંથી લાવવામાં આવ્યા હતા. કોર્ટે એમિકસ ક્યુરીને પુસ્તકો પર સંબંધિત લાઇબ્રેરીના ટેગ છે કે નહીં તે ચકાસવા કહ્યું. પુસ્તકો ખસેડવાની ઉતાવળ પર પ્રશ્ન ઉઠાવતા, જસ્ટિસ કુમારે એડિશનલ સોલિસિટર જનરલ ઐશ્વર્યા ભાટીને કહ્યું, "તમે ફક્ત આ કામ ઝડપથી પૂર્ણ કરવા માટે ઉતાવળમાં છો. તમે આ પુસ્તકોનું શું કરવા માંગો છો ?" એવું લાગે છે કે આખી પ્રક્રિયા કોઈ નક્કર યોજના વિના હાથ ધરવામાં આવી રહી છે. તમને કોઈ પરવા નથી કે આ પુસ્તકો શું છે... તે આપણો વારસો છે. મૂળભૂત રીતે, તે આપણો વારસો છે જે ૧૭૦૨થી છે. જો તમે તેમને રાખવા માંગતા નથી, તો તેમને બીજા દેશને આપો જે તેમનું મહત્વ સમજે છે... આ પુસ્તકો પ્રત્યે થોડો આદર બતાવો. બે લાખ પુસ્તકો ફેંકી દેવામાં આવ્યા છે.' એમિકસ ક્યુરી પદ્મનાભને એમ પણ કહ્યું હતું કે કેન્દ્ર સરકારે પ્રસ્તાવિત નવા સ્થાન પર ઉપલબ્ધ જગ્યા વિશે વધુ ચોક્કસ માહિતી પ્રદાન કરવી જોઈએ. તેમણે કહ્યું, "હું ઈચ્છું છું કે તેઓ જણાવે કે હાલમાં બુકશેલ્ફ માટે કેટલી જગ્યાનો ઉપયોગ થઈ રહ્યો છે, અને તેની સરખામણી નવા સ્થાન પર ઉપયોગમાં લેવાતી જગ્યા સાથે કરે." કોર્ટે પછીથી આદેશ આપ્યો કે આગામી સુનાવણી સુધી પુસ્તકોનું સ્થાનાંતરણ કરવામાં આવશે નહીં. ન્યાયાધીશ કુમારે કહ્યું, "તો પછી તમે પુસ્તકોનું સ્થાનાંતરણ કરશો નહીં." લાઈવ લો અનુસાર, કોર્ટે તેના આદેશમાં કહ્યું, "એડિશનલ સોલિસિટર જનરલે જણાવ્યું છે કે આગામી સુનાવણી સુધી પુસ્તકોને સ્થાનાંતરિત કરવામાં આવશે નહીં. આ મામલાને ૨૦ નવેમ્બરના રોજ સુનાવણી માટે સૂચિબદ્ધ કરવામાં આવે. આ દરમિયાન, આજે દાખલ કરાયેલ સોગંદનામું રેકોર્ડ પર મૂકવામાં આવશે. અગાઉ, કેન્દ્ર સરકારે કોર્ટને જાણ કરી હતી કે તેણે સોમવારે આ મામલે સોગંદનામું દાખલ કર્યું છે અને કાલે પછીના દિવસે આ કેસની સુનાવણી થઈ શકે છે. ૫ વાયર માટે બે ભાગના ખાસ અહેવાલમાં રુદ્રાણી ગાંગુલીએ મુખ્ય જાહેર પુસ્તકાલયોના અસરકારક બંધ થવાની અસર પર લખ્યું છે. રિપોર્ટના પહેલા ભાગમાં વર્ણવવામાં આવ્યું છે કે કેવી રીતે, સપ્ટેમ્બર ૨૦૨૬માં ૧૩૫ વર્ષ જૂની સેન્ટ્રલ સેક્રેટરીએટ લાઇબ્રેરી (CSL) - જેમાં ૮.૫ લાખથી વધુ પુસ્તકો અને દસ્તાવેજો છે - નરેન્દ્ર મોદી સરકારના વિવાદાસ્પદ 'સેન્ટ્રલ વિસ્ટા રિડેવલપમેન્ટ પ્રોજેક્ટ' હેઠળ શાસ્ત્રી ભવનમાંથી દૂર કરવામાં આવી હતી. રિપોર્ટના બીજા ભાગમાં સમજાવવામાં આવ્યું છે કે આરકે પુરમના સરકારી કાર્યાલય સંકુલમાં જાહેર પુસ્તકાલયમાંથી ૨૦૦,૦૦૦થી વધુ પુસ્તકો લગભગ ૧૫ વર્ષથી બોક્સમાં બંધ પડી રહ્યા હતા. આ પુસ્તકો સેન્ટ્રલ સેક્રેટરીએટ લાઇબ્રેરીના પ્રાદેશિક ભાષા સંગ્રહ, 'તુલસી સદન'માંથી છે. તુલસી સદનની સ્થાપના ૧૯૩૨માં રામચરિતમાનસની ૪૦૦મી વર્ષગાંઠ નિમિત્તે કરવામાં આવી હતી. લાઇબ્રેરીમાં આસામી, બંગાળી, ગુજરાતી, હિન્દી, કન્નડ, કાશ્મીરી, મલયાલમ, મરાઠી, ઓડિયા, પંજાબી, સંસ્કૃત, તમિલ, તેલુગુ અને ઉર્દૂ સહિત ૧૪ ભારતીય ભાષાઓમાં પુસ્તકો છે.

ક્વોડ ફોટો-ઓપ દરમિયાન વડાપ્રધાન મોદીએ ભારતીય ધ્વજ ધરાવતું માર્કર ઉપાડીને ખિસ્સામાં મૂક્યું



વડાપ્રધાન મોદી નીચે નમીને, ભારતીય ધ્વજ ધરાવતું નાનું સફેદ લંબચોરસ કાર્ડ ઉપાડીને તેને પોતાના ખિસ્સામાં મૂકતા જોવા મળે છે.

(એજન્સી) તા.૧૭

ક્વોડ નેતાઓના ફોટો-સેશન દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જમીન પર પડેલું ભારતીય ધ્વજ ધરાવતું એક માર્કર (નિશાન) ઉપાડીને પોતાના ખિસ્સામાં મૂક્યું, જેણે સૌનું ધ્યાન ખેંચ્યું છે. આ ઘટના મંગળવારે મનિલામાં આસિયાન નેતાઓના શિખર સંમેલન દરમિયાન યોજાયેલી ક્વોડ નેતાઓની બેઠક વખતે બની હતી. વીડિયોમાં જોઈ શકાય છે કે, વડાપ્રધાન નીચે નમીને કાર્પેટ પર પડેલું એક નાનું, સફેદ અને લંબચોરસ કાર્ડ ઉપાડે છે અને તેને પોતાના ખિસ્સામાં મૂકી દે છે. આ કાર્ડ કદાચ જમીન પર મૂકવામાં આવેલા એવા માર્કર્સ કે નેમપ્લેટ્સ પૈકીનું એક હતું, જે નેતાઓને જણાવે છે કે, સમૂહ ફોટો માટે તેમણે ક્યાં ઊભા રહેવું. આ માર્કર પર ભારતીય ધ્વજ હતો. રાષ્ટ્રીય ધ્વજ ધરાવતા આ માર્કરને જમીન પર છોડી દેવાને બદલે તેને ઉપાડી લેવાની તેમની આ ક્રિયા ફોટો-સેશન દરમિયાન એક નોંધપાત્ર ક્ષણ બની રહી. આ સંયુક્ત તસવીરમાં વડાપ્રધાન મોદીની સાથે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ, ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન એન્થોની અલ્બેનીઝ અને જાપાનના વડાપ્રધાન સાનાએ તાકાઈચી જોવા મળ્યા હતા. આ મુલાકાત દરમિયાન એક અન્ય ક્ષણમાં, જ્યારે ટ્રમ્પ પત્રકારોના પ્રશ્નોના જવાબ આપી રહ્યા હતા, ત્યારે વડાપ્રધાન મોદીએ સંકેત આપ્યો કે હવે આગળ વધવાનો સમય થઈ ગયો છે. જ્યારે અમેરિકી રાષ્ટ્રપતિ મીડિયા સાથે વાતચીત ચાલુ રાખી રહ્યા હતા, ત્યારે વડાપ્રધાનને એમ કહેતા સાંભળી શકાયા કે, 'શું આપણે આગળ વધવું જોઈએ ?' વધુમાં જ્યારે ટ્રમ્પે પોતાના ભાષણમાં વડાપ્રધાન મોદીને 'ટફ મેન' (મજબૂત વ્યક્તિ) કહ્યા, ત્યારે મોદીએ તેના પર કોઈ ખાસ પ્રતિક્રિયા આપી ન હતી.

સેન્ટકોમે બહેરીનમાં અમેરિકી રડાર પર હુમલો કર્યો હોવાના ઈરાની દાવાને નકારી કાઢ્યો

(એજન્સી) તા.૧૭

યુએસ સેન્ટ્રલ કમાન્ડ (સેન્ટકોમ)એ ઈરાનના ઇસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ્સ કોર્પ્સ (આઈઆરજીસી)ના દાવાને નકારી કાઢ્યો છે કે તેણે હોર્મુઝ સ્ટ્રેટ નજીકના બંદર પર રાતોરાત હવાઈ હુમલાના બદલામાં બહેરીનમાં યુએસ લશ્કરી પ્રારંભિક ચેતવણી રડારને તોડી પાડ્યો હતો. "આઈઆરજીસીએ બહેરીન તરફ બે એક-માર્ગી હુમલો ડ્રોન છોડ્યા અને બંનેને યુએસ દળો દ્વારા ઠાર મારવામાં આવ્યા. કોઈ ઈજા કે નુકસાન થયું નથી," સેન્ટકોમે જણાવ્યું. પ્રારંભિક દાવો ઈરાની રાજ્ય મીડિયા દ્વારા ૧૩ નવેમ્બરના રોજ કરવામાં આવ્યો હતો. આઈઆરજીસીના એક નિવેદનમાં કહેવામાં આવ્યું હતું કે તેનો હુમલો "સિરિકમાં ટેલિકોમ્યુનિકેશન ટાવર સામે દુશ્મનના હવાઈ આક્રમણના જવાબમાં" હતો. અગાઉ, સત્તાવાર ઈરાની સમાચાર એજન્સી IRNAએ અહેવાલ આપ્યો હતો કે હોર્મોઝગન પ્રાંતમાં સિરિક "દુશ્મન" હવાઈ હુમલાનો ભોગ બન્યો હતો. તેમાં હુમલાખોરનું નામ આપવામાં આવ્યું નથી અથવા નુકસાન કે જાનહાનિની વિગતો આપવામાં આવી નથી. IRGCના નિવેદનમાં કથિત સિરિક હુમલા માટે યુનાઇટેડ સ્ટેટ્સને સીધા દોષી ઠેરવવામાં પણ મુશ્કેલી પડી. CENTCOMના નિવેદનમાં સિરિક પરના દાવા કરાયેલા હુમલાનો કોઈ ઉલ્લેખ કરવામાં આવ્યો નથી, જે હોર્મુઝ કિનારે આવેલું છે અને જળમાર્ગ પર દેખરેખ રાખતા ઈરાનના રડાર અને સંદેશાવ્યવહાર નેટવર્કનો એક ભાગ છે. ૨૮ ફેબ્રુઆરીના રોજ યુએસ અને ઇઝરાયેલી હુમલાઓ સાથે યુદ્ધ શરૂ થયા પછી તે વારંવાર હિટ થયું છે. તેહરાને અગાઉ શહેરમાં ટેલિકોમ્યુનિકેશન ઇન્ફ્રાસ્ટ્રક્ચર પર હુમલાઓની જાણ કરી છે અને યુએસ નેવીના પાંચમા ફ્લીટના ઘર બહેરીનમાં યુએસ સુવિધાઓ પર હુમલાઓનો જવાબ આપ્યો છે. નવીનતમ વાતચીત યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું હતું કે વોશિંગ્ટનને હવે તેહરાન સાથે કરારની જરૂર નથી તેના એક દિવસ પછી આવી છે. "અમને ઈરાન સાથે સોદાની જરૂર નથી. તે દિવસો ઘણા સમય વીતી ગયા છે," ટ્રમ્પે ૧૨ નવેમ્બરના રોજ ટ્રુથ સોશિયલ પર લખ્યું. "અમને તેમના પૈસા મળી ગયા છે, સેંકડો અબજો ડોલર, અને અમારી પાસે તેમની સ્ટ્રેટ છે!" આ જ પોસ્ટમાં, ટ્રમ્પે કહ્યું કે તેમણે ઉપરાષ્ટ્રપતિ જેડી વાન્સને ડેમોક્રેટિક શાસિત શહેરો અને રાજ્યોમાં ભ્રષ્ટાચાર અને ગુનાઓ પર "તેમનું સંપૂર્ણ અને સંપૂર્ણ ધ્યાન કેન્દ્રિત કરવા" કહ્યું હતું. વાન્સે યુદ્ધવિરામ સુરક્ષિત કરવા અને ઈરાન સાથે પરમાણુ વાટાઘાટોને પુનર્જીવિત કરવા માટે યુએસ પ્રયાસોનું નેતૃત્વ કરવામાં મહિનાઓ ગાળ્યા હતા. ૫ વોલ સ્ટ્રીટ જર્નલે અહેવાલ આપ્યો હતો કે વાન્સ એક વરિષ્ઠ ઈરાની સુરક્ષા અધિકારી સાથે રૂબરૂ વાતચીત કરવાનું વિચારી રહ્યા છે તેના એક દિવસ પછી આ પગલું લેવામાં આવ્યું છે. યુએસ સ્થિત રાષ્ટ્રીય સુરક્ષા વિશ્લેષક શાયાન સામીએ RFE/RLના રેડિયો ફરદાને જણાવ્યું હતું કે ટ્રમ્પ "ન તો યુદ્ધ કે ન તો વાટાઘાટો"ની નીતિ અપનાવી રહ્યા હોય તેવું લાગે છે. "ટ્રમ્પ હવે આર્થિક દબાણ દ્વારા તે પ્રાપ્ત કરવાનો પ્રયાસ કરી રહ્યા છે જે લશ્કરી હસ્તક્ષેપ તેમને લાવશે નહીં," સામીએ કહ્યું. "તેમણે લશ્કરી હસ્તક્ષેપ ટેબલ પરથી હટાવ્યો નથી." તેમણે ઉમેર્યું કે વાન્સને બાજુ પર રાખવાથી દર્શાવે છે કે ટ્રમ્પે "યુદ્ધ ફાઇલ સેક્રેટરી ઓફ સ્ટેટ માર્કો રુબિયો અને ડિફેન્સ સેક્રેટરી પીટ હેગસેથના હાથમાં મૂકી દીધી છે". સામીએ કહ્યું કે તેહરાન તરફથી મળતા મિશ્ર સંદેશાઓ પણ તેની વિશ્વસનીયતાને નબળી પાડી રહ્યા છે. જ્યારે ચવિદેશ પ્રધાન અબ્બાસ અરાકચી કહે છે કે અમે વાટાઘાટો કરીશું, પરંતુ [સુરક્ષા વડા] મોહસેન રેઝાઈ કહે છે કે જ્યાં સુધી અમેરિકા અમારી સાત શરતો સ્વીકારે નહીં ત્યાં સુધી કોઈ વાટાઘાટો થશે નહીં, ત્યારે તેમણે કહ્યું, વિશ્વ નેતાઓ નિષ્કર્ષ કાઢે છે કે ઇસ્લામિક રિપબ્લિકમાં "કોઈ વિશ્વસનીય નિર્ણય લેનાર" નથી. શરતોમાં ઈરાન પર યુએસ નૌકાદળ નાકાબંધી સમાપ્ત કરવી, સ્થિર ઈરાની સંપત્તિ મુક્ત કરવી અને તમામ મોરચે લડાઈ બંધ કરવી શામેલ છે. રેઝાઈએ આગ્રહ કર્યો છે કે વોશિંગ્ટન વાટાઘાટો ફરી શરૂ થાય અથવા હોર્મુઝ સ્ટ્રેટ ફરી ખુલે તે પહેલાં તેહરાનની માંગણીઓ સ્વીકારે. ટ્રમ્પે ચેતવણી પણ આપી હતી કે જો ઈરાન એક વરિષ્ઠ યુએસ અધિકારીની હત્યા કરે તો "હવે બહુ લાંબા સમય સુધી અસ્તિત્વમાં રહેશે નહીં". તેમની ટિપ્પણી એવા અહેવાલો પછી આવી હતી કે ઈરાની ધમકીઓ વચ્ચે ટ્રેઝરી સેક્રેટરી સ્કોટ બેસેન્ટને લશ્કરી બેઝમાં ખસેડવામાં આવ્યા છે. CNBC ન્યૂઝ પર તેમના ક્વાર્ટર વિશે પૂછવામાં આવતા, બેસેન્ટે કહ્યું, "ઈરાની નેતૃત્વ માટે. હું ડરવાનો નથી. તેઓએ મારી સામે મૃત્યુની ધમકીઓ શરૂ કરી છે... IRGC, તેઓ એક ખતરનાક, ખૂણામાં બંધ પ્રાણી જેવા છે." હોર્મુઝની આસપાસ પણ તણાવ વધી રહ્યો છે, જેને ઈરાને યુદ્ધના શરૂઆતના દિવસોથી જ બંધ કરવાનો પ્રયાસ કર્યો છે. ૧૨ નવેમ્બરના રોજ, ઈરાનની સેનાએ કહ્યું કે સ્ટ્રેટના પૂર્વ ભાગમાં નૌકાદળની ખાણોને ટક્કર માર્યા પછી બે તેલ ટેન્કરોમાં આગ લાગી ગઈ અને કહ્યું કે જહાજો "પ્રતિબંધિત અને અસુરક્ષિત ક્ષેત્રમાં" પ્રવેશી ગયા છે. તાજેતરના અઠવાડિયામાં જહાજો પર વિસ્ફોટના અસંખ્ય અહેવાલો આવ્યા છે, કાં તો ડ્રોન હુમલાથી અથવા ખાણો પર અથડાવાથી. અલગ રીતે, ઈરાનની નિષ્ણાતોની સભા, જેનું મુખ્ય કાર્યસર્વોચ્ચ નેતાની નિમણૂક કરવાનું છે, તેમણે જણાવ્યું હતું કે પરમાણુ અપ્રસાર સંધિમાંથી ખસી જવું એ પરમાણુ શસ્ત્રો વિકસાવવા અંગે ઈરાનમાં વધતી ચર્ચા વચ્ચે "અનિવાર્ય જરૂરિયાત" બની ગઈ છે. ટ્રમ્પ વારંવાર કહી ચૂક્યા છે કે ઈરાનને પરમાણુ શસ્ત્રો મેળવવાથી અટકાવવાનું તેમનું મુખ્ય યુદ્ધ લક્ષ્ય છે.

રશિયાનું આર્મી પ્લેન સાઇબેરિયામાં તૂટી પડ્યું ટ્રાન્સપોર્ટ વિમાનમાં સવાર તમામ ૧૭નાં મોત

(એજન્સી) તા.૧૭

રશિયાના દક્ષિણ-પશ્ચિમી સાઇબેરિયાના કેમેરોવો ક્ષેત્રમાં મંગળવારે સૈન્યનું An-12 પરિવહન પ્લેન ક્રેશ થઈ ગયું. દુર્ઘટનામાં પ્લેનમાં સવાર તમામ ૧૭ લોકોનાં મોત થયાં.

રશિયન મીડિયા આઉટલેટ 'ઇઝવેસ્ટિયા'એ આ માહિતી આપી છે. વિમાન કેવી રીતે દુર્ઘટનાગ્રસ્ત થયું તે હજુ સ્પષ્ટ નથી.

કેમેરોવોના ગવર્નર ઇલ્યા સેરેદ્યુકે યાગુનોવો ગામ નજીક વિમાન દુર્ઘટનાની પુષ્ટિ કરી છે. રોયટર્સના જણાવ્યા અનુસાર ગવર્નર ઇલ્યા સેરેદ્યુકે પોતાની પોસ્ટમાં દુર્ઘટનાગ્રસ્ત વિમાનની ઓળખ જણાવી નથી.

દાવો - An-12 વિમાન દુર્ઘટનાગ્રસ્ત :

અહેવાલોમાં દાવો કરવામાં આવી રહ્યો છે કે, દુર્ઘટનાગ્રસ્ત વિમાન An-12 છે, જે એક સૈન્ય માલવાહક વિમાન છે. તેને સોવિયેત યુનિયનના સમયમાં યુક્રેનની એન્ટોનોવ કંપનીએ બનાવ્યું હતું.

આ વિમાનનો ઉપયોગ સેનાના જવાનો, હથિયારો, દારૂગોળો અને અન્ય જરૂરી સામાનને એક જગ્યાએથી બીજી જગ્યાએ પહોંચાડવા માટે કરવામાં આવે છે.

- An-12માં ચાર એન્જિન લાગેલા હોય છે, તેની લંબાઈ આશરે ૩૩ મીટર અને પાંખોની પહોળાઈ આશરે ૩૮ મીટર છે.
- તે આશરે ૬૭૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે ઉડી શકે છે. આ વિમાન એક વખતમાં આશરે ૨૦ ટન સામાન લઈ જઈ શકે છે.
- તેમાં લશ્કરી વાહનો, હથિયારો અને અન્ય ભારે ઉપકરણો પણ રાખી શકાય છે. તેમાં આશરે ૯૦ સૈનિકોને લઈ જવાની ક્ષમતા છે.
- An-12ના પાછળના ભાગમાં સામાન ચઢાવવા અને ઉતારવા માટે મોટો દરવાજો આપવામાં આવ્યો છે.

૭૦ના દાયકામાં An-12નું ઉત્પાદન બંધ થઈ ગયું હતું :

- તેનો ઉપયોગ સૈન્ય મથકો સુધી સામાન પહોંચાડવા ઉપરાંત પૂર, ભૂકંપ અને અન્ય આપત્તિઓ દરમિયાન રાહત સામગ્રી પહોંચાડવા માટે પણ કરવામાં આવે છે.
- An-12નું ઉત્પાદન ૧૯૭૦ના દાયકાની શરૂઆતમાં બંધ થઈ ગયું હતું પરંતુ તેના ઘણા વિમાનો લાંબા સમય સુધી અલગ-અલગ દેશોની વાયુસેના અને માલવાહક સેવાઓમાં ઉપયોગમાં લેવાતા રહ્યા હતા.

જો બોર્ડ સંમત થાય તો Nvidiaના CEO તરીકે પાછા ફરવા તૈયાર છું : પદ છોડ્યા બાદ જેન્સેન હુઆંગની પ્રથમ પ્રતિક્રિયા

તેમનું આ નિવેદન એવા અહેવાલોની તપાસ વચ્ચે આવ્યું છે જેમાં તેમના પર લગ્નેતર સંબંધો હોવાના આક્ષેપો છે; આમાંના એક કિસ્સામાં તો ચીની જાસૂસ હોવાની શંકા ધરાવતી વ્યક્તિ સાથેના સંબંધનો પણ ઉલ્લેખ છે, જો કે, Nvidiaના બોર્ડે સોમવારે સંકેત આપ્યો હતો કે, હુઆંગને પાછા લાવવાની તેમની કોઈ યોજના નથી, કંપની કાયમી ઉત્તરાધિકારી માટે આંતરિક અને બાહ્ય ઉમેદવારો પર વિચાર કરી રહી છે

(એજન્સી) તા.૧૭

Nvidiaના સહ-સ્થાપક જેન્સેન હુઆંગે મંગળવારે જણાવ્યું હતું કે, જો બોર્ડ તેમને ફરીથી CEO તરીકે નિયુક્ત કરવા માટે સમર્થન આપે, તો તે માટે તેઓ 'સન્માનિત' અનુભવશે. તેમણે કહ્યું કે, કર્મચારીઓ, રોકાણકારો અને વ્યવસાયિક ભાગીદારોએ તેમને પાછા ફરવા માટે આગ્રહ કર્યો છે. ગયા અઠવાડિયે પ્રમુખ અને CEO પદેથી રાજીનામું આપ્યા બાદ અને બોર્ડમાંથી બહાર નીકળ્યા પછી તેમના પ્રથમ જાહેર નિવેદનમાં હુઆંગે કહ્યું કે તેમનું પાછા ફરવું એ બાબત પર નિર્ભર રહેશે કે કંપની માટે શું શ્રેષ્ઠ છે, જેનો નિર્ણય ડિરેક્ટરો કરશે. તેમણે X પર લખ્યું, 'જો બોર્ડ ઓફ ડિરેક્ટર્સ એવો નિર્ણય લે કે મારું પાછા ફરવું એ આપણા શેરધારકો, કર્મચારીઓ, કંપની અને અમેરિકાના હિતમાં છે, તો હું આ આગ્રહને સ્વીકારીને CEO તરીકે પાછા ફરવા માટે સન્માનિત અનુભવીશ.' CNBCએ સોમવારે આ બાબતથી પરિચિત એક વ્યક્તિને ટાંકીને અહેવાલ આપ્યો હતો કે, બોર્ડ હાલમાં હુઆંગના વર્તનની તપાસ કરવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યું છે અને તેમના પાછા ફરવા અંગે કોઈ ચર્ચા કરી રહ્યું નથી. Nvidia કાયમી ઉત્તરાધિકારી માટે આંતરિક અને બાહ્ય ઉમેદવારોને ધ્યાનમાં લઈ રહી છે. ચીફ ફાઇનાન્શિયલ ઓફિસર કોલેટ કેસ હાલમાં વચગાળાના CEO તરીકે કામ કરી રહ્યા છે, જ્યારે ડિરેક્ટર હાર્વે સી. જોન્સને બોર્ડના પ્રથમ અધ્યક્ષ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. હુઆંગે જણાવ્યું હતું કે, જ્યારે Nvidia ટેક્નોલોજી, સ્પર્ધા, બજારો અને ભૌગોલિક રાજકીય પડકારોનો સામનો કરી રહી હતી, ત્યારે કર્મચારીઓ, રોકાણકારો, વ્યવસાયિક ભાગીદારો અને ગ્રાહકો સતત તેમનો સીધો સંપર્ક કરી રહ્યા હતા. તેમણે Nvidiaને 'એક પેઢીમાં એકવાર જોવા મળે તેવી અસાધારણ કંપની' ગણાવી. તેમણે એ પણ સ્વીકાર્યું કે તેમનું વર્તન કંપનીના ધોરણો મુજબ નહોતું. તેમણે લખ્યું, 'હું Nvidiaમાં દરેક પાસેથી અપેક્ષિત ધોરણો પર ખરો ઉતર્યો નથી અને મેં મારા અંગત જીવનમાં ગંભીર ભૂલો કરી છે.' હુઆંગે કહ્યું કે, તેમને બોર્ડ માટે સમસ્યાઓ ઊભી કરવા બદલ ખેદ છે અને તેમણે બોર્ડની સ્વતંત્ર તપાસમાં સહકાર આપવાનું વચન આપ્યું છે.

'ન્યાયતંત્ર સિદ્ધાંતમાં પ્રેસ સ્વતંત્રતાનું રક્ષણ કરે છે પરંતુ વ્યવહારમાં નિષ્ફળ જાય છે' : કપિલ સિબ્બલ

(એજન્સી) તા.૧૭

રાજ્યસભાના સાંસદ કપિલ સિબ્બલે મંગળવારે જણાવ્યું હતું કે, ન્યાયતંત્રે પ્રેસ સ્વતંત્રતાના બંધારણીય સિદ્ધાંતને સમર્થન આપ્યું છે પરંતુ વ્યવહારમાં પત્રકારોનું સતત રક્ષણ કરવામાં નિષ્ફળ રહ્યું છે, ચેતવણી આપતા કહ્યું હતું કે, વિલંબિત ન્યાયિક હસ્તક્ષેપ અને લાંબી કાનૂની કાર્યવાહી પોતે જ ધાકધમકીનું સાધન બની શકે છે. પ્રેસ ક્લબ ઓફ ઈન્ડિયાના વાર્ષિક સ્થાપના દિવસ પર 'શું ન્યાયતંત્રે વિશ્વના સૌથી મોટા લોકશાહીમાં પ્રેસ સ્વતંત્રતાનું રક્ષણ કર્યું છે ?' વિષય પર વ્યાખ્યાન આપતા વરિષ્ઠ વકીલે પ્રશ્ન કર્યો કે શું પત્રકારોને અટકાયત, ગુપ્તતાના સ્ત્રોત માટે ધમકીઓ અને તેમના રિપોર્ટિંગ માટે ફોજદારી કાર્યવાહીનો સામનો કરવો પડ્યો ત્યારે બંધારણીય સુરક્ષા અસરકારક રહી ? 'બંધારણ પહેલાથી જ પ્રશ્નનો જવાબ આપી ચૂક્યું છે. પ્રથાએ નથી આપ્યો. આજે આપણે આ જ ખામીની તપાસ કરવી જોઈએ,' પૂર્વ કેન્દ્રીય મંત્રીએ કહ્યું. સિબ્બલે દલીલ કરી હતી કે, જ્યારે અદાલતોએ ઘણા કેસોમાં પ્રેસ સ્વતંત્રતાનું રક્ષણ કરવા માટે હસ્તક્ષેપ કર્યો હતો, ત્યારે તેમના પ્રતિભાવમાં ઘણીવાર પત્રકારોને કાનૂની ઉત્પીડનથી બચાવવા માટે જરૂરી તાકીદ અને સુસંગતતાનો અભાવ હતો. 'તેણે વર્તમાન પરિસ્થિતિઓમાં જરૂરી સુસંગતતા કે ગતિ સાથે તેનો ઉપયોગ કર્યો નથી. સિદ્ધાંત અકબંધ રહે છે. તેનો અમલ સમયાંતરે થતો રહ્યો છે. તે સમયાંતરે પત્રકાર જે સમસ્યાનો સામનો કરી રહ્યા છે તેનો એક ભાગ છે. ટૂંકમાં, ન્યાયતંત્રે સિદ્ધાંતનો બચાવ કર્યો છે. તેણે આ પ્રથાને સુરક્ષિત કરી નથી,' તેમણે કહ્યું. સ્વતંત્ર સાંસદે પત્રકારો વિરુદ્ધ ગેરકાયદેસર પ્રવૃત્તિઓ (નિવારણ) અધિનિયમ અને અન્ય ફોજદારી કાયદાઓના ઉપયોગ તરફ ધ્યાન દોર્યું, દલીલ કરી કે FIR નોંધવા, ધરપકડની શક્યતા અને લાંબા સમય સુધી મુકદ્દમા સ્વતંત્ર રિપોર્ટિંગને નિરાશ કરી શકે છે, ભલે કેસ આખરે તૂટી જાય. 'પ્રક્રિયા સજા બની જાય છે. પ્રકાશન જોખમ બની જાય છે. ચાર અલગ-અલગ રાજ્યોમાં ફરિયાદોનો જવાબ આપવામાં મહિનાઓ પસાર કરવા પડતા

રાજ્યસભાના સાંસદે પત્રકારો સામે વિલંબિત ન્યાયિક હસ્તક્ષેપ, લાંબી કાનૂની કાર્યવાહી અને ફોજદારી કેસોનો વિરોધ કર્યો, ચેતવણી આપી કે કાનૂની પ્રક્રિયા પોતે સ્વતંત્ર રિપોર્ટિંગને અટકાવી શકે છે

પત્રકારને પહેલાથી જ નિરાશ કરવામાં આવ્યા છે, ભલે દરેક ફરિયાદ આખરે ફગાવી દેવામાં આવે,' તેમણે કહ્યું. સુપ્રીમ કોર્ટના ૨૦૨૩ માં દિયાવનના ચુકાદાનો ઉલ્લેખ કરતા, સિબ્બલે કહ્યું કે, કોર્ટે માન્યતા આપી છે કે, ટીકાત્મક પત્રકારત્વને 'સ્થાપના વિરોધી' તરીકે ગણવાથી પ્રેસ સ્વતંત્રતા પર ઠંડી અસર પડી શકે છે. તેમણે દલીલ કરી હતી કે, સરકારની ટીકા અને રાષ્ટ્રીય સુરક્ષા માટેના જોખમો વચ્ચેનો તફાવત વ્યવહારમાં વધુને વધુ ઝાંખો પડી રહ્યો છે. 'જે પ્રેસ સરકારને ટેકો આપે તેવી અપેક્ષા રાખવામાં આવે છે તે પ્રેસ નથી. તે એક વિભાગ છે,' તેમણે કહ્યું. સિબ્બલે જાહેર પ્રદર્શનોને આવરી લેતા પત્રકારો પરના પ્રતિબંધો અંગે પણ ચિંતા વ્યક્ત કરી હતી, ભાર મૂક્યો હતો કે, પ્રેસ સ્વતંત્રતા પ્રકાશનથી આગળ વધીને જાહેર હિતની ઘટનાઓના સાક્ષી, દસ્તાવેજીકરણ અને રિપોર્ટિંગના અધિકાર સુધી વિસ્તરેલી છે, મનસ્વી હસ્તક્ષેપ વિના. તેમણે દાવો કર્યો હતો કે, ઓક્ટોબરમાં દિલ્હીમાં મતદાર યાદીઓના સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન સામે વિરોધ પ્રદર્શન દરમિયાન ૪૦થી વધુ પત્રકારોની અટકાયત કરવામાં આવી હતી અથવા તેમને અટકાવવામાં આવ્યા હતા, જો કે, ઘણા લોકો પોતાને મીડિયા વ્યાવસાયિકો તરીકે ઓળખાવતા હતા અને તેમના ઓળખપત્રો રજૂ કરતા હતા. સિબ્બલના જણાવ્યા મુજબ સુપ્રીમ કોર્ટની એક ખાસ બેઠકે ત્યારબાદ નિર્દેશ આપ્યો હતો કે, વકીલો, પત્રકારો અને અન્ય વ્યાવસાયિકોને તેમની ફરજો બજાવવાથી અટકાવવા જોઈએ નહીં.

'મુખ્યમંત્રી પોતે જ નફરતને પ્રોત્સાહન આપી રહ્યા છે' : AAMSUનો આરોપ, આસામમાં હિમંતાના બુલડોઝર અન્ય લોકોને છોડીને માત્ર મુસ્લિમોના ઘરોને જ તોડી પાડે છે

(એજન્સી) તા.૧૭

'ઓલ આસામ માઈનોરિટીઝ સ્ટુડન્ટ્સ યુનિયન'એ આસામ સરકાર પર આરોપ લગાવ્યો છે કે, તેઓ અતિક્રમણ હટાવવાની ઝુંબેશ દ

પાટીદાર આંદોલનને લઈ મુખ્યમંત્રીનું પદ ગુમાવનાર આનંદીબેનને લઈ નવી સૂચક ચર્ચા શરૂ !

આનંદીબેન પટેલને ગુમાવ્યાના રંજ સાથે તેમની માફી માંગવા પાટીદાર અગ્રણીઓ તત્પર

● કોળી સમાજના મુખ્યમંત્રીની વાત છેડાતા જ પાટીદાર સમાજમાં ફરી એકવાર આંતરિક મંથન શરૂ

● પાટીદાર આંદોલનના નેતાઓમાં પડ્યા બે ભાગ, એક પક્ષે માફી માંગવાની પાડી ના

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૭

૨૦૨૭ની વિધાનસભાની ચૂંટણી નજીક આવતાની સાથે જ અલગ અલગ સમાજના રાજકીય નિવેદનો સામે આવી રહ્યા છે, ત્યારે વધુ એક નિવેદન સામે આવ્યું છે. રાજકોટ જસદણના પાટીદાર શૈક્ષણિક ભવન ખાતે ગઈકાલે(૧૬ નવેમ્બર) સમસ્ત પાટીદાર પરિવારનું ભવ્ય સખી સ્નેહમિલન સમારોહનું આયોજન કરાયું હતું.

આ સમારોહમાં દિનેશ બાંભણિયાએ જાહેરમાં કબૂલ્યું કે, પાટીદાર આંદોલનથી આનંદીબેનને CM તરીકે ગુમાવ્યા તેનો વસવસો છે. તો સામે અનાર પટેલે કહ્યું કે, દિનેશભાઈને ખાસ કહીશ કે કોઈ પણ વાતનું દુઃખ રાખવાની જરૂર નથી, મમ્મીના હૃદયમાં કશું પણ નથી, બહુ ઝડપથી તમને મળાવીશ. પાટીદાર નેતા અલ્પેશ કથીરિયાએ બાંભણિયાને સમર્થન આપતાં બંને એક પીચ પર ઉતર્યા. જ્યારે PAAS (પાટીદાર અનામત આંદોલન સમિતિ)ના કન્વીનર ગીતા પટેલે કહ્યું- આંદોલનકારીઓ દોષિત નથી, હું આનંદીબેનની માફી નહીં માગું. રાજ્યમાં મોદીની મુલાકાત બાદ કોળી CMની માગ ઉઠતા પાટીદારો એલર્ટ મોડમાં આવ્યાની રાજકીય ચર્ચા ઉઠવા પામી છે. પાટીદાર આગેવાન દિનેશ બાંભણીયાએ જણાવ્યું હતું કે, હું ૧૦ વર્ષમાં એક જ વખત આનંદીબેનને પાટણના કાર્યક્રમમાં માત્ર થોડો સમય મળ્યો હતો. તે સમયે મેં કહ્યું હતું, બેન તમે મારાથી નારાજ જરૂર હશો ત્યારે તેમને એવું કહ્યું હતું કે, હું તમારાથી નારાજ નથી. આજે અમને ચોક્કસ રંજ છે માટે અમે અનારબેનને કહ્યું છે કે અમારે માફી માંગવી છે તમે અમને સમય લઈ આપો. આનંદીબેન ગુજરાતમાં આવે ત્યારે અથવા યુપી જઈને પણ અમે માફી માગવા તૈયાર છીએ. જો સમય આપશે તો હું, અલ્પેશ અને



વરૂણ સહિત જેટલાં આંદોલનકારીઓ અનુકૂળતા હશે એ બધા માફી માંગવા જશું. વધુમાં બાંભણિયાએ કહ્યું કે, હું ઘણા લાંબા સમયથી એટલે કે ૧૦ વર્ષથી વિચારી રહ્યો હતો અને રોજ એક વાતનો વિચાર આવે કે પાટીદાર આંદોલનથી ઘણું બધું મળ્યું. ૧૦% અનામત, EWS અને યુવાનોને નોકરી મળી પણ અમે એક સારા મુખ્યમંત્રી આનંદીબેન પટેલને ગુમાવ્યા એનો આજે પણ રંજ છે અને દિલથી એટલું બધું દુઃખ થાય છે કે આવા સારા મુખ્યમંત્રીને હટાવવા માટે કે એને દૂર કરવા માટે અમે આંદોલનકારીઓ એક બહાનું બન્યા. સૌ સમજે છે કે શું કારણ હતું, શું કામ આનંદીબેનને હટાવાયા, પણ આજે હું જાહેર મંચ ઉપરથી કહેવા માગુ છું. મને કોઈ વસ્તુની તકલીફ નથી.

'દરેક સમાજ પોતાના સમાજની વાત કરતો હોય છે. રાજકીય અસ્તિત્વ, રાજકીય પ્રતિનિધિત્વ એ અલગ-અલગ રીતે ઘણા બધા લેખાજોખા પછી થતું હોય છે. પણ આજે આ સામાજિક મંચથી સમાજના લોકોને એક સંદેશ આપવા માગુ છું, કારણ કે અમે જે છેલ્લા ૧૦ વર્ષથી કે આગળના વર્ષોમાં જે ભોગવ્યું છે ને હજી પણ આગળ જતાં જે ભોગવવાનું છે. એનો ભોગ સમાજ ન બને એટલા માટે કંઈ પણ પ્રકારની તકેદારી રાખવા માટે હું આ તકેથી વિનંતી કરું છું. પાટીદાર આંદોલનના સભ્યો અને તમામ લોકોએ સમગ્ર ગુજરાતે ખૂબ જ મહેનત કરી અને ઘણી બધી લાઠીચાર્જ સહીને જે કંઈ આપડી ઉપર વિઘ્નો થયા એમાં ૧૦% અનામતની જોગવાઈ થઈ. આજે એના લીધે ઘણા બધા અધિકારીઓ છે.' સમારોહમાં સંબોધન કરતાં અનાર પટેલે કહ્યું કે, જ્યારે આંદોલન ચાલતું હતું, ત્યારે ઘરમાં એ વાતની ચર્ચા ચાલતી હતી કે સમાજને ક્યારે આપણી સેવાની જરૂર પડે તે કહી શકાય નહીં. એ સમયે પોઝિટિવ વાત એ હતી કે, મારા ૩૫ વર્ષના જીવનમાં દરેક સમાજની નિઃસ્વાર્થ ભાવે સેવા કરી છે, પરંતુ જ્યારે આંદોલન થયું ત્યારે એમ થયું કે હવે મારા સમાજને મારી જરૂર છે અને તો કદાચ એ તરફ જવું જોઈએ. બસ આ જ વિચાર મનમાં ચાલી રહ્યો હતો.

પૂર્વ ધારાસભ્ય લલિત વસાવાએ જણાવ્યું હતું કે, બેનને મુખ્યમંત્રી પદેથી હટાવ્યા એનો સમાજના સૌ લોકોને રંજ છે. પાટીદાર સમાજના દીકરા તરીકે મને પણ રંજ છે. આંદોલન એ આનંદીબેન સામે નહોતું, સમાજની માંગણી અને લાગણી સરકાર સમક્ષ હતી. આંદોલન કરવાથી બેનને હટાવાયા એવું કહેવામાં આવે છે, પણ ખરેખર ભાજપના આંતરિક વિખવાદના કારણે બેનને હટાવાયા છે. કોઈ આંદોલનકારીને મનમાં એવું ન હતું કે બેનને મુખ્યમંત્રી પદેથી દૂર કરવા. આ અંગે ધારાસભ્ય હાર્દિક પટેલે કહ્યું કે, આંદોલનના કારણે કોઈએ રાજીનામું આપવું પડ્યું નથી. આંદોલનમાં અનેક યુવાનોના બલિદાન અને સંઘર્ષથી ગુજરાતમાં ભિન અનામત વર્ગના અનેક સમાજોને ૧૦% EWS મળ્યું છે. આંદોલન એ કોઈને હટાવવા માટે કે કોઈને નુકસાન કરવા માટે નહોતું, આંદોલન એ સમાજના હિત માટે હતું, સમાજની આવનારી પેઢી માટે હતું. આજે ૧૦% EWSના કારણે સમાજના યુવાનોને લાભ મળે છે. પાટીદાર અનામત આંદોલન કોઈ એક વ્યક્તિના આયોજનથી નહોતું, એ સમાજનું હતું અને સમાજનું આયોજન બહુ સ્પષ્ટ હોય છે કે સમાજના હિત માટે હોય છે. મનોજ પનારાએ જણાવ્યું કે, આંદોલનમાં અમારી કોઈ માગ ન હતી કે મુખ્યમંત્રી પદેથી બેનને હટાવવામાં આવે. બેનને હટાવવા એ ભાજપનું ઈન્ટર્નલ પોલિટિક્સ હતું. અમિત શાહ અને બેનને બનતું ન હતું એટલે તેમને હટાવાયા છે.

પાટીદાર નેતા અલ્પેશ કથીરિયાએ કહ્યું કે, દિને શભાઈએ અનારબેન પટેલની હાજરીમાં આ વાત રજૂ કરી હતી. આંદોલન અને અન્ય કારણોસર આનંદીબેન પટેલને મુખ્યમંત્રી પદેથી હટાવાયા તેનો સમાજને ત્યારે પણ રંજ હતો અને આજે પણ છે. માત્ર એક વ્યક્તિને આંદોલન માટે જવાબદાર ઠેરવવી યોગ્ય નથી, રાજકીય નિર્ણયો પક્ષ અને સંગઠન દ્વારા લેવાતા હોય છે. આનંદીબેન પટેલની માફી અગાઉ પણ માગી છે. આગામી સમયમાં મુખ્યમંત્રી કોણ બનશે તેનો નિર્ણય ચૂંટણી પરિણામો બાદ પક્ષનું હાઈકમાન્ડ અને સંગઠન નક્કી કરશે.

PAASના કન્વીનર ગીતાબેન પટેલે કહ્યું કે, પાટીદાર સમાજનું આંદોલન કોઈ વ્યક્તિગત મુખ્યમંત્રી સામે નહીં, પરંતુ અનામતની માગ સાથે સરકાર સામે હતું. પાટીદાર સમાજના એક મજબૂત મહિલા મુખ્યમંત્રી ગુમાવ્યાનું દુઃખ ચોક્કસ છે, પરંતુ તેમના પદ છોડવાનું કારણ આંદોલનકારીઓ ન હોવાથી માફી માંગવાનો કોઈ સવાલ જ ઊભો થતો નથી. આનંદીબેન પટેલને ભાજપના અંદરોઅંદરના આંતરિક ડખા-વિખવાદને કારણે પદ ગુમાવવું પડ્યું છે અને આ વાત અનાર પટેલના નિવેદનથી પણ સ્પષ્ટ થાય છે.

પૂર્વ મંત્રી જવાહર ચાવડાએ યુવાનોની વેદનાનો પોસ્ટ કર્યો વીડિયો

યુવાનોને સડેલી સિસ્ટમે આપેલા દુઃખમાં સૌથી મોટું દુઃખ પેપરલીક !!

જો કોઈ નહીં બોલે તો આ ૧૦ વર્ષથી ચાલે છે અને આગામી ૨૦ વર્ષ સુધી ભોગવવાનું આવશે

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૭

પૂર્વ કેબિનેટ મંત્રી અને ભાજપ નેતા જવાહર ચાવડાએ પોતાના સોશિયલ મીડિયા એકાઉન્ટમાં એક વીડિયો પોસ્ટ કરીને યુવાનોની વેદના અને પેપર લીક મુદ્દે ગંભીર આક્ષેપો કર્યા. જવાહર ચાવડાએ કહ્યું કે, આ યુવાનોની સડેલી સિસ્ટમમાં આપણા દુઃખોમાં સૌથી મોટું દુઃખ પેપર લીકનું હતું, જેની પીડા માત્ર તેમની સાથે બેસીને વાત સાંભળવાથી જ સમજી શકાય છે. દિવસ-રાત મહેનત કરવા છતાં યુવાનોના હાથમાં પરિણામ ઝીરો આવે છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ૨૦૧૯થી તલાટી, ટેટ, મુખ્ય સેવિકા, લોકરક્ષક દળ, ક્લાર્ક, હેડ ક્લાર્ક, ડીજીવીસીએલ, સબોર્ડીનેટ ફોરેસ્ટ ગાર્ડ, જુનિયર ક્લાર્ક,



ભાવનગર ડમી કેન્ડિડેટ, ઉર્જા નિગમ અને નીટ યુજી સહિત ૧૮ પરીક્ષા યોજાઈ હતી, જેમાં ૯૧ લાખ ઉમેદવારોએ ભાગ લીધો હતો. આ ૯૧ લાખ ઉમેદવારોના પરિવારોને ગણીએ તો તે અંદાજે અઢી કરોડ ગુજરાતની વસ્તી એટલે કે ગુજરાતની ૩૦થી ૪૦ ટકા વસ્તીની વાત બને છે, એની સાથે મળ્યો તેમની વાતો સાંભળી. જવાહર ચાવડાએ કહ્યું કે, યુવાનોએ પોતાની પરીક્ષા માટે અથાક મહેનત કરી અને અનેક સ્વપ્નાઓ જોયા હતા, જેમ કે ગામડેથી શહેરમાં રહેવા જવાનું, એક શહેરમાંથી બીજા મોટા શહેરમાં ટ્રાન્સફર થવાનું, માં-બાપને નવી જિંદગી આપવાનું, ભાડાના મકાનમાંથી પોતાનું મકાન ખરીદવાનું, ભવિષ્ય સુરક્ષિત કરવાનું અને લગ્ન કરવાના સ્વપ્ન જોયા હતા. પરંતુ સિસ્ટમમાં રહેલા અમુક લોકોએ પોતાના આર્થિક ફાયદા અને સગાવાદને કારણે આ તમામ યુવાનોની મહેનત અને સ્વપ્નો પર પાણી ફેરવી દીધું. યુવાનોમાં માત્ર દુઃખ જ નહીં પરંતુ સૌથી મોટો ગુસ્સો એ વાતનો છે કે તેમની જિંદગી બરબાદ કરનાર એ લોકો અત્યારે શું કરી રહ્યા છે ? તેમની સામે એફઆઈઆર થઈ કે નહીં, તેઓ જેલમાં ગયા કે પાછા નોકરીમાં લાગી ગયા તેની કોઈ માહિતી યુવાનોને હોતી નથી. સરકાર પાસે માહિતી મેળવવા માટે પણ લેખિત અરજી કરવી પડે છે અને જેણે જિંદગી બરબાદ કરી છે તે મજા કરે છે જ્યારે ભોગવનાર અંધકારમાં જીવે છે.' જવાહર ચાવડાએ જણાવ્યું હતું કે, આ યુવાનો પાસે જઈને તેમની ઈચ્છાઓ અને નુકસાની જાણવી જરૂરી છે. છેલ્લા ૧૦ વર્ષથી આ સિસ્ટમ ચાલી રહી છે અને જો હજી કોઈ નહીં બોલે તો આગામી ૨૦ વર્ષ સુધી યુવાનોએ આ ભોગવવું પડશે, તેથી આ અન્યાય સામે અવાજ ઉઠાવવો અનિવાર્ય છે. અત્રે ઉલ્લે ખનીય છે કે અનેકવાર પેપરલીક મામલે હોબાળો થયો છે અને કેટલીક પરીક્ષાઓ પછી રદ થઈ હતી.

ગાંધીનગરના દહેગામ વિસ્તારમાં આડા સંબંધોનો ભોગ બની માસૂમ બાળકી !

ક્રૂર જનેતાએ દીકરી જન્મતાં જ ગળું દબાવી ઝાડી-ઝાંખરામાં નાંખી દીધી : પાપ છૂપાવવા કારસો

ખેતીકામ કરતા શખ્સને બાળકી મળી આવતાં સારવાર અર્થે ખસેડાઈ પરંતુ થયું મોત !

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૭

ગાંધીનગર દહેગામના અંગુથલા ગામની સીમમાંથી ચાર (૧૪ નવેમ્બર) દિવસ અગાઉ નિષ્ઠુર જનેતાએ પોતાનું પાપ છૂપાવવા જન્મેલી એક માસૂમ નવજાત બાળકીને તરછોડી દીધી હતી. જે બાળકીનું ટૂંકી સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું. આ મામલે દહેગામ પોલીસે ગુનો નોંધી તપાસ કરતાં પરણિત જનેતાએ જ પોતાના પ્રેમી સાથે મળીને અવૈધ સંબંધોથી જન્મેલી બાળકીનું ગળું દબાવીને હત્યા કર્યાનો ઘટસ્ફોટ થયો છે. જેના પગલે પોલીસે પ્રેમી યુગલની ધરપકડ કરી કાર્યવાહી હાથ ધરી છે.

આરોપી ૨૧ વર્ષીય કલ્પા અને ૩૨ વર્ષીય પ્રેમી કાળાજી સોલંકી પરણિત છે. યુવતીને પતિ સાથે ન બનતાં તેના માતા-પિતા સાથે રહેતી હતી, જ્યારે કાળાજી પણ પોતાની પત્નીથી અલગ રહેતો હતો. ચાર વર્ષ પહેલાં બંને વચ્ચે પ્રેમસંબંધ બંધાયો હતો. અગાઉ બે વખત યુવતીને ગર્ભ રહી ગયો હતો, જેનો બંનેએ સાથે મળીને નિકાલ પણ કર્યો હતો. જ્યારે ત્રીજી વખત ખ્યાલ ના આવતાં આખરે નવજાત બાળકીને જન્મ આપીને ગળું દબાવીને ફેંકી દીધી હતી.

ગત ૧૪ નવેમ્બરે સવારે સાડા આઠેક વાગ્યે અંગુથલા ગામના રામાજીના મુવાડા ખાતે રહેતા અને ખેતીકામ કરતા શશાંક હિમ્મતસિંહ સોલંકી પોતાના ઘર પાછળના ગોચરમાં કુદરતી હાજતે ગયા હતા. તે દરમિયાન ત્યાં ઝાડી-ઝાંખરામાંથી કોઈ બાળકના રડવાનો અવાજ સતત સંભળાતા તેઓ તે દિશામાં તપાસ માટે આગળ વધ્યા હતા. ત્યાં જઈને જોતા એક ખાડાની અંદર નવજાત શિશુ ત્યજી દીધેલી હાલતમાં પડેલું હતું, આ નવજાત બાળકી હોવાનું જણાઈ આવ્યું હતું. તે બાદ સ્થાનિક ખેડૂત શશાંકે તુરંત જ ગામના સરપંચ જીતેન્દ્રસિંહ ઝાલાને ફોન કરીને જાણ કરતા તેઓ પણ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. બાળકીની નાજુક સ્થિતિને ધ્યાને રાખી સરપંચ જીતેન્દ્રસિંહ દ્વારા ૧૦૮ મારફતે નવજાત બાળકીને તાત્કાલિક હોસ્પિટલ ખસેડવામાં આવી હતી. ત્યારબાદ આસપાસના વિસ્તારમાં અને ગામમાં આ નવજાત બાળકીને મૂકી જનાર અજાણી વ્યક્તિ વિશે તપાસ કરી હતી, પરંતુ કોઈપણ શંકાસ્પદ વ્યક્તિ મળી આવી ન હતી. પ્રાથમિક સારવાર બાદ આ બાળકીને વધુ સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલના NICU વિભાગમાં દાખલ કરાઈ હતી, જ્યાં સાંજે સાતેક વાગે માસૂમનું મોત થયું હતું. આ મામલે દહેગામ પોલીસ મથકના ઈન્ચાર્જ પીઆઈ ગોયલે મામલાની ગંભીરતા જોઈ મૃત બાળકીનું પેનલ ડોક્ટરો થકી પોસ્ટ મોર્ટમ કરાવતા બાળકીનું ગળું દબાવવાથી મોત થયાનો ખુલાસો થયો હતો. જેના પગલે પોલીસે હત્યાનો પણ ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી. આ દરમિયાન બાતમી મળી કે, અંગુથલા ગામના પેટા પરા રામજીના મુવાડા ગામે રહેતા ખોડસિંહ સોલંકીની ૨૧ વર્ષીય પરણિત દીકરી કલ્પાએ ગામમાં રહેતા ૩૨ વર્ષના પરણિત પ્રેમી કાળાજી સોલંકી સાથે મળીને આ કાળજું કંપાવી દેતા કાંડને અંજામ આપ્યો છે. જે હકીકત આધારે પ્રેમી યુગલની ઉઠાવી લઈ કડકાઈથી પૂછતાછ કરતાં બંનેએ સિલસિલાબંધ હકીકત વર્ણવતા પોલીસ પણ હચમચી ગઈ હતી.

હત્યાકાંડ મામલે વિશ્વસનીય પોલીસ સૂત્રોએ ઉમેર્યું કે, પાંચેક વર્ષ અગાઉ યુવતીના લગ્ન થયા હતા. જેને ચાર વર્ષ અગાઉ ગામમાં રહેતા કાળાજી સાથે પ્રેમ સંબંધ બંધાયો હતો. આ દરમિયાન પતિ સાથે મનમેળ નહીં આવતા યુવતી દોઢેક વર્ષથી રિસામણે પિયર આવી ગઈ હતી. બીજી બાજુ કાળાજીની પત્ની પણ રિસાઈને પિયર જતી રહી હતી. જેનો લાભ ઉઠાવીને પ્રેમી પંખીડાએ પ્રણયનાં ફાગ ખેલે રાખ્યા હતા. જેના પરિણામે બે વખત યુવતીને ગર્ભ રહી ગયો હતો. જેનો નિકાલ પણ કર્યો હતો. જે પછી ત્રીજી વખત પણ ગર્ભ રહી ગયો હતો. જોકે યુવતીને ખ્યાલ આવ્યો ત્યાં સુધી બહુ મોડું થઈ ગયું હતું. આ ગર્ભનો નિકાલ કરવા પ્રેમીએ પ્રેમિકાને ગોળીઓ પણ ગળાવી હતી. પરંતુ આ વખતે ગર્ભનો નિકાલ થઈ શક્યો ન હતો. આ તરફ દીકરીના પેટમાં ગર્ભ ઉછરી રહ્યો હોવા છતાં શંકાસ્પદ રીતે પરિજનો પણ અજાણ રહ્યા હતા. બાદમાં પ્રસૂતિનો સમય નજીક આવતા પ્રેમી પંખીડાએ અગાઉથી નક્કી કરી રાખ્યું હતું. ગત ૧૪ નવેમ્બરની મધરાતે પ્રસૂતિ પીડા ઉપડતા કલ્પા કુદરતી હાજતે જવાનું કહીને ઘરેથી નીકળી ગઈ અને ગામની સીમના ગોચરમાં જઈને બાળકીને જન્મ આપ્યો હતો. એ સમયે પ્રેમી પણ હાજર હતો. રાત્રિની નીરવ શાંતિમાં નવજાત બાળકી નવી દુનિયામાં આવતા જ રડવા માંડી હતી. એટલે પોતાનું પાપ છાપરે ચડીને પોકારશે અને સમાજમાં બદનામી થવાના ડરે નિષ્ઠુર જનેતાએ ઠંડા કલેજે પોતાની જ દીકરીનું ગળું દબાવીને શાંત કરી દીધી હતી. બાદમાં બંને ભેગા મળીને ગર્ભ નાળથી બાળકીને દૂર કરી અને દીકરી મરી ગઈ હોવાનું માનીને ત્યાં જ ખાડામાં ત્યજી દઈ ઘરે જતા રહ્યા હતા. જોકે ન્યાય ઝંખતી હોય એમ બાળકી ખેડૂત શશાંકને જીવિત હાલતમાં મળી આવી હતી. જેનું ગળું દબાવવાથી શ્વાસ લેવામાં તકલીફ પડતી હોવાથી મોડી સાંજે મોત નિપજ્યું હતું. આ મામલે પોલીસે પ્રેમી પંખીડાની ધરપકડ કરી રિમાન્ડ માટેની તજવીજ હાથ ધરી છે.

"કોળી સમાજના મુખ્યમંત્રી હોવા જોઈએ"ના નિવેદનને લઈ ઘેરા પ્રત્યાઘાતોનો દોર શરૂ

ભાજપના નેતાના નિવેદન સામે મેદાનમાં ઊતરેલા બે પાટીદાર અગ્રણીઓને જાતિવાદી કીડા ગણાવ્યા !

જ્ઞાતિવાદના કીડાઓ હવે સુધરે, કોળી સમાજના મુખ્યમંત્રીની વાતથી પેટમાં બળતરા થઈ : કોળી આગેવાન

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૭

દ્વારકાના ધારાસભ્ય પબુભા માણેકે કોળી સમાજની વાડી ખાતે યોજાયેલા માતાજીના માંડવાના ધાર્મિક પ્રસંગમાં આપેલું મોટું નિવેદન હવે રાજકીય અખાડો બન્યું છે. રાજુલાના ધારાસભ્ય હીરાભાઈ સોલંકીની ઉપસ્થિતિમાં આપેલા આ નિવેદનમાં તેમણે જણાવ્યું હતું કે, ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી પણ કોળી સમાજના હોવા જોઈએ. પબુભા માણેકનો એક વીડિયો સામે આવ્યો છે. તેમાં તેઓ ધારાસભ્ય હીરા સોલંકીને કહી રહ્યાં છે કે, ગુજરાતમાં તમારો સમાજ સૌથી મોટો છે અને બીજા નંબરનો છે.જેથી મુખ્યમંત્રી પણ તમારા થવા જોઈએ.તેમના આ નિવેદન બાદ પાટીદાર સમાજના બે નેતાઓ મેદાનમાં ઉતર્યા હતાં. કોળી સમાજના આગેવાન પિન્ટુ કોળીએ એક વીડિયો મારફતે કહ્યું હતું કે, પટેલ સમાજને રાજગાદી ભોગવવી છે અને કોળી ઠાકોર સમાજને શું ખાલી દાળીયું કરવા રાખ્યો છે ? હું આખા પાટીદાર સમાજને નથી કહેતો પણ વરૂણ પટેલ અને દિનેશ બાંભણિયાને કહેવા માંગું છું. કોળી સમાજના પ્રસંગમાં પબુભા માણેકે વાત કરી કે કોળી સમાજનો મુખ્યમંત્રી હોવો જોઈએ. ત્યારે એવી બળતરા થઈ કે અમારે કોળી સમાજનો મુખ્યમંત્રી બનશે તો સાહેબ કહેવું પડશે. તમારે શું કોળી સમાજનો વોટબેંક માટે જ ઉપયોગ કરવો છે ?. ગુજરાતમાં કોળી ઠાકોર સમાજ દોઢ કરોડ કરતાં વધુ વોટ બેંક ધરાવે છે. તે છતાંય જો ખાલી મુખ્યમંત્રીની વાત કરી ત્યારે તમારા પેટમાં બળતરા થઈ પણ તમારા પાટીદાર સમાજના મુખ્યમંત્રી તો કેટલા સમયથી છે. જ્ઞાતિવાદના કીડાઓ હવે તમારે સુધરવું જોઈએ. આ તો સંવિધાન રચનારા બાબા સાહેબ આંબેડકરે બધાને સમાનતાનો અધિકાર આપેલો છે. એમ જણાવતા પિન્ટુ કોળીએ વધુમાં કહ્યું હતું કે, મુખ્યમંત્રી તમારા જ બનાવવાના અને અમારો નંબર આવે જ નહીં. પટેલ સમાજનો વિકાસ કરવો હોય તો તમને હજાર હજાર કરોડના ફંડ ફાળવવામાં આવે અને કોળી સમાજનો આવે એટલે તમે બારણું બંધ કરી દો આવું શા માટે ? દેશની આઝાદી બાદ ગુજરાતમાં કેટલા મુખ્યમંત્રી કોળી સમાજના બન્યા ? એક માધવસિંહ સોલંકીને પણ ખુરશી ભોગવવા નથી દીધી તમે લોકોએ. કોળી સમાજ હવે ભોળો નથી. હવે અધિકાર નહીં મળે તો છાતી પર પગ મૂકવાની ત્રેવડ પણ અમારો સમાજ ધરાવે છે. બીજા કોઈના પેટમાં બળતરા ના થઈ અને વરૂણ પટેલ અને દિનેશ બાંભણિયાના પેટમાં જ કેમ બળતરા થઈ ? તેવો પ્રશ્ન તેમણે કર્યો હતો.

ગુજરાત હાઈકોર્ટનો મહત્ત્વનો ચુકાદો

બી.ડી.એસ. પ્રવેશ રદ કરવા અને ખાલી બેઠકો સ્પેશિયલ સ્ટ્રે વેકેન્સી રાઉન્ડમાં ભરવા અંગે બે મોટી અરજીઓમાં નિર્દેશ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૭

ગુજરાત હાઈકોર્ટે તબીબી અને ડેન્ટલ અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવ્યા બાદ અભ્યાસ છોડવા માંગતા વિદ્યાર્થીઓ અને કોલેજોના હિતમાં એક મહત્વપૂર્ણ ચુકાદો આપ્યો છે. ન્યાયમૂર્તિ પી.એમ. રાવલની કોર્ટે મહાદેવિયા ચેરિટેબલ ટ્રસ્ટ અને કોલેજ ઓફ ડેન્ટલ સાયન્સ એન્ડ હોસ્પિટલ દ્વારા દાખલ કરવામાં આવેલી અલગ-અલગ અરજીઓની સુનાવણી કરતા પ્રવેશ સમિતિને મહત્વના આદેશો આપ્યા છે. આ કેસોમાં વિદ્યાર્થીઓ દ્વારા બી.ડી.એસ. (BDS) કોર્સમાં પ્રવેશ મેળવ્યા બાદ પ્રવેશ રદ કરાવવા માટે રજૂઆતો કરવામાં આવી હતી, પરંતુ પ્રવેશ સમિતિ દ્વારા ડેટા સુધારણાની મર્યાદાઓ આગળ ધરીને કાર્યવાહી સામે વાંધો ઉઠાવવામાં આવ્યો હતો.

કોર્ટે બંને પક્ષોની વિસ્તૃત દલીલો સાંભળ્યા બાદ અવલોકન કર્યું હતું કે જો કોઈ વિદ્યાર્થી સ્વેચ્છાએ પ્રવેશ છોડવા માંગતો હોય અને કોલેજમાં જોડાવા ન માગતો હોય, તો તેને બળજબરીથી ચાલુ રાખવાની ફરજ પાડવાથી વિદ્યાર્થીને આખા અભ્યાસક્રમની ફી ભરવાની આર્થિક જવાબદારી ઊભી થાય છે અને સાથે જ પ્રવેશ પુષ્ટિ વખતે ભરેલી ફી અને તેમના મૂળ દસ્તાવેજો પરત કરવામાં આવે. પ્રવેશ રદ થવાથી ખાલી પડેલી બેઠકોને ચાલુ સ્પેશિયલ સ્ટ્રે વેકેન્સી રાઉન્ડમાં સામેલ કરીને મેરિટના આધારે અન્ય પાત્ર વિદ્યાર્થીઓને ફાળવવામાં આવે. વધુમાં, હાઈકોર્ટે પ્રવેશ સમિતિને છૂટ આપી છે કે તે આ આદેશને આધારે કેન્દ્રીય સત્તામંડળ સાથે પરામર્શ કરીને વિદ્યાર્થીઓની યાદીમાં જરૂરી સુધારા કરી શકે છે.

ધોળા દિવસે ધડાધડ ફાયરિંગથી થરથરી ઊઠ્યું પાટણ

બાઈક પર આવેલા બે બુકાનીધારી શખ્સો ૬ રાઉન્ડ ગોળીબાર કરી ફરાર

(સંવાદદાતા દ્વારા)

પાટણ, તા.૧૭

પાટણ શહેરમાં કાયદો અને વ્યવસ્થાને પડકારતી ફાયરિંગની સનસનાટીભરી ઘટના સામે આવી છે. શહેરના રોટલીયા હનુમાન મંદિર પાસે આવેલા શ્રેય મોલ નજીક બુકાનીધારી શખ્સોએ વહેલી સવારે પાંચથી છ રાઉન્ડ ફાયરિંગ કરી ચકચાર મચાવી દીધી હતી. ખુલ્લેઆમ ગોળીબાર કર્યા બાદ હુમલાખોરો સ્થળ પરથી ફરાર થઈ જતાં આસપાસના વિસ્તારમાં ભયનો માહોલ ફેલાયો છે. ઘટનાની જાણ થતાં જ પાટણ એસપી સહિત એલસીબી, એસઓજી અને બી-ડિવિઝન પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો. દલપતસિંહ પરમારની ફરિયાદને આધારે પોલીસે ગુનો નોંધી આરોપીઓને ઝડપી પાડવાના ચક્રો ગતિમાન કર્યા છે.

પાટણ શહેરના રોટલીયા હનુમાન મંદિર પાસે આવેલા શ્રેય મોલ નજીક વહેલી સવારે



આરોપીઓને ઝડપી પાડવા ચક્રો ગતિમાન

બુકાનીધારી શખ્સોએ અચાનક ફાયરિંગ કરતાં સમગ્ર વિસ્તારમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. અજાણ્યા હુમલાખોરોએ પાંચથી છ રાઉન્ડ ગોળીબાર કરી ઘટનાસ્થળેથી નાસી છૂટ્યા હતા. જાહેરમાં થયેલા આ ફાયરિંગના પગલે સ્થાનિક રહીશો અને વેપારીઓમાં ફફડાટ ફેલાયો છે. ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને પાટણ એસપી સહિત એલસીબી, એસઓજી અને બી-ડિવિઝન પોલીસનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી આસપાસના સીસીટીવી કેમેરાના ફૂટેજ ચકાસવાની સાથે ઘટનાસ્થળેથી પુરાવા એકત્ર કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. આ અંગે વામૈયાના રહેવાસી દલપતસિંહ પરમારે બી ડિવિઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી કે, તેઓ આજે સવારે નિત્યક્રમ મુજબ રોટલીયા હનુમાન મંદિર રોડ પર આયુષ ટાઉનશીપ પાસે શ્રી મોલ ઉપર પોતાના ફિટનેસ પોઈન્ટમાં જઈ રહ્યા હતા તે દરમિયાન એક બાઈક ઉપર આવેલા બે અજાણ્યા બુકાનીધારી ઈસમોએ પહેલા ત્રણ રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું અને ત્યારબાદ બીજા ત્રણ રાઉન્ડ મળી કુલ છ રાઉન્ડ ફાયરિંગ કરી ફરાર થઈ ગયા હતા આ ઘટનાને પગલે પોલીસને જાણ કરતા પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી. ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને પાટણ એસપી સહિત એલસીબી, એસઓજી અને બી-ડિવિઝન પોલીસનો કાફલો તાત્કાલિક દોડી આવી છે. સ્થળ પરથી છ ખાલી કાર્ટિજ મળી આવ્યા છે. કયા વેપન દ્વારા ફાયરિંગ કરવામાં આવ્યું છે, કોના દ્વારા કરવામાં આવ્યું છે, ખરેખર શું ઈરાદાથી ફાયરિંગ કરવામાં આવ્યું છે, તે દિશામાં પોલીસે તપાસ હાથ ધરી છે. આરોપીઓને ઝડપી પાડવા માટે પોલીસે અલગ-અલગ ટીમો બનાવી જિલ્લામાં નાકાબંધી કરી તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે સાથે જ સોશિયલ મીડિયા ઉપર ફેલાતી અફવાઓથી દૂર રહેવા માટે પણ ખાસ અપીલ કરવામાં આવી છે અને જો કોઈપણ ઈસમો દ્વારા આ ફાયરિંગની ઘટના સંદર્ભે સોશિયલ મીડિયામાં ખોટી અફવાઓ ફેલાવનારાઓ સામે પણ પોલીસ દ્વારા કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. શહેરના ભરચક વિસ્તારમાં ધોળા દિવસે થયેલા ફાયરિંગથી પાટણની કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સામે સવાલો ઊભા થયા છે. ત્યારે પોલીસ તપાસમાં આ ફાયરિંગ પાછળનું રહસ્ય ક્યારે બહાર આવે છે તે જોવું રહ્યું.

શિક્ષણ બોર્ડની સામાન્ય સભામાં કારોબારી સહિત પાંચ સમિતિઓની રચના

કારોબારી ઉપરાંત, પરીક્ષા, અભ્યાસ, નાણા અને શૈક્ષણિક સમિતિમાં પણ સભ્યો મૂકાયા

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૭

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા મંગળવારના રોજ સામાન્ય સભાની બેઠક યોજવામાં આવી હતી. બો